
# ભક્તિ ભાવના

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ તેમ જ
ધર્માત્માઓની ભક્તિનું સંકલન



: પ્રસ્તુતકર્તા :

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દિગંબર જૈન
દિવાળી યાત્રા ગ્રુપ

# અનુક્રમણિકા


| ક્રમાંક | ભક્તિ | પાનું |
|---|---|---|
| | મંગલાચરણ | |
| ૧ | મંગલ વંદન.... | ૧ |
| | દેવ ભક્તિ | |
| ૨ | શ્રી ઋષભનાથ / આદિનાથ.... | ૨ |
| ૩ | શ્રી અજિતનાથ.... | ૩ |
| ૪ | શ્રી સંભવનાથ.... | ૪ |
| ૫ | શ્રી અભિનંદનનાથ... | ૫ |
| ૬ | શ્રી સુમતિનાથ.... | ૬ |
| ૭ | શ્રી પદ્મપ્રભુ ભગવાન.... | ૭ |
| ૮ | શ્રી સુપાર્શ્વનાથ.... | ૮ |
| ૯ | શ્રી ચંદ્રપ્રભુ ભગવાન.... | ૯ |
| ૧૦ | શ્રી સુવિધિનાથ / પુષ્પદંત ભગવાન.... | ૧૦ |
| ૧૧ | શ્રી શીતલનાથ.... | ૧૧ |
| ૧૨ | શ્રી શ્રેયાંસનાથ.... | ૧૨ |
| ૧૩ | શ્રી વાસુપૂજ્ય ભગવાન.... | ૧૩ |
| ૧૪ | શ્રી વિમલનાથ.... | ૧૪ |
| ૧૫ | શ્રી અનંતનાથ.... | ૧૫ |
| ૧૬ | શ્રી ધર્મનાથ.... | ૧૬ |
| ૧૭ | શ્રી શાંતિનાથ.... | ૧૭ |
| ૧૮ | શ્રી કુંથુનાથ.... | ૧૮ |
| ૧૯ | શ્રી અરનાથ.... | ૧૯ |
| ૨૦ | શ્રી મલ્લિનાથ.... | ૨૦ |
| ૨૧ | શ્રી મુનિસુવ્રતનાથ.... | ૨૧ |
| ૨૨ | શ્રી નમિનાથ.... | ૨૨ |
| ૨૩ | શ્રી નેમિનાથ.... | ૨૩ |
| ૨૪ | શ્રી પાર્શ્વનાથ.... | ૨૪ |
| ૨૫ | શ્રી મહાવીર ભગવાન.... | ૨૫ |
| ૨૬ | ચોવીસ જિન ભક્તિ.... | ૨૬ |
| ૨૭ | શાસનનાયક વીરપ્રભુ.... (જ્ઞાનના દીવડાને, પ્રભુ વીરે....) | ૨૮ |
| ૨૮ | અદ્‌ભુત સીમંધરનાથ !..... (અહોહો ! આનંદ ઊછળે અપાર....) | ૨૯ |
| ૨૯ | ભેટ્યા વિદેહીનાથ.... (ભાવભીના ભક્તો સહુ આવો....) | ૩૦ |
| ૩૦ | સીમંધર દર્શન.... (યહ હૈ પાવન પ્રતિમા....) | ૩૧ |
| ૩૧ | વ્હાલા વિદેહીનાથ વંદન.... (વંદીએ વિદેહના ભગવાન....) | ૩૨ |

| ક્રમાંક | ભક્તિ | પાનું |
|---|---|---|
| ૩૨ | ધન્ય વિદેહીનાથ.... (વિદેહવાસી શ્રી સીમંધર નાથજી....) | ૩૩ |
| ૩૩ | શાસનનાયક વીરપ્રભુ.... (જ્ઞાનના દીવડાને, પ્રભુ વીરે....) | ૩૪ |
| ૩૪ | અદ્‌ભુત સીમંધરનાથ !..... (અહોહો ! આનંદ ઊછળે અપાર....) | ૩૫ |
| | પંચ પરમેષ્ઠી ભક્તિ | |
| ૩૫ | પંચ પરમેષ્ઠી વંદન.... (મંગલમય શ્રી પંચ પરમેષ્ઠી....) | ૩૬ |
| ૩૬ | મંગલમય પંચ પરમેષ્ઠી.... (સકલ મંગલ મહીં મંગલ....) | ૩૭ |
| | શાસ્ત્ર ભક્તિ | |
| ૩૭ | નિત્યબોધિની જિનવાણી માતા.... (માતા ! વંદન કરું આજ....) | ૩૮ |
| ૩૮ | સમયસાર ભક્તિ.... (ધન્ય વાણી સમયસાર....) | ૩૯ |
| | ગુરુ ભક્તિ | |
| ૩૯ | ભાવલિંગી સંત ધન્ય છે.... (ધન્ય છે ધન્ય છે ધન્ય છે રે....) | ૪૧ |
| ૪૦ | આદર્શ સાધક.... (શ્રી બાહુબલી ભક્તિ....) | ૪૨ |
| ૪૧ | અડગ બાહુબલી... (બાહુબલી છે આનંદકારી....) | ૪૩ |
| ૪૨ | બાહુબલી અંતરંગ દર્શન.... (શાંતસરોવરની પાળે બાહુબલી....) | ૪૪ |
| ૪૩ | શ્રી કુંદકુંદાચાર્યદેવ સંગ સંવાદ.... (કહો કુંદકુંદદેવ, કિયો તમારો, દેશ રે....) | ૪૫ |
| ૪૪ | શ્રી કુંદકુંદદેવ દર્શન.... (દેખે કુંદકુંદ આચાર્ય વનમેં....) | ૪૭ |
| ૪૫ | સિદ્ધપદ સાધક... (મૈં પૂજતી હૂં જિનકો....) | ૪૮ |
| ૪૬ | ભરતના ભગવાન.... (આજ દીઠાં કુંદકુંદદેવને રે....) | ૪૯ |
| ૪૭ | એક વાર્તા.... (વારતા સુણો આજ મીઠી કે....) | ૫૦ |
| ૪૮ | ભરતના સમર્થ આચાર્ય.... (કુંદકુંદ તેરી કૃપાસે....) | ૫૧ |
| ૪૯ | ધન્ય મુનિરાજ.... (ધન ધન જૈની સાધુ અબાધિત....) | ૫૨ |
| | મંગલ તીર્થ ભક્તિ | |
| ૫૦ | નિર્વાણભૂમિ.... (નિર્વાણભૂમિ અષ્ટાપદ...) | ૫૩ |
| ૫૧ | સમ્મેદશિખર વંદના.... (ભક્તો આવ્યા શાશ્વતધામમાં....) | ૫૫ |
| ૫૨ | શાશ્વત નિર્વાણક્ષેત્ર.... (નિર્વાણક્ષેત્ર છે આ....) | ૫૯ |
| ૫૩ | સમ્મેદશિખરકી જય.... (જય બોલો જય બોલો....) | ૬૩ |
| ૫૪ | શાશ્વતધામ.... (ધન્ય દિન આજે ઊગ્યો રે....) | ૬૬ |
| ૫૫ | આનંદ શાશ્વતધામમાં.... (તુમસે લગની લાગી જિનવર....) | ૬૭ |
| ૫૬ | જિનધામ યાત્રા.... (ચાલો ચાલો, સહુ ગુરુવર કૃપાએ....) | ૬૮ |
| ૫૭ | પવિત્રધામ.... (અહો ! આજ શાશ્વત તીર્થાધિરાજને રે....) | ૬૯ |
| ૫૮ | આનંદ મંગલ.... (આનંદ મંગલ આજ હમારે....) | ૭૦ |
| ૫૯ | ભક્તયાત્રા... ગજપંથા... (ભક્તો આવો, ગજપંથા ધામમાં રે....) | ૭૧ |
| ૬૦ | સાધનાભૂમિ પોન્નુર.... (પોન્નુર હૈ પાવન ભૂમિ....) | ૭૨ |
| ૬૧ | સુવર્ણપુરી... સાધનાભૂમિ.... (યહ હૈ સાધનાભૂમિ....) | ૭૩ |

| ક્રમાંક | ભક્તિ | પાનું |
|---|---|---|
| | કહાનગુરુ ભક્તિ | |
| ૬૨ | ગુરુવંદન.... (પ્રભાત ઊગ્યો મંગળ આજે....) | ૭૫ |
| ૬૩ | ભક્તને 'ભગવાન' કહેનાર.... (જન્મે શ્રી કહાન હિતકારી...) | ૭૬ |
| ૬૪ | સ્વાગત... સ્વરૂપસાધક સંત... (આવો આવો હે કહાન ગુરુવર !....) | ૭૮ |
| ૬૫ | કહાનગુરુ.... આત્મ-આધાર.... (હે ઉજમબાના જાયા !....) | ૭૯ |
| ૬૬ | ભારતવર્ષની ભવ્ય વિભૂતિ... | ૮૦ |
| ૬૭ | આવો પધારો ગુરુવર કહાન.... (આવ્યા આવ્યા શ્રી ગુરુવર કહાન...) | ૮૧ |
| ૬૮ | હીરો હિન્દુસ્તાનનો.... (આ ભાનુ ભારતદેશનો....) | ૮૨ |
| ૬૯ | ભક્તો આવો.... | ૮૩ |
| ૭૦ | પાવન પગલા.... (રત્ને વધાવું ગુરુદેવને રે લાલ....) | ૮૪ |
| ૭૧ | જિનશાસન પ્રભાવક.... (જિનમાર્ગકે સત્ પ્રભાવક....) | ૮૫ |
| ૭૨ | અમૃત વાણીની વર્ષા.... (આજે સોનેરી મહા મંગળ દિન ઊગ્યો રે....) | ૮૬ |
| ૭૩ | તારણહાર ઉપકારી ભેટ્યા... (મને સત્ય સ્વરૂપ સમજાવ્યું....) | ૮૮ |
| ૭૪ | જ્ઞાનપુંજ ગુરુ કહાન... (યહ ધરા પર આત્મરવિકા...) | ૮૯ |
| ૭૫ | ગુરુવર કહાન ઉપકાર.... (વીતરાગી સિદ્ધાંત ગુરુ કહાને....) | ૯૦ |
| ૭૬ | જિનશાસન શણગાર... | ૯૧ |
| ૭૭ | અણમોલા ગુરુ કહાન... (ગુરુ અમારા અણમોલા છે....) | ૯૨ |
| ૭૮ | કહાન ઉપકાર.... (ભારતના ભવિજનને ગુરુ કહાને....) | ૯૩ |
| ૭૯ | ઘણી ખમ્મા.... (ઘણી ખમ્મા સદ્ગુરુ મારા કહાનને રે....) | ૯૪ |
| ૮૦ | મારી અણમોલ ઘડી.... (આવી મારા જીવનની....) | ૯૫ |
| ૮૧ | કહાન ગુરુ, મહાન ગુરુ.... (ગુરુવર કહાન મહાન....) | ૯૬ |
| ૮૨ | સેવક વિનંતી.... (કરુણાસાગર કહાનગુરુજી....) | ૯૭ |
| ૮૩ | ઉપકારી ગુરુવર કહાન.... (ગુરુજી ! બહુ તારા ઉપકાર....) | ૯૮ |
| ૮૪ | સ્વરુપસાધક સંતનો ભેટો.... (એક સત્ પુરુષ આવી મળ્યા....) | ૯૯ |
| ૮૫ | પુનઃ પધારજો.... (આવજો આવજો આવજો ગુરુજી....) | ૧૦૦ |
| ૮૬ | ગુરુવર ! આપ વિના.... (ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ?....) | ૧૦૧ |
| ૮૭ | કહાનની વાણી, અમર વાણી.... (ગુરુવાણી વિના મળે નહિ મુક્તિ કિનારો....) | ૧૦૨ |
| ૮૮ | મૈ હૂં સ્વયં ભગવાન.... (મૈં હૂં સ્વયં ભગવાન બતાયા કહાનગુરુ....) | ૧૦૩ |
| ૮૯ | ગુરુજીની વાણી છૂટી રે.... (ગુરુજીની વાણી છૂટી રે....) | ૧૦૪ |
| ૯૦ | ગુરુવાણી.... (ચૈતન્યમધુરમ્, જ્ઞાનમધુરમ્...) | ૧૦૫ |
| ૯૧ | ગુરુવર ઓળખાણ.... (ગુરુ મારો જ્ઞાન વૈરાગ્યે....) | ૧૦૬ |
| | બહેનશ્રી ભક્તિ | |
| ૯૨ | દર્શન દેવા પધારજો.... | ૧૦૭ |
| ૯૩ | મોક્ષસાધિની માતા.... (માતા ! દર્શન તારા રે....) | ૧૦૮ |

| ક્રમાંક | ભક્તિ | પાનું |
|---|---|---|
| ૯૪ | ધર્મમાતા.... (ભગવતી માત મહાન, અહીં બિરાજે રે....) | ૧૦૯ |
| | અધ્યાત્મ ભક્તિ | |
| ૯૫ | ધર્માત્મા ભક્તને પૂછે છે....(ક્યારે કહો ! પાર ઊતરશો.......) | ૧૧૦ |
| ૯૬ | ઉપકારી જ્ઞાનીનું સંબોધન.... (ચેતન ! જ્ઞાનામૃત પીજે....) | ૧૧૧ |
| ૯૭ | જ્ઞાનીની શિખામણ.... (શોધ મા શોધ મા શોધ મા રે....) | ૧૧૨ |
| ૯૮ | આત્મપુરુષાર્થ.... (સદ્દભાગ્ય ખીલ્યા જ્યારે....) | ૧૧૩ |
| ૯૯ | સદ્‌ગુરુ આદેશ.... (છે આનંદ આતમ જ્ઞાનમાં....) | ૧૧૪ |
| ૧૦૦ | ગમતો આત્મા.... (ચાલને ભાઈ એકવાર....) | ૧૧૫ |
| ૧૦૧ | અનુભવદશા.... (આત્મગુણ ગાવો હર્ષાવો....) | ૧૧૬ |
| ૧૦૨ | મારી ઊછળતી શક્તિઓ.... (મારી જીવત્વ પરિણતિ....) | ૧૧૭ |
| ૧૦૩ | મીઠી ભલામણ.... (પ્રભાત થયો, અંધકાર ગયો....) | ૧૨૦ |
| ૧૦૪ | ચેતન ! એટલું કર.... (ચેતન ! જ્યોતિ તું તારી જગાવ....) | ૧૨૧ |
| ૧૦૫ | મેરા આત્મતત્ત્વ.... (જહાં સુખ હી સુખ ઝરતા....) | ૧૨૨ |
| ૧૦૬ | અંતરંગ ભાવના....(મને લાગે સંસાર અસાર....) | ૧૨૩ |
| ૧૦૭ | આત્મહિત ભાવના.... (આજ મારા જીવનમાં, શું શું કર્યું મેં હિતનું ?....) | ૧૨૪ |
| ૧૦૮ | જ્ઞાતાભાવમાં રહેજે.... (તું રહેજે જ્ઞાતાભાવમાં....) | ૧૨૫ |
| ૧૦૯ | સ્વયં પ્રભુ.... (જૈસી પ્રભુતા પ્રભુમેં હૈ....) | ૧૨૭ |
| ૧૧૦ | સહજ સ્વીકાર.... (કાહેકો સોચત અતિ ભારી....) | ૧૨૮ |
| ૧૧૧ | ચૈતન્યહંસ.... (મન હંસ ! હમારી લૈ શિક્ષા હિતકારી....) | ૧૨૯ |
| ૧૧૨ | જ્ઞાનસુધા.... (ચેતન ! મોહકો સંગ નિવારો....) | ૧૩૦ |
| ૧૧૩ | સ્વસંબોધન.... (જાગ રે આત્મા જાગ....) | ૧૩૨ |
| ૧૧૪ | દુર્લભ અવસર.... (સત્સંગ દુર્લભ છે....) | ૧૩૩ |
| ૧૧૫ | અનુભવ મહિમા.... (જબ નિજ આતમ અનુભવ આવે....) | ૧૩૪ |
| ૧૧૬ | ગુરુકહાન સંદેશ.... (ધ્રુવધામના એ ધ્યેયના....) | ૧૩૫ |
| ૧૧૭ | આત્માર્થીની ભાવના.... (મિથ્યાત્વ નશાકર....) | ૧૩૬ |
| ૧૧૮ | આત્માર્થી જીવન.... (ચાલો રે સૌ સાધર્મી....) | ૧૩૭ |
| ૧૧૯ | આત્માને આમંત્રણ.... (આતમ ન પર ઘર જાઓ....) | ૧૩૮ |
| | વૈરાગ્ય ભક્તિ | |
| ૧૨૦ | વૈરાગ્ય સંબોધન.... (ચેતનજી ! તુમ ચેતત ક્યોં નહિ....) | ૧૩૯ |
| ૧૨૧ | હવે તો સમજ.... (જીવ તૂં સમજ લે આતમ પહેલા....) | ૧૪૦ |
| ૧૨૨ | વૈરાગ્ય ભાવના.... (અરે નર ! ચેત વક્ત પાયા....) | ૧૪૧ |
| ૧૨૩ | અમૂલ્ય અવસર....(વૃથા ક્યોં ખોવત હો....) | ૧૪૨ |
| ૧૨૪ | હે આત્મન્ ! આત્મસ્મરણ કર.... (સુમર સદા મન આતમરામ....) | ૧૪૩ |
| ૧૨૫ | ભગવાન ! કેમ ભૂલ્યો ?....(ભગવંત ! ભજન ક્યોં ભૂલા રે....) | ૧૪૪ |

| ક્રમાંક | ભક્તિ | પાનું |
|---|---|---|
| ૧૨૬ | વૈરાગ્ય ચિંતવન....બાર ભાવના.... (પંડિત બુધજન રચિત છઢાળા, પ્રથમ ઢાળ....) | ૧૪૫ |
| | પ્રાસંગિક ભક્તિ | |
| | મંગલ સુપ્રભાત (કારતક સુદ ૧) | |
| ૧૨૭ | સુપ્રભાત... (પ્રભાત ફેરી સૂત્ર....) | ૧૪૭ |
| ૧૨૮ | સમ્યક્ સુપ્રભાત.... (મંગલ સમ્યક્ સુપ્રભાત....) | ૧૪૮ |
| | અષ્ટાન્હિકા પર્વ : કારતક, ફાગણ, અષાઢ સુદ ૮ થી ૧૫.... | |
| ૧૨૯ | શાશ્વત પ્રતિમા... શાશ્વત મંદિર... (અહો ! આ ધન્ય નંદીશ્વર ધામ.......) | ૧૫૦ |
| ૧૩૦ | મનુષ્યક્ષેત્ર મંગલ યાત્રા.... (ચાલો સહુ યાત્રા કરવાને જઈએ....) | ૧૫૧ |
| | ગુરુદેવશ્રી સમાધિ દિન : કારતક વદ ૭.... | |
| ૧૩૧ | ગુરુવિરહ વેદના.... (ગુરુવર દર્શન દેવા પધારજો....) | ૧૫૩ |
| ૧૩૨ | ગુરુવરને પત્ર.... (પત્ર લખ્યો ગુરુદેવને....) | ૧૫૪ |
| ૧૩૩ | ભક્તો અનાથ થયા.... (વીતે વીતે દિન પર દિન....) | ૧૫૫ |
| ૧૩૪ | વિદાય વેદના... (સુવર્ણપુરીનાં સંત ઓ પ્રભુ !....) | ૧૫૬ |
| ૧૩૫ | મૈ હૂં સ્વયં ભગવાન.... (મૈં હૂં સ્વયં ભગવાન બતાયા કહાનગુરુ....) | ૧૫૭ |
| ૧૩૬ | ઉપકારી ગુરુકહાન.... (જૈનધર્મકા અનુપમ ઝંડા...) | ૧૫૮ |
| | આચાર્યપદ આરોહણ દિન : માગશર વદ ૮.... | |
| ૧૩૭ | આચાર્યપદ આરોહણ.... (આચાર્યદેવ સોહે સોહામણા....) | ૧૫૯ |
| ૧૩૮ | વિદેહયાત્રિક શ્રી કુંદકુંદાચાર્ય.... (જુગ જુગ ચમકે સત્ ધર્મકા તારા....) | ૧૬૦ |
| ૧૩૯ | શાસન શિરોમણિ.... (આજે મંગળકારી મહા...) | ૧૬૧ |
| | દસ લક્ષણ પર્વ : માઘ, ચૈત્ર, ભાદરવો : સુદ ૫ થી ૧૪, રત્નત્રય પર્વ : સુદ ૧૩ થી ૧૫, ક્ષમાવણી પર્વ : વદ ૧.... | |
| ૧૪૦ | મંગલ આરાધના પર્વ.... (આરાધના પર્વ ભક્તો ઊજવે....) | ૧૬૨ |
| ૧૪૧ | મંગલ અવસર.... (આજનો દિવસ છે આનંદકારી....) | ૧૬૩ |
| ૧૪૨ | દસ લક્ષણ પર્વ.... (આવ્યો....આવ્યો.... આ દશ લક્ષણ....) | ૧૬૫ |
| ૧૪૩ | ક્ષમાપના .... (ક્ષમા કરજો, ક્ષમા કરજો, ક્ષમા કરજો રે....) | ૧૬૬ |
| ૧૪૪ | ગુરુવાણી.... (ચૈતન્યમધુરમ્, જ્ઞાનમધુરમ્...) | ૧૬૭ |
| ૧૪૫ | ઉપકારી ધર્માત્મા.... (ક્ષમાપના....) | ૧૬૮ |
| | મહાવીર જન્મ કલ્યાણક | |
| ૧૪૬ | વીર જન્મકલ્યાણક-ગુરુ પરિવર્તન.... (રાજા સિદ્ધાર્થ ઘર....) | ૧૬૯ |
| | પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ મહોત્સવ : વૈશાખ સુદ ૨.... | |
| ૧૪૭ | ભરતભૂમિમાં પધરામણી.... (આજે ભરતભૂમિમાં સોનાસૂરજ....) | ૧૭૦ |
| ૧૪૮ | ભક્તભાવના.... (આજનો દિવસ છે આનંદકારી....) | ૧૭૩ |
| | સ્વાધ્યાય મંદિર ઉદ્ઘાટન અને સમયસાર સ્થાપના દિન : વૈશાખ વદ આઠમ.... | |
| ૧૪૯ | જ્ઞાનવાજાં.... (વાગે છે જ્ઞાનવાજાં....) | ૧૭૪ |
| | શ્રુતપંચમી પર્વ : જ્યેષ્ઠ સુદ ૫.... | |

| ક્રમાંક | ભક્તિ | પાનું |
|---|---|---|
| ૧૫૦ | ધન્ય ધરસેન આચાર્ય.... (જય હો જય, ધરસેન આચાર્ય) | ૧૭૬ |
| | મુનિરક્ષા દિન : શ્રાવણ સુદ ૧૫.... | |
| ૧૫૧ | ઉપસર્ગ વિજેતા ઉત્કૃષ્ટ સાધક.... (ઐસે અકંપન દેખે ગજપુરમેં....) | ૧૭૮ |
| | વીરનિર્વાણ મહોત્સવ (દિવાળી) : આસો વદ ૧૫.... | |
| ૧૫૨ | મહાવીર પ્રભુના સૌ સંતાન.... (પ્રભાત ફેરી સૂત્ર) | ૧૮૦ |
| ૧૫૩ | મહાવીર સિદ્ધ ભગવાન... (વીરનિર્વાણ ભક્તિ... ) | ૧૮૧ |
| ૧૫૪ | વીરનિર્વાણ ભક્તિ... (વીર પ્રભુજી ! નિર્વાણપદને...) | ૧૮૩ |
| | શાશ્વતધામ સમ્મેદશિખરજી આદિ તીર્થોની યાત્રા કરીને સુવર્ણપુરી આગમન : વિક્રમ સંવત ૨૦૧૩ | |
| ૧૫૫ | સુવર્ણપુરી આગમન.... (આજે સોનેરી મંગળ દિન ઊગ્યો રે....) | ૧૮૪ |
| ૧૫૬ | સ્વાગત... અજોડ ગુરુરાજ.... (ગુરુજીની જોડ જગે નહિ ....) | ૧૮૬ |
| | ધર્મ ધ્વજ-આરોહણ.... | |
| ૧૫૭ | મંગલમયી જિનશાસન ધ્વજ.... (શ્રી જિનવરકી દિવ્ય દેશના....) | ૧૮૯ |
| | દસ વર્ષના આત્માર્થીની ભાવના ભરી ભક્તિઓ | |
| ૧૫૮ | જ્ઞાયક ભક્તિ.... (જ્ઞાયકધારા, જ્ઞાયકધારા....) | ૧૯૦ |
| ૧૫૯ | મારો પ્યારો આત્મા.... (આત્મા મારો.... આત્મા મારો.... આત્મા મારો રે....) | ૧૯૦ |
| ૧૬૦ | કહાન વંદન.... (ઉજમબાનો વહાલો છે....) | ૧૯૦ |
| | સાધર્મીને આમંત્રણ | |
| ૧૬૧ | ભાવના.... (મોક્ષપુરીના પથિક એવા....) | ૧૯૧ |

## (૧) મંગલ વંદન....

મંગલમય શ્રી વીર ભગવાન, મંગલમય શ્રી ગૌતમ મહાન;
મંગલમય શ્રી કુંદકુંદ આચાર્ય, મંગલમય જૈનધર્મ સદાય... (૧)

મંગલમય ચોવીસો જિનરાજ, મંગલમય તીર્થંકર વિદ્યમાન;
મંગલમય પંચ પરમેષ્ઠી પાવન, મંગલમય જૈનધર્મ સદાય... (૨)

મંગલમય તીર્થક્ષેત્ર અતિ ભાવન, મંગલમય કલ્યાણક કાળ;
મંગલમય આરાધક ભાવ, મંગલમય જૈનધર્મ સદાય... (૩)

મંગલમય જિનેન્દ્ર વીતરાગ, મંગલમય શ્રી ઓમકાર નાદ;
મંગલમય શ્રી નિર્ગ્રંથ મુનિરાજ, મંગલમય જૈનધર્મ સદાય... (૪)

મંગલમય શ્રી ગુરુવર કહાન, મંગલમય શ્રી ભગવતી માત;
મંગલમય ધર્માત્મા જ્ઞાનવાન, મંગલમય જૈનધર્મ સદાય... (૫)

રત્નત્રય છે સાચો માર્ગ, કરું 'ભક્તિ ભાવના' ખાસ;
સર્વ પૂજનીય વંદન આજ, મંગલમય જૈનધર્મ સદાય... (૬)

જય હો જય હો જય જયકાર, જય હો જય હો જય જયકાર;
સર્વ પૂજનીય વંદન આજ, સર્વ પૂજનીય નમન આજ... (૭)

***

## (૨) શ્રી ઋષભનાથ / આદિનાથ....

આવો આવો, હે આદિ જિનેશ્વર, મારા અંતરમાંય ....

સર્વાર્થસિદ્ધિનો વૈભવ તજી, પધાર્યાં અયોધ્યા મોઝાર;
મરૂદેવી માતાની કૂખ ઉજાળી, આવ્યા તારણહાર.... આવો..આવો..

નાભિરાય આંગણે જન્મોત્સવ, દેવ કરે જયકાર;
પાંડુક શિલા પર અભિષેક રૂડો, થયો મેરુ તીર્થધામ....આવો..આવો..

ત્યાંસી લાખ પૂર્વ વ્યતીત થયા, ઊછળ્યો ઉગ્ર વૈરાગ્ય;
અંતર-બાહ્ય પરિગ્રહ તજીને, શોભે ઋષભ મુનિરાજ....આવો..આવો..

હજાર વર્ષની સાધના કરીને, પામ્યા કેવળજ્ઞાન;
દિવ્યધ્વનિનો નાદ ગજાવી, કર્યો ભવ્ય ઉદ્ધાર....આવો..આવો..

કૈલાશગિરિએ સમશ્રેણીમાં, બિરાજે ઋષભ નાથ;
ભક્તો ભાવે વંદન કરતા, આનંદ ભક્તિ અપાર....આવો..આવો..

જય જય થાઓ ચારે દિશામાં, આદિનાથ ભગવાન;
ધર્મની આદિ થાય પર્યાયમાં, એ જ અમારી આશ....આવો..આવો..

***

## (૩) શ્રી અજિતનાથ....

આવો આવો, હે અજિતનાથજી, અમ હૈયામાં આજ ....

વૈશાખ અમાસે પ્રભુજી પધાર્યાં, ધન્ય વિજયસેના માત;
ભરતભૂમિના ભવ્ય ભક્તો, જોતાં તુજની વાટ....આવો..આવો..

મંગળકારી માઘ સુદ દશમી, ત્રિભુવને સાતા થાય;
જન્મકલ્યાણક દેવેંદ્રો ઊજવે, આનંદ અપરંપાર....આવો..આવો..

જ્ઞાયકદેવની સાધના સાથે, વીત્યા પૂર્વ એકોતેર લાખ;
નશ્વરતા જોઈ નિત્યતા પામવા, લીધું પદ અણગાર....આવો..આવો..

બાર વર્ષ મુનિપદ ધારી, થયા તીર્થંકર ભગવાન;
પોષ સુદ ગ્યારસના દિવસે, વરસી અમૃતધાર....આવો..આવો..

ચૈત્ર માસની ઉત્તમ ક્ષમા, બન્યા અયોગી જિનરાજ;
સમ્મેદશિખરની સિદ્ધવર ટૂંકથી, પહોંચ્યા મુક્તિધામ....આવો..આવો..

આત્માર્થી સહુ સાથે મળીને, કરે છે તુજને સાદ;
અજિત મોહને આજે જીતીને, કરીએ આત્મકલ્યાણ....આવો..આવો..

***

## (૪) શ્રી સંભવનાથ....

જય હો જય હો, હે સંભવજિનજી, તારો આ જગમાંય ....

સુષેણા માતાએ સ્વપ્ન જોયા, વાત કરી આનંદકાર;
પ્રથમ ગ્રૈવેકથી શ્રાવસ્તી ઊતર્યાં, ધન્ય ભૂમિ ધન્ય કાળ ....જય હો જય હો...

પાવન પગલે પ્રભુજી પધાર્યાં, લાવ્યા છે આતમભાન;
સ્વરૂપ આરાધના પૂર્ણ કરવા, અહીં થયો અવતાર ....જય હો જય હો...

મુનિદશાનું સમ્યક્ ભવન, ચાખ્યો પ્રચુર આનંદ;
ચારિત્રવંત વીતરાગ મૂર્તિ, વંદન વારંવાર ....જય હો જય હો...

અખંડ ધારાએ ધ્યાન ધરીને, પ્રગટાવ્યું શુક્લધ્યાન;
અપ્રતિહતભાવે કેવળ પામ્યા, ચોત્રીસ અતિશય મહાન ....જય હો જય હો...

વિહાર કરી વાણી વરસાવી, કર્યો માર્ગ પ્રકાશ;
શાશ્વતધામની ધવલ ટૂંકથી, પામ્યા પદ નિર્વાણ ....જય હો જય હો...

અમ ભક્તોના ભાગ્ય ફળિયા, થયા દર્શન આજ;
તુજ પગલે પગલે ચાલીને, થઈએ તુજ સમાન ....જય હો જય હો...

***

## (૫) શ્રી અભિનંદનનાથ...

આવો પધારો, હે અભિનંદનજી, અમ આંગણીએ આપ ....

માતા સિદ્ધાર્થા પિતા સ્વયંવર, નંદન રૂડા મહાન;
ગર્ભકલ્યાણક સાકેત નગરે, ઘર ઘર હર્ષ અપાર ....આવો પધારો...

માઘ સુદ બારસે પ્રભુજી જન્મ્યા, સાધકના સરદાર;
સુવર્ણ વર્ણ કપિ લાંછન, રહેતા પરથી ઉદાસ ....આવો પધારો...

વાદળ વિખરાતા વૈરાગ્ય જાગ્યો, સંયોગ છે નાશવાન;
રાજપાટને ઠોકર મારી, બન્યા મહા યોગીરાજ ....આવો પધારો...

ઉગ્ર સંવેદન કરતાં કરતાં, કર્યો મોહ અભાવ;
અનંત ચતુષ્ટય પ્રાપ્ત થયા, અષ્ટ પ્રાતિહાર્ય સંગાથ ....આવો પધારો...

સહજ વિહાર ભારતદેશમાં, પધાર્યાં શિખરજી ધામ;
આનંદ ટૂંકથી સમશ્રેણીએ, શોભે મારા નાથ ....આવો પધારો...

ભાવ ભરીને ભક્તો ભાવે, થઈએ ભવથી પાર;
સ્વરૂપનું અભિનંદન મંગલ, એ જ કરવું કામ ....આવો પધારો...

***

## (૬) શ્રી સુમતિનાથ....

વંદન વંદન, હે સુમતિનાથજી, ભક્તો કરે અપાર ....

ઈક્ષ્વાકુવંશના સૂર્ય પ્રભુજી, દાતા સુમતિપ્રકાશ;
અમ ભક્તોના પરમ સદ્ભાગ્યે, દેખ્યા પ્રભુજી આજ ....વંદન વંદન...

પિતા મેઘરથ માતા સુમંગલા, સપના મંગલદાય;
શ્રાવણ સુદ બીજના દિવસે, જગમાં આનંદકાર ....વંદન વંદન...

વિનીતાપુરીમાં જન્મ મહોત્સવ, ધન્ય તુજ અવતાર;
ઐરાવત લઈ ઇન્દ્રો આવે, કરવા અભિષેક મહાન ....વંદન વંદન...

ધ્રુવધામના ધૂની પ્રભુજી, આરાધના દિનરાત;
જાતિસ્મરણ દ્વાદશ ભાવના, ચાલ્યા વનની વાટ ....વંદન વંદન...

છદ્મસ્થપણાનો નાશ કરીને, દેખ્યું લોકાલોક;
એકસો સોળ ગણધર સાથે, કરતાં ધર્મપ્રભાવ ....વંદન વંદન...

પંચમ તીર્થંકર પંચમ ગતિ, આશ્રય પંચમભાવ;
અવિચળ ટૂંકથી અવિચળ પદમાં, જુઓ સિદ્ધ ભગવાન ....વંદન વંદન...

***

## (૭) શ્રી પદ્મપ્રભુ ભગવાન....

નમું નમું, હે પદ્મપ્રભુજી, તુજ ચરણોમાં આજ ....

પંદર માસ રત્નોની વર્ષા, કૌશાંબી નગરીમાંય;
છપ્પન કુમારીકા સેવા કરવા, આવે માતને દ્વાર ....નમું નમું...

સ્વર્ગપુરીમાં વાજિંત્રો વાગે, નારકીને સાતા થાય;
બાળકુંવરના દર્શન કાજે, થયા નેત્ર હજાર ....નમું નમું...

પદ્મ સમાન અલિપ્ત રહેતાં, રક્ત વર્ણ ભગવાન;
અસાર છે આ સંસાર સઘળો, કર્યો સહુનો ત્યાગ ....નમું નમું...

ચાર તીર્થના કરનાર પ્રભુજી, કરી જ્ઞાનની લ્હાણ;
લાખ પૂર્વ દિવ્યધારા વરસી, ટાળ્યો ભવ સંતાપ ....નમું નમું...

મોહ રહિત સર્વજ્ઞ જિનજી, પહોંચ્યા મોહન ટૂંક;
યોગ નિરોધી સ્થિર થઈ, ગમન લોકાગ્ર મોઝાર ....નમું નમું...

તુજ ભક્તો સહુ ભાવના ભાવે, થઈએ જગથી ઉદાસ;
નિજ સ્વરૂપમાં ડૂબકી મારી, આવીએ તુજ પાસ ....નમું નમું...

***

## (૮) શ્રી સુપાર્શ્વનાથ....

સ્તવું સ્તવું, હે સુપાર્શ્વ જિનજી, તુજ ગુણો છે અપાર ....

માન રહિત માર્દવ દિને, હર્ષિત છે પૃથ્વી માત;
સ્વસ્તિક ચિહ્ન ધારી પ્રભુજી, કરો ભક્ત કલ્યાણ ....સ્તવું સ્તવું...

જેઠ સુદ બારસ દિવસે, જન્મ્યા બનારસ ધામ;
હરિત વર્ણ ને વીસ લાખ પૂર્વ, બે શત ધનુષ કાય ....સ્તવું સ્તવું...

પાનખરમાં વૃક્ષને જોતાં, જન્મદિને ઉદાસીન;
શત્રુ-મિત્ર સમાન લાગે, પ્રગટ્યો સમતાભાવ ....સ્તવું સ્તવું...

મંગલ માઘ વદ છઠ્ઠી આવી, કર્યો ઘાતિનો ઘાત;
સમવસરણ ધનપતિ રચે, પાત્ર જીવો ઊભરાય ....સ્તવું સ્તવું...

માહ વદ સાતમ પ્રભાસ ટૂંક, પ્રગટ્યું પૂર્ણ પ્રભાત;
સુપાર્શ્વપ્રભુજી પરમપદ પામ્યા, બોલો જય જયકાર ....સ્તવું સ્તવું...

આવો અવસર ફરી ક્યારે આવે, કરી લો આતમજ્ઞાન;
ચૈતન્ય સુપારસ પ્રભુજી બનાવે, ભક્તોને નિજ સમાન ....સ્તવું સ્તવું...

***

## (૯) શ્રી ચંદ્રપ્રભુ ભગવાન....

પૂજું પૂજું, હે ચંદ્રપ્રભુજી, ભાવભક્તિથી આજ....

વિજયંત વિમાન સૂનું થયું, પધાર્યા ભરતમાંય;
શ્રદ્ધામાં શુદ્ધાત્મા આવે, એ જ ગર્ભકલ્યાણ....પૂજું પૂજું...

શુક્લ વર્ણ બીજ લક્ષણ ધારક, નંદન લક્ષ્મણા માત;
સમ્યગ્જ્ઞાન જ્યોતિ જાગે, સાચો જન્મકલ્યાણ....પૂજું પૂજું...

બ્રહ્મલોકથી દેવો આવે, અનુમોદવા વૈરાગ્યભાવ;
સ્વરૂપમાં ઉપયોગ રમે, યથાર્થ તપકલ્યાણ....પૂજું પૂજું...

ત્રણ માસ નિર્ગ્રંથ સાધના, પ્રગટ્યા અનંત ચાર;
જ્ઞાન જ્ઞેયાંતર હવે ન પામે, ખરો જ્ઞાનકલ્યાણ....પૂજું પૂજું...

અષ્ટ ગુણ ખીલી ગયા ને, અષ્ટ કર્મનો નાશ;
અષ્ટમ ભૂમિમાં આઠમા તીર્થંકર, ઊજવો મોક્ષકલ્યાણ....પૂજું પૂજું...

ભક્તો આવો લલિત ટૂંકે, છોડી સર્વ કષાય;
બીજ ચંદ્ર સમાન ભેદજ્ઞાન કરીને, કરીએ સ્વ કલ્યાણ....પૂજું પૂજું...

***

## (૧૦) શ્રી સુવિધિનાથ / પુષ્પદંત ભગવાન....

પ્રણમું પ્રણમું, હે સુવિધિ જિનજી, તુજને ભાવથી આજ ....

પ્રાણતસ્વર્ગેથી આપ પધાર્યાં, કાકંદી નગરીમાંય;
માત-પિતાને ઉમંગ આવ્યો, દીધાં દાન અપાર ....પ્રણમું પ્રણમું...

શુક્લ વર્ણે પ્રભુજી જન્મ્યા, ડોલ્યા ઇન્દ્ર સિંહાસન;
બાળ તીર્થંકર દસ અતિશય, જીવોને આશ્ચર્ય થાય ....પ્રણમું પ્રણમું...

વીજળીનો ઝબકારો દેખ્યો, ભાવી ભાવના બાર;
સર્વ સંબંધને તીક્ષ્ણ છેદી, છોડ્યા પરિગ્રહ તમામ ....પ્રણમું પ્રણમું...

ચાર વર્ષની ઉગ્ર ઉપાસના, થયા પૂર્ણ વીતરાગ;
મોક્ષમાર્ગની સુવિધિ બતાવી, તાર્યાં ભવ્ય અમાપ ....પ્રણમું પ્રણમું...

મંગલ વિહાર ભરતભૂમિમાં, ગાજે જૈનધર્મ જયનાદ;
સમ્મેદશિખરની સુપ્રભ ટૂંકથી, મુક્તિમાં બિરાજ્યા નાથ ....પ્રણમું પ્રણમું...

સર્વ ભક્તો ભાવના ભાવે, હે પુષ્પદંત ભગવાન;
સાચી વિધિ હિતની જાણીને, પામીએ સમ્યગ્જ્ઞાન ....પ્રણમું પ્રણમું...

***

## (૧૧) શ્રી શીતલનાથ....

વંદુ વંદુ, હે શીતલનાથજી, જાગ્યા મારા ભાગ્ય ....

મનમંદિરમાં આવો પધારો, શીતળતા દાતાર;
કષાય અગ્નિથી બળી રહ્યો છું, શું કરવી મારી વાત ....વંદુ વંદુ...

સુનંદા માતાને સ્વપ્ના આવ્યા, થાશે જગ આધાર;
ચાલો ગર્ભકલ્યાણક ઊજવો, કરો આત્મશ્રદ્ધાન ....વંદુ વંદુ...

શીતળતાના પૂંજ પધાર્યાં, છે અંતિમ અવતાર;
સહુ જન્મકલ્યાણક ઊજવો, પ્રગટાવો ભેદવિજ્ઞાન ....વંદુ વંદુ...

યૌવન વૈભવ ક્ષણિક જાણ્યા, છોડ્યો સહુ પરિવાર;
મંગલ તપકલ્યાણક ઊજવો, ધારો વિરાગભાવ ....વંદુ વંદુ...

ત્રેસઠ પ્રકૃતિ નાશ કરીને, પામ્યા પૂર્ણ જ્ઞાન;
કેવળજ્ઞાન કલ્યાણક ઊજવો, જાણો જ્ઞાનસ્વભાવ ....વંદુ વંદુ...

વિદ્યુતવર ટૂંકથી સમશ્રેણીએ, બિરાજ્યા મારા તાત;
નિર્વાણ કલ્યાણક ઊજવો, છું હું સિદ્ધ સમાન ....વંદુ વંદુ...

***

## (૧૨) શ્રી શ્રેયાંસનાથ....

પધારો પધારો, હે શ્રેયાંસનાથજી, અમ મંદિરે આજ....

ભરત ભૂમિમાં રત્નોની વર્ષા, કરે ધનપતિ મહાન;
માત-પિતા પાવન થયા, પધાર્યાં ત્રિભુવન સ્વામ....પધારો પધારો...

જન્મ મહોત્સવ સુરનર ઊજવે, સિંહપુરી નગરીમાંય;
ચોરાસી લાખ વર્ષ આયુષ્ય ને, અસ્સી ધનુષ કાય....પધારો પધારો...

પંચ મુઠ્ઠી લોચ કરીને, બન્યા નિર્ગ્રંથ સુખદાય;
અપ્રમત્ત-પ્રમત્તમાં સદા ઝૂલતાં, અઠ્ઠાવીસ છે મૂલગુણ....પધારો પધારો...

ક્ષપકશ્રેણી આરોહણ કરીને, કર્યો મોહનો નાશ;
કુંથુરાજ આદિ ગણધર સેવે, ઝીલે વાણી રસધાર....પધારો પધારો...

શ્રાવણ પૂનમના પવિત્ર દિને, થયો યોગ અભાવ;
સમ્મેદશિખરની સંકુલ ટૂંકે, અશરીરી ભગવાન....પધારો પધારો...

ભક્તો સાથે મળીને વિનવે, આપો શ્રેયનો અંશ;
તુજ ગુણોનું સ્મરણ કરીને, બનીએ તુજ સમાન....પધારો પધારો...

***

## (૧૩) શ્રી વાસુપૂજ્ય ભગવાન....

બિરાજો બિરાજો, હે વાસુપૂજ્યજી, અમ પરિણતિમાં નાથ....

જયાવતી માતા ધન્ય બન્યા, દીઠાં સપના સોળ;
ચંપાપુરી બની સ્વર્ગપુરી, ઊછળે હર્ષ અમાપ....બિરાજો બિરાજો...

વસુપૂજ્ય આંગણે મંગળ વધાઈ, અનહદ ભક્તિગાન;
રક્ત વર્ણના પ્રભુજી શોભે, લાવ્યા છે જ્ઞાનપ્રકાશ....બિરાજો બિરાજો...

કુમારવયે કામભાવ હરાવ્યો, દીક્ષા મંદારગિરિમાંય;
સુંદરરાજાને ત્યાં ઉત્તમ પાત્ર, અહો ! આહારદાન....બિરાજો બિરાજો...

વીતરાગ સર્વજ્ઞ પદને પામ્યા, છે ગણધર છાંસઠ;
ચોપન લાખ વર્ષ ઓમધ્વનિ, આનંદ મંગલદાય....બિરાજો બિરાજો...

અનંત ચતુર્દશી પાવન દિવસ, પામ્યા છો સાધ્યપદ;
સિદ્ધભૂમિ છે મંદારગિરિ, વંદન વારંવાર....બિરાજો બિરાજો...

શત શત ઇન્દ્રો તુજને પૂજે, વાસુપૂજ્ય નામ યથાર્થ;
બ્રહ્મસ્વરૂપ આત્મામાં ચર્યા, સેવક પામે બ્રહ્મભાવ....બિરાજો બિરાજો...

***

## (૧૪) શ્રી વિમલનાથ....

ભક્તો આવો, સહુ સાથે મળીને, વંદીએ વિમલનાથ....

વૈશાખ કૃષ્ણા દશમી દિને, માતાને ખુશી અપાર;
ત્રિલોકીનાથ અંતર પધાર્યાં, ધન્ય મુજ અવતાર....ભક્તો આવો...

મંગલ માઘ સુદ ચતુર્થી, કંપિલાજી થયું પાવન;
સુવર્ણ વર્ણ સાંઈઠ લાખ વર્ષ, સાંઈઠ ધનુષ કાય....ભક્તો આવો...

ઝાકળબિંદુ સમ આયુ થોડું, આવ્યો નિજને વિચાર;
જન્મદિને મુનિદીક્ષા ધારી, ભળ્યા પરમેષ્ઠીમાંય....ભક્તો આવો...

ત્રણ વર્ષની તીવ્ર આરાધના, પ્રગટ્યો અપ્રતિહત ભાવ;
માઘ સુદ છઠ્ઠે કેવળ પામ્યા, કર્યો રાગમળ નાશ....ભક્તો આવો...

જેઠ કૃષ્ણા અષ્ટમી આવી, થયા યોગ રહિત;
સુવીર ટૂંકથી સિદ્ધ થઈને, પામ્યા મોક્ષધામ....ભક્તો આવો...

સમસ્ત મળથી રહિત પ્રભુજી, યથાર્થ વિમલનાથ;
મલિન પુણ્ય-પાપ છોડીને, થઈએ તુજ સમાન....ભક્તો આવો...

***

## (૧૫) શ્રી અનંતનાથ....

આવો ભક્તો, આજે પ્રણમીએ, અનંતનાથ ભગવાન....

સ્વરૂપસાધના પૂર્ણ કરવા, થયો અંતિમ જનમ;
અયોધ્યા નગરે ગર્ભકલ્યાણક, ઊજવે સુરનરનાર....આવો ભક્તો...

ત્રણ જ્ઞાન સાથે પ્રભુજી પધાર્યાં, અભિષેક મેરુશિખરે;
તાંડવ નૃત્ય ઇન્દ્ર કરે, હર્ષ અપરંપાર....આવો ભક્તો...

ચારિત્રમોહ પરાભવ કરવા, ગ્રહી દીક્ષા આનંદકાર;
વનજંગલમાં એકલા વિહરતા, કરે સિદ્ધ સંગ વાત....આવો ભક્તો...

ઉપયોગમાં ઉપયોગ જામતાં, થયા પરમ વીતરાગ;
સમવસરણમાં અલિપ્ત બિરાજ્યા, આવ્યા ભવ્ય અપાર....આવો ભક્તો...

અનંત અનાદિના દુઃખ ગયા, ટાળ્યા જન્મ-મરણ;
સાદિ અનંત સમાધિ સુખને, ભોગવે અનંત નાથ....આવો ભક્તો...

ભક્તો સહુ સાથે મળીને, ભાવના ભાવે આજ;
અનંત ગુણ ભંડાર આતમમાં, રમી રહીએ સદાય....આવો ભક્તો...

***

## (૧૬) શ્રી ધર્મનાથ....

ધ્યાવો ધ્યાવો, સહુ ભક્તજનો, શ્રી ધર્મનાથ ભગવાન....

સર્વાર્થસિદ્ધિથી પ્રભુજી પધાર્યા, રત્નપુરી મોઝાર;
ગર્ભકલ્યાણક એમ સૂચવે, કરો શુદ્ધ શ્રદ્ધાન....ધ્યાવો ધ્યાવો...

"વસ્તુ સ્વભાવ ધર્મ' સમજાવવા, થયું મંગળ આગમન;
જન્મકલ્યાણક પ્રેરણા આપે, પ્રગટાવો શુદ્ધભાવ....ધ્યાવો ધ્યાવો...

"ચારિત્ર ખરેખર ધર્મ' જાણી, લીધું પદ અણગાર;
તપકલ્યાણકમાં ભાવના ભાવો, વૃદ્ધિ પામે શુદ્ધભાવ....ધ્યાવો ધ્યાવો...

"અહિંસા પરમો ધર્મ' કહેનારી, વાણી વરસે મેઘસમાન;
જ્ઞાનકલ્યાણક એમ બતાવે, થાઓ પૂર્ણ શુદ્ધભાવ....ધ્યાવો ધ્યાવો...

રત્નત્રયરૂપ ધર્મ જ સાચો, દશ લક્ષણ છે મહાન;
મોક્ષકલ્યાણક ત્યારે યથાર્થ, સર્વત્ર શુદ્ધ શુદ્ધભાવ....ધ્યાવો ધ્યાવો...

ધર્મ કર્યો માની અમે રખડતાં, જાણ્યો ન ધર્મનો મર્મ;
ધર્મ જિનેશ્વર તુજ શરણે આવતા, પરિભ્રમણ ટળી જાય....ધ્યાવો ધ્યાવો...

***

## (૧૭) શ્રી શાંતિનાથ....

જય હો જય હો, હે શાંતિનાથજી, આવો અંતરમાંય....

વિશ્વસેન પિતા ઐરાદેવી માતા, આનંદ મંગલકાર;
સોળમા તીર્થંકર પૂર્ણતા પામવા, છેલ્લો આ અવતાર....જય હો...

એક લાખ વર્ષ, ચાલીસ ધનુષ, મૃગ ચિહ્ન ચરણમાંય;
પંચમ ચક્રવર્તી કામદેવ, રહેતા જગથી ઉદાસ....જય હો...

દર્પણમાં બે પ્રતિબિંબ દેખ્યા, પ્રગટ્યું જાતિસ્મરણ;
નાશવાન સંયોગમાં સુખ ક્યાં છે? છોડ્યો સહુ સંસાર....જય હો...

મહાવ્રતધારી નગ્ન દિગંબર, અહો ! ધન્ય મુનિરાજ;
અકષાયભાવે મોહ જીતતાં, પ્રગટ્યું કેવળજ્ઞાન....જય હો...

શાશ્વત મોક્ષધામ સમ્મેદશિખરજી, કુંદપ્રભ ટૂંક મહાન;
સમશ્રેણીએ પ્રભુજી બિરાજે, બતાવે શાંતિ રાહ....જય હો...

અશાંત જગતને શાશ્વત શાંતિ, મળે ન સંયોગમાંય;
સુખશાંતિ છે આતમમાંહી, બતાવ્યું શાંતિનાથ....જય હો...

***

## (૧૮) શ્રી કુંથુનાથ....

ધન્ય ધન્ય, હે કુંથુનાથજી, પધારો મંદિરમાં....

અષાઢ વદ દસમી ઉત્તમ, જુએ સ્વપ્ના માત;
રત્નકૂખધારિણી માતા થયા, ગજપુરમાં ઉત્સાહ....ધન્ય ધન્ય...

વૈશાખ સુદ એકમ મંગલ, જન્મોત્સવ ઊજવાય;
સુરસેન રાજાને આંગણે જુઓ, જય જયકાર ગવાય....ધન્ય ધન્ય...

છ ખંડ, નવનિધિ તજીને, ત્યાગ્યા ચૌદ રત્ન;
એકાકી વિચરતા મુનિવર, રહે વાઘ સિંહ પાસ....ધન્ય ધન્ય...

ક્ષાયિકજ્ઞાન સામ્રાજ્ય પામ્યા, ભક્તો ભાવના ભાવે;
દ્રવ્ય-ગુણ-પર્યાય આપના જાણીને, કરીશું મોહ અભાવ....ધન્ય ધન્ય...

જન્મ-દીક્ષા-નિર્વાણ દિન, એક જ તિથિ પાવન;
યોગ નિરોધિ જ્ઞાનધર ટૂંકથી, પામ્યા પદ અશરીર....ધન્ય ધન્ય...

ધ્રુવ-અચલ-અનુપમ ગતિ પામેલ, હે સિદ્ધ ભગવાન !
જિનમંદિરમાં ભક્તિ કરતાં, કરીએ તુજને યાદ....ધન્ય ધન્ય...

***

## (૧૯) શ્રી અરનાથ....

ચાલો ભક્તો, સહુ સંગે મળીને, પૂજીએ અરનાથ....

જયંત વિમાનમાં અહમિન્દ્ર, આવ્યા હસ્તિનાપુર;
મોહ અરિનો પરાભવ કરશે, અંતિમ માનવભવ....ચાલો ભક્તો...

મતિ-શ્રુત-અવધિ સહિત પધાર્યાં, તારવા જીવ અપાર;
ક્ષીરનીરથી જન્માભિષેક, કરે દેવ હર્ષનાદ....ચાલો ભક્તો...

તીર્થંકર-ચક્રવર્તી-કામદેવ, ત્રણ પદવી ધરનાર;
રોકાયા નહીં ક્યાંય પરમાં, છોડ્યા પલભરમાંય....ચાલો ભક્તો...

શુક્લધ્યાનથી ક્ષપકશ્રેણી માંડી, પામ્યા અંતિમ જ્ઞાન;
અનંત ચતુષ્ટયમાં મ્હાલે પ્રભુજી, તીર્થંકર ભગવાન....ચાલો ભક્તો...

સંસાર 'નાટક' પૂર્ણ થયું ને, થયા અરિ-રજ રહિત;
સમ્મેદશિખરની નાટક ટૂંકથી, પહોંચ્યા શિવપુરધામ....ચાલો ભક્તો...

ભાવભક્તિથી ભક્તો વંદે, કરવા નિજ કલ્યાણ;
મોહ-રાગ-દ્વેષ અહીં છોડશું, સાચી યાત્રા થાય....ચાલો ભક્તો...

***

## (૨૦) શ્રી મલ્લિનાથ....

સમરું સમરું, હે મલ્લિનાથજી, મારા અંતરમાં....

છહ માસ રત્નોની વર્ષા, મિથિલા નગરીમાંય;
દેવ-દેવેન્દ્રો માતપિતાને પૂજે, ઊજવે ગર્ભકલ્યાણ....સમરું સમરું...

ડોલાયમાન સિંહાસન થાતાં, ઇન્દ્ર જુએ અવધિજ્ઞાન;
ઐરાવત હાથી લઈને આવે, મહોત્સવ જન્મકલ્યાણ....સમરું સમરું...

વૈરાગ્યજનની ભાવના ભાવે, બાલબ્રહ્મચારી યુવરાજ;
મોહમલ્લને હરાવવા કાજે, ચાલ્યા જંગલમાંય....સમરું સમરું...

ઉગ્ર સાધના છ દિવસની, થયો ઘાતિનો નાશ;
કુબેર ધર્મસભા રચે, અહો ! જ્ઞાનકલ્યાણ....સમરું સમરું...

એક પરમાણુમાત્ર ન રહ્યો, પ્રગટ્યો પૂર્ણ સ્વભાવ;
સમ્મેદશિખરની સંબલ ટૂંકે, થયો મોક્ષકલ્યાણ....સમરું સમરું...

ધન્ય પ્રભુજી આપનો પુરુષાર્થ, જીત્યા કામબાણ;
બ્રહ્મસ્વરૂપમાં સદા રમીએ, એ જ અમારી આશ....સમરું સમરું...

***

## (૨૧) શ્રી મુનિસુવ્રતનાથ....

અહો ! અહો ! હે મુનિસુવ્રતજી, વંદન વારંવાર....

ચરમશરીરી ઉત્તમ પુણ્યવંત, પધાર્યાં મધ્યલોક;
માતની સેવા કરે અષ્ટ કુમારી, ચર્ચા આનંદકાર....અહો ! અહો !...

રાજગૃહીમાં અચિંત્ય પ્રકાશ, જન્મ્યા બાળ તીર્થંકર;
નીલ વર્ણ ને કાચબો ચિહ્ન, આયુ તીસ હજાર....અહો ! અહો !...

રાજભોગથી વિરક્તિ થઈ, આવ્યું પૂર્વભવ જ્ઞાન;
મુનિનાં સાચાં વ્રત ધાર્યાં, થયા સુવ્રત મુનિરાજ....અહો ! અહો !...

એક વર્ષની અપૂર્વ સાધના, રહ્યો ન મોહ અંકુર;
સો ઇન્દ્રો પ્રભુ ચરણ પૂજે, છતાં ન મળે માન....અહો ! અહો !...

સિદ્ધિધામની નિર્જર ટૂંક, બતાવે મોક્ષનો રાહ;
રાગ ન કરવો ક્યાંય જરીએ, જો પામવો શિવમાર્ગ....અહો ! અહો !...

ભાવભીના ભક્તો સહુ આવ્યા, પ્રભુને ભેટવા આજ;
સ્વરૂપને વીંટળાઈ રહેશું, કરશું નિજ કલ્યાણ....અહો ! અહો !...

***

## (૨૨) શ્રી નમિનાથ....

ભાગ્ય જાગ્યા, હે નમિનાથજી, દર્શન પામ્યા આજ ....

ગજ, વૃષભ, સિંહ આદિ, ઉત્તમ સ્વપ્ના માત;
ઉત્કૃષ્ટ પુણ્યના ધારક આત્મા, આવ્યા આંગણે પાવન ....ભાગ્ય જાગ્યા...

ત્રણે લોકમાં આનંદ મંગલ, વાજાં વાગે એકાએક;
તરણતારણ પ્રભુજી જનમ્યા, નામ છે નમિનાથ ....ભાગ્ય જાગ્યા...

દશ હજાર વર્ષ આયુષ્ય ને, પંદર ધનુષ કાય;
ભવબંધનથી દુઃખી થયો છું, લીધું મુનિપદ મહાન ....ભાગ્ય જાગ્યા...

નવ વર્ષ મુનિપણે વિચર્યાં, લીધું કેવળજ્ઞાન;
વીતરાગતા પોષક ધ્વનિ ખરી, બતાવ્યો આતમરામ ....ભાગ્ય જાગ્યા...

સમ્મેદશિખરની મિત્રધર ટૂંકથી, પહોંચ્યા સિદ્ધ શિલા;
અષ્ટ કર્મ રહિત અષ્ટ ગુણે શોભિત, પ્રગટ્યો પૂર્ણ સ્વભાવ ....ભાગ્ય જાગ્યા...

અમ અનાથના નાથ પ્રભુજી, વંદન વારંવાર;
નમન-પૂજન-સ્તવન કરતાં, થાયે સુખ અપાર ....ભાગ્ય જાગ્યા...

***

## (૨૩) શ્રી નેમિનાથ....

ભક્તિ કરું, હે નેમસ્વામી, ભાવથી આપની આજ ....

કાર્તિક શુક્લા છઠ્ઠને દિવસે, મંગલ સ્વપ્ન શીવામાત;
શ્રાવણ સુદના છઠ્ઠને દિને, જન્મ્યા તારણહાર ....ભક્તિ કરું...

ધ્રુવધામના ધૂની કુંવરજી, કરતાં સાધના અંતરમાંય;
ત્રણ શતક વર્ષ વિતતા થયા, નેમિકુંવર યુવાન ....ભક્તિ કરું...

જાન જોડી જુનાગઢ આવ્યા, સમુદ્રવિજયના નંદ;
પશુડાનો પોકાર સુણીને, ચઢી ગયા ગિરનાર ....ભક્તિ કરું...

રાગ પ્રસંગે વૈરાગ જગાવી, આદર્શ બન્યા જગમાંય;
બ્રહ્મચર્યના ઉત્તમ પ્રતીક, વંદન હો અગણિત ....ભક્તિ કરું...

છપ્પન દિવસ મુનિપદ ધારી, પામ્યા પૂર્ણ જ્ઞાન;
સાતસો વર્ષ વાણી વરસાવી, સિદ્ધ થયા ગિરનાર ....ભક્તિ કરું...

જય જય થાઓ સર્વે દિશામાં, નીલવર્ણ નેમિનાથ;
રહીએ સદા તુજ શરણમાં, એ જ અમારી આશ ....ભક્તિ કરું...

***

## (૨૪) શ્રી પાર્શ્વનાથ....

આવો આવો, હે ભક્તજનો સહુ, વંદીએ પારસનાથ ....

આનત સ્વર્ગથી પ્રભુજી પધાર્યાં, બનારસ થયું પાવન;
અશ્વસેન રાજા વામાદેવી માતા, હર્ષિત છે અપાર ....આવો આવો...

મેરુ સુદર્શને જન્માભિષેક, ક્ષીરસાગરનું નીર;
એક હજાર આઠ નામથી સ્તુતિ, ઇન્દ્ર કરે ભક્તિભાવ ....આવો આવો...

દીક્ષા લઈ અપ્રમત્તદશામાં, પ્રગટ્યું મનઃપર્યયજ્ઞાન;
ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં, ટળતા ન મળે માન ....આવો આવો...

ક્રોધ ઉપર ક્ષમાનો વિજય, પામ્યા અનંત ચતુષ્ટય;
સ્વયંભૂ આદિ દશ ગણધર, ઝીલે ઓમકાર નાદ ....આવો આવો...

સુવર્ણભદ્ર ઉન્નત ટૂંક, શ્રાવણ સુદ સાતમ;
એક સમયમાં ઊર્ધ્વગમન કરી, પહોંચ્યા મોક્ષધામ ....આવો આવો...

સ્વભાવની અરુચિ છે ક્રોધ, જાણ્યું હવે યથાર્થ;
તુજ ચરણશરણમાં રહીને, પ્રગટે ક્ષમાભાવ ....આવો આવો...

***

## (૨૫) શ્રી મહાવીર ભગવાન....

આવો આવો, હે વીરસ્વામી, મારા અંતરમાં ....

અષાઢ શુક્લા છઠ્ઠી દિને, ઉજાળી કૂખ ત્રિશલા માત;
છપ્પન કુમારિકા સેવા કરે, થાયે તત્ત્વની વાત ....આવો આવો...

ત્રિશલાનંદન મહાવીર પ્રભુજી, તારક જગના નાથ;
સિદ્ધાર્થના લાડીલા તમે, જન્મ્યા કુંડલપુર ધામ ....આવો આવો...

ચૈત્ર સુદ તેરસને દિવસે, થઈ આ ભૂમિ પાવન;
દેવોએ આવી મહોત્સવ કરીયો, ઘર ઘર જયજયકાર ....આવો આવો...

ત્રીસ વર્ષની કુમાર વયે, જાગ્યો અંતર વૈરાગ્ય;
મુનિપદ ધારી સન્મતિદેવે, કર્યું આત્મરસ પાન ....આવો આવો...

બાર વર્ષ ધ્યાનધારા ધખાવી, આવ્યા ઋજુવાલિકા;
ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને, પામ્યા ક્ષાયિકજ્ઞાન ....આવો આવો...

વિપુલાચલે દિવ્યધારા વહાવી, તાર્યાં ભવ્ય અપાર;
ઇન્દ્રભૂતિ વીરવાણી સુણીને, થયા ગૌતમ મહાન ....આવો આવો...

ત્રીસ વરસ વિહાર કરીને, પહોંચ્યા પાવાપુરી ધામ;
કાર્તિક અમાવસ મંગલ દિને, થયા સિદ્ધ ભગવાન ....આવો આવો...

વીર અતિવીર સન્મતિદાતા, વર્ધમાન મહાવીર;
પંચ નામ ધારી શાસનનાયક, વંદન હો અગણિત ....આવો આવો...

તુજ શાસનમાં વર્ધમાનજી, જાગ્યા કુંદકુંદ-કહાન;
જ્ઞાનધારાને વહેતી રાખી, કર્યો પરમ ઉપકાર ....આવો આવો...

જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા વીરપ્રભુનો;
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા ગૌતમદેવનો;
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા કુંદકુંદદેવનો;
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા કહાનગુરુનો;
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા ભગવતીમાતનો;
ભક્તો સહુ સાથે મળીને, કરીએ વંદન હજાર ....આવો આવો...

***

## (૨૬) ચોવીસ જિન ભક્તિ....

વંદન ચોવીસ જિનરાજ, કર્યો મહા ઉપકાર....(૨)....
આદિ જિનેશ્વર ઋષભદેવ, ખોલ્યા મુક્તિ દ્વાર;
અનાદિના અજિત મોહને, જીત્યો અજિતનાથ....વંદન....(૧)

સમ્યક્ ભવન સંભવજી, જન્મ શ્રાવસ્તી ધામ;
ભવ્ય જીવો અભિનંદન કરે, અહો ! પરમ વીતરાગ....વંદન....(૨)

સુમતિદાતા સુમતિ પ્રભુજી, અધિક ગણધર ઝીલે નાદ;
જલકમલવત્ પદ્મજિનજી, કરાવે ભેદજ્ઞાન....વંદન....(૩)

કાશીજીમાં ચાર કલ્યાણક, સુપાર્શ્વ પ્રભુ છે મહાન;
અષ્ટકર્મ રહિત અષ્ટગુણ સહિત, ચંદ્રપ્રભ નમન હો હજાર....વંદન....(૪)

સુવિધિ મોક્ષની બતાવી, પુષ્પદંત ભગવાન;
શીતલતાના પુંજ પ્રભુજી, આતમ સુખ ભંડાર....વંદન....(૫)

શ્રેયાંસ મુજ અંતર પ્રગટો, થાઉં ભવથી પાર;
દેવો પૂજિત વાસુપૂજ્ય, ન મળે માન કષાય....વંદન....(૬)

વિમલજિન વિમલ પદમાં, બતાવ્યો શુદ્ધ જીવ સાર;
અનંત જિનવર અયોધ્યામાં, ગુણ અપરંપાર....વંદન....(૭)

ધર્મ છે વસ્તુ સ્વભાવ, કહે ધર્મ ભગવાન;
ગજપુરમાં શાંતિનાથજી, બતાવે શાંતિનો માર્ગ....વંદન....(૮)

ષટ ખંડ નવ નિધિ તજીને, થયા કુંથુજિન મહાન;
મોહ અરિનો નાશ કર્યો, છો અરહજી વીતરાગ....વંદન....(૯)

બાલ બ્રહ્મચારી મલ્લિજિનવર, થયો કામ પરાભવ;
મુનિ દશામાં સુવ્રત પામ્યા પરિણતિ જામી નિજમાંય....વંદન....(૧૦)

મિથિલાપુરીમાં નમિપ્રભુજી, નમન વંદન હો હજાર;
બ્રહ્મચર્યના ઉત્કૃષ્ટ પ્રતિક, નેમિ આદર્શ જગમાંય....વંદન....(૧૧)

ઉપસર્ગ વિજેતા પાર્શ્વપ્રભુજી, બતાવે ક્ષમાભાવ;
પુરુષાર્થ પ્રેરક વીર અતિવીર, વર્તે શાસન જયકાર....વંદન....(૧૨)

ચોવીસ જિનવર ભક્તિ કરું છું, થાઉં તુજ સમાન;
ભરત ક્ષેત્રના ભવ્ય જીવોના, વંદન વારંવાર....વંદન....(૧૩)

***

## (૨૭) શાસનનાયક વીરપ્રભુ....

(રાગ : રાખના રમકડાં)

જ્ઞાનના દીવડાને, પ્રભુ વીરે... પ્રભુ વીરે... ઝગમગ રાખ્યા રે;
ત્રણ લોકના નાથે સૌના, તિમિર અજ્ઞાન ટાળ્યા રે... જ્ઞાનના દીવડાને...(૧)

ડગલે પગલે રંગ રાગમાં, ભાન ભૂલી સૌ મ્હાલે;
રાગ-દ્વેષ ને વિકાર માંહી, આ દિવ્ય જીવન ગુમાવે રે... જ્ઞાનના દીવડાને...(૨)

સ્વપ્ન સરીખી જૂઠી માયા, રંગ પતંગ જેવા સંયોગો;
મોહમદિરા પાન કરીને, ફોગટનો હરખાયો રે... જ્ઞાનના દીવડાને...(૩)

મિથ્યા માન્યતા દૂર કરે તે, ચોરાસી નવ રખડે;
આતમમાં રમણ કરતાં, પરમાતમ પદ પામે રે... જ્ઞાનના દીવડાને...(૪)

શાસનનાયક પ્રભુજી મળીયા, હવે નથી કાંઈ વાર;
તુજ શરણને પામી ભક્તો, પહુંચે મુક્તિ દ્વાર રે... જ્ઞાનના દીવડાને...(૫)

***

## (૨૮) અદ્‌ભુત સીમંધરનાથ !.....

(રાગ : તમે તો ભલે બિરાજોજી)

અહોહો! આનંદ ઊછળે અપાર...(૨)
અમ આંગણિયે સીમંધર જિનજી, બિરાજે છે સાક્ષાત્... અહોહો !...

વિદેહી જીવો ભરતે લાવ્યાં, વ્હાલા વિદેહી નાથ;
ભક્તોના હૈયા હર્ષથી નાચે, વધાવું છું જિનરાજ... અહોહો ! ...(૧)

તુજ વિરહે સેવક ઝૂરતાં, ક્યારે નિહાળું તારણહાર;
પાવન પગલે પ્રભુજી પધાર્યાં, ધન્ય થયું આ ધામ... અહોહો ! ...(૨)

વીતરાગ મુદ્રા નજરે પડતાં, આવે જ્ઞાયક યાદ;
અંતર મુખ દ્રષ્ટિ કરીને, પામીએ મોક્ષ રાહ... અહોહો ! ...(૩)

દર્શન-અભિષેક-પૂજન કરતાં, ભૂલાય છે સંસાર;
ભાવના ભરી ભક્તિ જાગે, થાય અનુભવ આજ... અહોહો ! ...(૪)

કલ્પવૃક્ષ કામધેનુ મળીયા, આવ્યો ચિંતામણિ હાથ;
હવે પ્રમાદ શાનો કરીએ ? થઈએ ભવથી પાર... અહોહો ! ...(૫)

કહાનગુરુનાં પરમ પ્રતાપે, ભેટ્યા છે ભગવાન;
ભગવતી માતનાં મંગલ આશિષ, મળ્યા જીવંત નાથ;
જીવનમાં કદી ન ભૂલાય, કર્યાં છે અનંત ઉપકાર... અહોહો ! ...(૬)

અમ મંદિરે નિત્ય બિરાજો, છે ભવ્યોની અરદાસ;
તુજ ચરણ-શરણ ગ્રહીને, પામું પદ નિર્વાણ... અહોહો ! ...(૭)

***

## (૨૯) ભેટ્યા વિદેહીનાથ....

ભાવભીના ભક્તો સહુ આવો, રૂડા ભક્તિ ગાન ગજાવો;
જિનનો જયકાર ગજાવો, સીમંધર ! પ્રભુજી આંગણે પધાર્યાં (૨)...

આવો આવો વિદેહીનાથજી ! સ્વાગત કરે ભક્તો મળી;
ભક્તોના ભગવાન જિનજી, સીમંધર ! પ્રભુજી આંગણે પધાર્યાં (૨)...

વાટ જોતા'તા ભક્તો ભાવથી,
વિચરંતા પ્રભુજી તમારી;

ભક્તોના ખીલ્યા સદ્‌ભાગ્ય, જિનજી પધાર્યાં છે સાક્ષાત્;
વિહાર કર્યો આનંદકાર, સીમંધર ! પ્રભુજી આંગણે પધાર્યાં ...(૨)... ભાવભીના ...(૧)

ધન્ય દ્રવ્ય - ક્ષેત્ર - કાળ,
ભગવાન ભેટ્યા મહાન;

હવે પ્રગટે અનુભવ ભાવ, પ્રભુજીની કૃપા છે અપરંપાર;
જીવન અમારું પાવન થાય, સીમંધર ! પ્રભુજી આંગણે પધાર્યાં ...(૨)... ભાવભીના ...(૨)

જીવંતસ્વામી ભરતે બિરાજ્યા,
ભવ્ય જીવોના ભવબંધ છૂટ્યા;

નાથ પધાર્યાં તારણહાર, ભાવથી કરીએ તુજને પ્રણામ;
અહોહો ! ઉપકાર છે અપાર, સીમંધર ! પ્રભુજી આંગણે પધાર્યાં ...(૨)... ભાવભીના ...(૩)

સીમંધર નાથ વિદેહના,
બિરાજે અમ મંદિરમાં;

આંગણા પાવન થયા આજ, મળ્યા આતમ આધાર;
ગુરુવર કહાન છે વારસદાર, સીમંધર ! પ્રભુજી આંગણે પધાર્યાં ...(૨)... ભાવભીના ...(૪)

***

## (૩૦) સીમંધર દર્શન....

યહ હૈ પાવન પ્રતિમા, શોભે મંદિર હમારા;
સીમંધર દર્શન કરને, સબ બારબાર આના...

વિદેહ બિરાજે દેવ, ભરત પધારે નાથ;
પૂજતે ભક્તિ ભાવસે, હો જાવે ભવસે પાર ...યહ હૈ...(૧)

નાસાગ્ર દ્રષ્ટિ હૈ, કહતી જાનો જ્ઞાયક ભાવ;
હાથ પે હાથ ધરે, છોડ કર્તાબુદ્ધિ અજ્ઞાન ...યહ હૈ ...(૨)

ઉપશમ ભરપૂર મુદ્રા, માનો સાક્ષાત્ હૈ ભગવાન;
અંતર્મુખ દ્રષ્ટિ કરકે, હમ પાવે આતમજ્ઞાન ...યહ હૈ...(૩)

આચાર્ય કુંદદેવને, પ્રત્યક્ષ સુની દિવ્યવાણ;
આપકે મંગલ સંદેશરૂપ, દિયા જગકો સમયસાર ...યહ હૈ...(૪)

ઉપકારી ગુરુવર કહાન, લાયે યહાં જ્ઞાનભંડાર;
ઉપકારી ભગવતી માત, લાયે યહાં જ્ઞાનવૈભવ;
આત્મવૈભવ ખોલકર, કરાયા નિજરસપાન ...યહ હૈ...(૫)
આત્મવૈભવ ખોલકર, પહુંચાયે મોક્ષદ્વાર ...યહ હૈ...(૫)

નિત્ય બિરાજો મંદિરમેં, અમ આત્મ પરિણતિમેં;
દિનરાત સ્મરણ હો, ભૂલું ના જીવનમેં ...યહ હૈ...(૬)

***

## (૩૧) વ્હાલા વિદેહીનાથ વંદન....

(રાગ : ભજ-ભજ પ્યારે...)

વંદીએ વિદેહના ભગવાન, છે સીમંધર રૂડા નામ;
હૃદય બિરાજો મારા નાથ, ભાવથી પૂજું છું દિન-રાત... વંદીએ ...(૧)

દૂર દૂર પ્રભુ તારો દેશ, પહોંચું કઈ વિધ હે જિનેશ ?
ભાવના ભાવું છું વારંવાર, આપ જુઓ છો જ્ઞાન મોઝાર... વંદીએ ...(૨)

અમ અનાથના છો તમે નાથ, શિવપુરનો છે સાચો સાથ;
નિત ઊઠી કરું છું પ્રણામ, હૃદયમાં ઊછળે ભક્તિભાવ... વંદીએ ...(૩)

દર્શન-વાણી ક્યારે મળે તાત, લગની લાગી છે અપાર;
ચાંદલિયો દેખાય આકાશ, સંદેશ મોકલું તુજને નાથ... વંદીએ ...(૪)

ચંદાજી કહે સુણો જિનદાસ ! વાણી સુણી હતી જિનની આજ;
ધર્મ-આશિષ આપ્યા ભગવાન, તુમ ભક્તોના ભાગ્ય મહાન... વંદીએ ...(૫)

ક્ષમા કરજો હે જિનરાજ ! દોષ-ક્ષતિ થયા અમારાથી કાંઈ;
જયવંત વર્તો અમારા નાથ ! સદાય રહેજો તારો સાથ... વંદીએ ...(૬)

***

## (૩૨) ધન્ય વિદેહીનાથ....

વિદેહવાસી શ્રી સીમંધર નાથજી,
વિનંતી અમારી સ્નેહ ધરી અવધાર જો;
સંસારે ભમતાં હું આવ્યો આપને,
શરણે સાહિબ જાણી જગદાધાર જો ......વિદેહવાસી......(૧)

સહવાસી છો ચિરસમયના નાથજી,
સાથે રહીને કરતાં કાર્ય અપૂર્વ જો;
અલ્પ સમયના વિરહે શું વિસરી ગયા,
સેવકને સંકટમાં મૂકીને નાથ જો ......વિદેહવાસી......((૨)

દૂરે મૂકી વિસરવું છાજે નહીં,
ઉત્તમ તે છંડે નહીં ઉત્તમ રીત જો;
સુખમાં સર્વે સજ્જનતાને દાખવે,
દુઃખમાં ત્યાગે નહિ જો સાચી પ્રીત જો ......વિદેહવાસી......(૩)

શ્રેયાંસનંદન ! નાથ ! ઘણું શું વિનવીએ,
દાસ તમારો ભરતે રહ્યો હો નાથ જો;
હાથ ગ્રહીને રાખો સાથો સાથમાં,
જેમ ઘણા સેવક છે પ્રભુજી સાથ જો ......વિદેહવાસી......(૪)

દર્શન આપી સ્વામી આ સંસારથી,
પાર ઉતારો પરમાતમ પરમેશ જો;
સેવકને પ્રભુ અમૃત રસના પાનથી,
સિદ્ધિ કરાવો અલ્પ સમયમાં દેવ જો ......વિદેહવાસી......(૫)

***

## (૩૩) પાવન પધરામણી...

પ્રભુજીના ભક્તો સહુ આવો, રૂડા મંગળ ગીતો ગાવો;
સત્‌નો જયકાર ગજાવો, સીમંધર ! પ્રભુજી ભરતે પધાર્યાં ...(૨)...

આવો આવો હે જિનવરજી ! સ્વાગત કરે કહાન ગુરુજી;
ગુરુના લાડકવાયા જિનજી, સીમંધર ! પ્રભુજી ભરતે પધાર્યાં ...(૨)...

રટતાં'તાં ગુરુજી હૃદયે,
સીમંધર પ્રભુજી તુમને;

ગુરુજીની વિનતડી સ્વીકારી, જિનજીએ કૃપા કરી છે ભારી;
વિદેહી નાથ તણી બલિહારી, સીમંધર ! પ્રભુજી ભરતે પધાર્યાં ...(૨)... પ્રભુજીના.. (૧)

પ્રભુ ધન્ય સુયોગે પધાર્યાં,
મારા વ્હાલા ગુરુએ પધરાવ્યા;
તે દિનથી વૃદ્ધિ થાય, ભરતે પ્રભુજી અપરંપાર;
પાવન જિનવર દર્શન થાય, સીમંધર ! પ્રભુજી ભરતે પધાર્યાં ...(૨)... પ્રભુજીના.. (૨)

વીતરાગ પ્રભુજી પધાર્યાં,
ગુરુરાજ જિનેન્દ્રને ભેટ્યા;

સાષ્ટાંગ શ્રી ચરણે કહાન, ગુરુવર કરે છે પ્રભુને પ્રણામ;
અહો ! એ દ્રશ્ય દિસે છે મહાન, સીમંધર ! પ્રભુજી ભરતે પધાર્યાં ...(૨)... પ્રભુજીના.. (૩)

સિંહનાદ ગાજે વનજંગલમાં,
તેમ ગુરુ કહાન ગાજે ભરતમાં;

હલાવ્યું આત્મબળે આખું હિન્દ, સુણાવ્યું સત્ય સ્વરૂપ નિશંક;
વધાવું ફૂલડે વીર લઘુનંદ, સીમંધર ! પ્રભુજી ભરતે પધાર્યાં ...(૨)... પ્રભુજીના.. (૪)

***

## (૩૪) અદ્ભુત અનુભવ....

એક ઘડી પ્રભુ અનુભવ થાયે, (૨) ભ્રમણા ભાંગી પડે;
અંતરમાં આનંદ ઊછળે ......
અંતરમાં આનંદ ઝરે ......

એક ઘડી પ્રભુ આપને ઓળખું, (૨) ભ્રમણા ભાંગી પડે;
અંતરમાં આનંદ ઊછળે ......
અંતરમાં આનંદ ઝરે ......

વીર પ્રભુજી આંગણે બિરાજે, જાગ્યા મારા ભાગ્ય;
શાંતિનાથ આંગણે બિરાજે, જાગ્યા મારા ભાગ્ય;
તારણહારા તુજ શરણમાં, (૨) ખૂલે મોક્ષના દ્વાર રે ...અંતરમાં...૧

વીરપ્રભુનાં શાસનમાંહી, મળ્યું છે સમયસાર;
કુંદકુંદદેવની વાણી સુણીને, (૨) પામું આતમજ્ઞાન રે ... અંતરમાં...૨

ગુરુવર કહાનનાં પરમ પ્રતાપે, સમજાય છે જિનવાણ;
સ્વરૂપસાધક ગુરુ ચરણોમાં, (૨) વંદન વારંવાર રે ...અંતરમાં...૩

ભગવતી માતની સાધના જુઓ, વહેતી અખંડ ધાર;
આતમ આરાધના જાગૃત થાય, (૨) ભાવના ભાવું આજ રે ...અંતરમાં...૪

અનાદિ કાળથી ભમતો રહ્યો છું, સુખ ન મળ્યું ક્યાંય;
મહાપુણ્યે અવસર મળ્યો, (૨) ચૂકી ન જાઉં જરાય રે ...અંતરમાં...૫
મહાપુણ્યે માનવભવ મળ્યો, (૨) અવસર એળે ન જાય રે ...અંતરમાં...૫

***

## (૩૫) પંચ પરમેષ્ઠી વંદન....

(રાગ : નિરખી નિરખી મનહર...)

મંગલમય શ્રી પંચ પરમેષ્ઠી, વંદન કલ્યાણકારી;
મંગલમય શ્રી પંચ પરમેષ્ઠી, દર્શન આનંદકારી;
મંગલમય શ્રી પંચ પરમેષ્ઠી, પૂજન મંગલકારી;
મંગલમય શ્રી પંચ પરમેષ્ઠી, ભક્તિ અહો ! હિતકારી;
મંગલ ઉત્તમ શરણભૂત છો, ભવ્યોના ઉપકારી ...મંગલમય...

ભવવનમાં હું ભટકી રહ્યો છું, મળ્યું ન સુખ લગાર રે ...(૨)
સદ્ભાગ્ય જાગ્યા હવે મારા, મળશે સુખ અપાર રે ...(૨)
તુજ ગુણોને યથાર્થ ઓળખી, થઈએ આતમજ્ઞાની રે ... મંગલમય...(૧)

છેંતાલીસ ગુણના ધારક, અરિહંતદેવ સદા વંદન ...(૨)
વીતરાગ સર્વજ્ઞ પ્રભુજી, સો ઇન્દ્રો કરે તુજને નમન ...(૨)
ચાતક સમ ભક્તો રાહ જુએ છે, વરસાવો દિવ્ય વાણી રે ...મંગલમય...(૨)

સાધ્ય પદમાં આપ બિરાજો, સિદ્ધ પરમેષ્ઠી મહાન રે ...(૨)
આઠ કર્મ રહિત પરમાતમ, અષ્ટ ગુણ આદિ અમાપ રે ...(૨)
તુજ સ્વરૂપને આજે ધ્યાયીને, સહુ પામે અનુપમ ગતિ રે ...મંગલમય...(૩)

ચાર સંઘના નેતા ગુરુવર, છત્રીસ ગુણ ભંડાર રે ...(૨)
દશ ધર્મ બાર તપ, ત્રિગુપ્તિ પંચાચાર રે ...(૨)
છ આવશ્યક ધારી આચાર્યજી, વન જંગલ વિહારી રે ...મંગલમય...(૪)

રત્નત્રય સહિત ઉપાધ્યાય, ભણે ભણાવે આગમ રે ...(૨)
જિનવર વાણી સાર ગ્રહીને, પામે પરમાનંદ રે ...(૨)
અગીયાર અંગ ચૌદ પૂર્વ, મહિમાવંત જ્ઞાનધારી રે ...મંગલમય...(૫)

પંચ મહાવ્રત સમિતિ પાંચ, ઇન્દ્રિય પાંચ નિરોધ છે... (૨)
છ આવશ્યક સપ્ત અન્ય ગુણ, ન રાગ ન વિરોધ છે... (૨)
અઠ્ઠાવીસ ગુણ શોભે, આપ નિર્ગ્રંથ નિર્મોહી રે... મંગલમય...(૬)

વંદન પૂજન ભક્તિ કરતાં, જીવન ધન્ય થાય રે... (૨)
સદા અમ હૃદયે બિરાજો, ભાવના ભાવું આજ રે... (૨)
તુજ સંગ ક્યારેય ન છોડું, અમ જીવન હિતકારી રે... મંગલમય... (૭)

***

## (૩૬) મંગલમય પંચ પરમેષ્ઠી....

સકલ મંગલ મહીં મંગલ, મહા મંગલ ગણું જેને;
પ્રભુ તે પંચ પરમેષ્ઠી, નમું છું ભાવથી તેને ......

અરિહંતો જિનેશ્વર જે, જીતીને રાગ-દ્વેષને;
વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને ....સકલ...(૧)

બીજા જે સિદ્ધ પરમાત્મા, કરીને ભસ્મ વિભાવને;
બિરાજે મુક્તિના પદમાં, નમું છું ભાવથી તેને ....સકલ...(૨)

ધરી ચારિત્ર આચાર્યો, સંઘનાયક થયા છે જે;
વિદારે જન્મ-મરણને, નમું છું ભાવથી તેને ....સકલ...(૩)

ભણે-ભણાવે ઉપાધ્યાય, સકલ સિદ્ધાંત સમજીને;
રમે છે જ્ઞાનસ્વરૂપમાં, નમું છું ભાવથી તેને ....સકલ...(૪)

વિચરે વનમાં મુનિરાજ, જગતનો મોહ મારીને;
ઝૂલતાં પ્રમત-અપ્રમતે, નમું છું ભાવથી તેને ....સકલ...(૫)

અમરપદ સાધવા માટે, આવીએ આપના મારગે;
ભવભ્રમણ ટાળીએ હવે, નમું છું ભાવથી તેને ....સકલ...(૬)

***

## (૩૭) નિત્યબોધિની જિનવાણી માતા....

માતા ! વંદન કરું આજ, અમને ઉતાર્યાં ભવથી પાર...

અનાદિ કાળથી ભમતો રહ્યો છું, ક્યારેય ન આવ્યો આરો;
તુજ શરણ-આશ્રય મળતાં, (૨) મટ્યો છે સંસાર આંટો... માતા...(૧)

સમયસાર દ્રવ્યાનુયોગ, કરાવે ભેદથી ભેદ;
ભેદજ્ઞાનની ધારા વહાવી, (૨) કરો મિથ્યાત્વનો છેદ... માતા...(૨)

શ્રાવકાચાર ચરણાનુયોગ, બતાવે અધૂરાશ રાગ;
ચારિત્રનો પુરુષાર્થ વધારી, (૨) થાઓ પૂર્ણ વીતરાગ... માતા...(૩)

ગોમ્મટસાર કરણાનુયોગ, વર્ણન જીવાદિ પ્રકાર;
ત્રિલોકસાર કરણાનુયોગ, વર્ણન લોકાકાશ;
સૂક્ષ્મ વિષય જ્ઞાનનો જાણી, (૨) પામો કેવળજ્ઞાન... માતા...(૪)

મહાપુરાણ કથાનુયોગ, છે મહાપુરુષ જીવન;
સંસારમાં પુણ્ય-પાપના ખેલ, (૨) છોડતા સિદ્ધભગવાન... માતા...(૫)

વીતરાગતા પોષક નિત્યબોધિની, તું છો કેવળીની વાણ;
રુચિપૂર્વક સ્વાધ્યાય કરીને, (૨) કરીએ આત્મકલ્યાણ... માતા ...(૬)
ગુરુપ્રતાપે સ્વાધ્યાય કરીને, (૨) કરીએ આત્મકલ્યાણ... માતા ...(૬)

***

## (૩૮) સમયસાર ભક્તિ....

ધન્ય વાણી સમયસાર, અમને બતાવ્યો આતમરામ ....

સમયસાર અધ્યાત્મ વાણી, દેખાડે નિજ ભગવાન;
નવ તત્ત્વના ભેદથી જુદો, તું છો જ્ઞાયકભાવ ....ધન્ય...(૧)

બાર ગાથા પીઠિકામાં છે, સંક્ષિપ્ત સઘળો સાર;
સૂક્ષ્મ રૂચિવંત જીવો સહુ, થઈ જાઓ ભવ પાર ....ધન્ય...(૨)

અડતીસ ગાથા પૂર્વરંગ, શ્રોતાને આતમ ભાન;
હું એક શુદ્ધ સદા અરૂપી, કરો અનુભવ આજ ....ધન્ય...(૩)

જીવ-અજીવ અધિકાર જુઓ, કરાવે છે ભેદજ્ઞાન;
જડ-ચેતનને ભિન્ન જાણતાં, ટળે અનંત અવતાર ....ધન્ય...(૪)

પર સંગ કર્તા-કર્મ કેમ ? રાગને કરે ન કાંઈ;
અકર્તા ભાવ અંતર જગાવી, જ્ઞાતા રહે સદાય ....ધન્ય...(૫)

પુણ્ય-પાપમાં ભેદ કેવો ? રખડાવે ચાર ગતિમાંય;
મલિનતા, આકુળતા છોડી, આવી જા આનંદધામ ....ધન્ય...(૬)

મિથ્યાત્વ છે મોટો આસ્રવ, કરાવે બંધ અપાર;
સાચી સમજણ સ્વરૂપની કરી, છોડ વિપરીત ભાવ ....ધન્ય...(૭)

ભેદજ્ઞાનથી સંવર થાય, પ્રગટે મોક્ષનો માર્ગ;
સર્વ સિદ્ધ ભેદજ્ઞાનથી થયા, અન્ય મળે ન ઉપાય ....ધન્ય...(૮)

પ્રીતિ સંતુષ્ઠિ તૃપ્તિ તું કરજે, નિજ સ્વરૂપમાં જ;
શુદ્ધિની વૃદ્ધિ નિર્જરા થાશે, એકદેશ બંધ અભાવ ....ધન્ય...(૯)

અન્ય કોઈ નહીં બંધના કારણ, છે માત્ર અધ્યવસાય;
અબંધ સ્વરૂપનો આશ્રય કરતાં, નિશ્ચિત બંધનો નાશ ....ધન્ય...(૧૦)

તારું લક્ષણ ચૈતન્ય છે ને, બંધનું લક્ષણ રાગ;
પ્રજ્ઞાછીણી થકી બંધ છેદતાં, પ્રગટે મોક્ષ સ્વભાવ ....ધન્ય...(૧૧)

તું સર્વ વિશુદ્ધ જ્ઞાન સ્વરૂપી, છે ભિન્ન સર્વ સ્વાંગ;
ક્રમબદ્ધનો સાચો સ્વીકાર, છે પુરુષાર્થ યથાર્થ ....ધન્ય...(૧૨)

અનંત ધર્મ ધારક આતમ, બતાવે છે સ્યાદ્વાદ;
તત્-અતત્ ચૌદ ભંગ, જણાવ્યા પરિશિષ્ટમાંય ....ધન્ય...(૧૩)

અનંત શક્તિ સ્વરૂપ ચેતન, હવે તો નિજમાં નિહાળ;
ઉપાય-ઉપેય બધું જ જ્ઞાનમાં, કર પાકો નિરધાર ....ધન્ય...(૧૪)

જય હો જય હો સમયસાર, છે જિનેશ્વરની વાણ;
કુંદકુંદદેવે અદ્ભુત ગૂંથી, રત્નોની આ માળ ....ધન્ય...(૧૫)

આત્મખ્યાતિ અનુપમ ટીકા, મળે ન બીજે ક્યાંય;
કમાલ છે અમૃતચંદ્રદેવ, ખોલ્યા જ્ઞાન ભંડાર ....ધન્ય...(૧૬)

કરકમળમાં પરમાગમ આવતાં, જાગ્યો અંતર પોકાર;
આ અશરીર થવાનું શાસ્ત્ર, કહે સહજ ગુરુરાજ ....ધન્ય...(૧૭)

સ્વાધ્યાય મંદિરે સમયસાર શોભે, સ્થાપ્યું ભગવતી માત;
અભ્યાસ, ચિંતન મનન કરીને, પામીએ સમયસાર ....ધન્ય...(૧૮)

ધન્ય વાણી સમયસાર, અમને બતાવ્યો આતમરામ ....

***

## (૩૯) ભાવલિંગી સંત ધન્ય છે....

ધન્ય છે ધન્ય છે ધન્ય છે રે, એ તો દિગંબર ભાવલિંગી સંત છે રે;
એને આતમનો મીઠો સંગ છે રે, મારા નિર્ગ્રંથ ગુરુ ધન્ય છે રે ....

થયા મોક્ષગામી બાહુબલી સ્વામી, ધ્યાને મસ્ત એને વેલડી વીંટાણી;
પૂર્ણતામાં જામી ગયા સંત છે રે, મારા બાહુબલી સંત ધન્ય છે રે .... ધન્ય છે....(૧)

ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વ ધારી, અંતિમ થયા છે એ શ્રુતકેવળી;
એ તો આતમ ધ્યાનમાં લીન છે રે, મારા ભદ્રબાહુ સ્વામી ધન્ય છે રે .... ધન્ય છે....(૨)

ધરસેન પુષ્પદંત ભૂતબલી દેવ, વરસાવ્યો ષટ-ખંડ આગમ મેહ;
કરણાનુયોગ રચના અદ્‌ભુત છે રે, મારા ધરસેનાચાર્ય ધન્ય છે રે .... ધન્ય છે....(૩)

કુંદકુંદદેવા વિદેહધામ યાત્રી, સમયસારમાં આપે અનુભવ ખાત્રી;
ઉત્તમ પ્રસાદી દ્રવ્યાનુયોગની રે, મારા કુંદકુંદદેવ ધન્ય છે રે .... ધન્ય છે....(૪)

અમૃતચંદ્રસૂરી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, સાધક જીવન કેમ કરી જીવાય;
ચરણાનુયોગ જિનવાણી છે રે, મારા અમૃતચંદ્રસૂરિ ધન્ય છે રે .... ધન્ય છે....(૫)

જિનસેન આચાર્ય રચે મહા પુરાણ, બતાવે શ્લાકા પુરુષ મહાન;
કથાનુયોગમાં પુણ્ય-પાપ ખેલ છે રે, મારા જિનસેનાચાર્ય ધન્ય છે રે .... ધન્ય છે....(૬)

ધન્ય છે ધન્ય છે ધન્ય છે રે, સર્વ વીતરાગી સંતો ધન્ય છે રે;
જિનદેવના એ જ્યેષ્ઠ નંદન છે રે, તેમનાં ચરણોમાં સદા વંદન છે રે .... ધન્ય છે....(૭)

***

## (૪૦) આદર્શ સાધક... (શ્રી બાહુબલી ભક્તિ)...

છે ઋષભનંદન દુલારા, અમને લાગે છે બહુ પ્યારા;
હે બાહુબલી મુનીશ્વર, વંદન હો કોટિ અમારા ... છે ઋષભ ...(૧)

પ્રથમ કામદેવ બન્યા, શરીરથી ઉદાસ રહેતા;
સાચા વૈરાગી થયા, અમે થઈએ આપ જેવા ... છે ઋષભ ...(૨)

ધ્રુવધામની ધૂણી ધખાવી, ધ્યાન ધારા ઉગ્ર જગાવી;
એકાગ્ર લગની લગાવી, આદર્શ બન્યા છો જગમાં ... છે ઋષભ ...(૩)

વેલડી શરીરે વીંટાણી, પરિણતિ નિજમાં જામી;
ધન્ય હો પુરુષાર્થી, પરથી તોડ્યા તમે નાતા ... છે ઋષભ ...(૪)

ભક્તોના ભાગ્ય ખીલ્યા, અમ આંગણે આવી બિરાજ્યા;
નિજ આતમ થયા ઊજળા, નિરખી તુજ અખંડ ધારા ... છે ઋષભ ...(૫)

***

## (૪૧) અડગ બાહુબલી....

બાહુબલી છે આનંદકારી;
આનંદકારી ને મંગલકારી;
મંગલકારી ને કલ્યાણકારી;
કલ્યાણકારી ને ઉત્તમકારી;
ઉત્તમકારી ને આનંદકારી .... બાહુબલી છે.... ૧

બાહુબલી સદા અમ આંગણે બિરાજો,
આત્મધ્યાનની પ્રેરણા આપો;
સુનંદાનંદન જય જય હોજો,
ઉપાસનાનું સ્મરણ કરાવો ....બાહુબલી છે.... ૨
આરાધનાની વિધિ બતાવો ....બાહુબલી છે.... ૨

વન જંગલમાં આપ વિચરતાં,
ઉપસર્ગોને સહેજે જીતતાં;
પરિષહથી જરા ન ડગતાં,
કૃપા કરી અમને પાવન કરો .... બાહુબલી છે.... ૩

ધ્યાનમાં તુજને વેલડીઓ વિંટાણી,
છતાં અડગ ધ્યાનમાં ઊભા;
ધન્ય ધન્ય અચલ મુદ્રાધારી,
ચરણ કમળમાં કરીએ વંદન ....બાહુબલી છે.... ૪

***

## (૪૨) બાહુબલી અંતરંગ દર્શન....

શાંતસરોવરની પાળે બાહુબલી, રહેતાં જ્ઞાનેશ્વર ધામ હાં....હાં....(૨)
ચેતનધામનાં વાસી બાહુબલી, રહેતાં જ્ઞાનેશ્વર ધામ હાં....હાં....(૨)

ચારિત્ર શિબિકામાં બિરાજતાં,
શાંતિ, ક્ષમાને ઉરમાં ધરતાં,
પ્રચૂર આનંદમાં જ રમતાં, પહેરી મંગળમાળ હાં....હાં....(૨)....૧

વસતાં ઊંડી જ્ઞાન ગુફામાં,
પહોંચ્યાં ઊંચી ચારિત્ર ટૂંકમાં,
ચિન્મૂરતિમાં મસ્ત વિચરતાં, રહેતાં પરથી ઉદાસ હાં....હાં....(૨)....૨

નો'તી એને કાયાની મમતા,
નો'તી એને જગની માયા,
છોડી જગની સર્વ ઝંઝાળને, કરતાં સાધના દિનરાત હાં....હાં....(૨)....૩

ધ્રુવધામની ધૂણી જગાવી,
ધગશ ને ધીરજથી ધખાવી,
નિજસ્વરૂપના રથમાં બિરાજી, ચાલ્યાં મોક્ષપુરી દ્વાર હાં....હાં....(૨)....૪

ઉગ્ર કરી આરાધનાની ધારા,
આનંદ ઊછળ્યાં નિજ અંતરમાં,
સાતિશય અપ્રમત દશાએ, લીધી ક્ષપકશ્રેણી મહાન હાં....હાં....(૨)....૫

વીર્ય રસનો ધોધ જ છૂટ્યો,
કેવળજ્ઞાનનો સૂર્ય ઊગ્યો,
ચૈતન્યચંદ્રની શીતળતામાં, ડૂબી ગયા ભગવાન હાં....હાં....(૨)....૬

દ્રવ્ય જેમનું મંગલકારી,
ઉપાસના છે આશ્ચર્યકારી,
સિદ્ધો સાથે વાતો કરતાં, થયાં સિદ્ધ સમાન હાં....હાં....(૨)....૭

ક્યારે મળે એવા સંત અનોખા,
ભાગ્ય જાગે ક્યારે અમારા,
ચૈતન્ય ઋધ્ધિવંત મુનિવરને, વંદન વારંવાર હાં....હાં....(૨)....૮

***

## (૪૩) શ્રી કુંદકુંદાચાર્યદેવ સંગ સંવાદ....

જિજ્ઞાસા : કહો કુંદકુંદદેવ ! કિયો તમારો, દેશ રે,
આ, કિયા તમારા, બેસણાં રે .....(૧)

સમાધાન : ભરતક્ષેત્ર, છે અમારો, દેશ રે,
આ, સીમંધર સભામાં, બેસણાં રે .....(૨)

ભારતભૂમિ, છે અમારો, દેશ રે,
આ, પોન્નુરગિરિમાં, બેસણાં રે .....(૩)

આત્મ સ્વસ્થાને, છે અમારો, વાસ રે,
આત્મ સ્વસ્થાન, છે અમારું, ધામ રે,
આ, અનંત ગુણોમાં, બેસણાં રે .....(૪)

જિજ્ઞાસા : આપ વિદેહક્ષેત્ર કેવી રીતે ગયા ? ને ત્યાં શું જોયું ?

કહો કુંદકુંદદેવ ! કેમ કરી ગયા, વિદેહ રે,
આ, શું શું જોયું, ભાવથી રે ......(૫)

આપ ગયા શી, રીતે વિદેહ, ક્ષેત્ર રે,
આ, કેવા પ્રભુને, નિહાળીયા રે ......(૬)

સમાધાન : ભક્તિભાવે, ગયા અમે, વિદેહ રે,
આ, જિનેન્દ્ર અદ્દ્ભુત, નિહાળીયા રે .......(૭)

પોન્નુરગિરિથી, ગયા વિદેહ, ક્ષેત્ર રે,
ત્યાં, સીમંધર દર્શન, પામીયા રે .......(૮)

જિજ્ઞાસા : આપશ્રીની પધરામણીથી સમવસરણમાં શું થયું ?

વિદેહ પધારતાં, ઘટના શી બની, મહા રે,
આ, વાણી સુણતાં, શું કર્યું રે .......(૯)

સમાધાન : સીમંધરપ્રભુની, ધ્વનિના છૂટ્યા, નાદ રે,
અમે, તેને ઝીલ્યા, ભાવથી રે .......(૧૦)

અદ્ભુત ધ્વનિ, સુણી થયાં લવ, લીન રે,
અનુપમ ધ્વનિ, સુણી થયાં આત્મ, લીન રે,
આ, વીતરાગ ભાવને, ઘૂંટીયા રે ......(૧૧)

જિજ્ઞાસા : પાછા ભરતમાં આવીને શું કર્યું ?

સમાધાન : ફરી અહીં આવ્યા, ભરત ક્ષેત્ર, મોઝાર રે,
આ, સમયપ્રાભૃત, ગૂંથિયા રે .......(૧૨)
આ, તત્ત્વની કરી, લ્હાણી રે .......(૧૨)
આ, ભક્તો પામે, આત્મને રે .......(૧૨)

ભક્તોની ભાવના : આ ભરતક્ષેત્રે, શ્રુતકેવળી કુંદકુંદ, દેવ રે,
મહા, મુનિઓનાં, શિરોમણિ રે ......(૧૩)

વંદુ વંદુ, ભાવથી તુજને, આજ રે,
આ, ભવસાગરથી, ઉગારજો રે ......(૧૪)

કુંદકુંદ પ્રભુના, કેડાયત ગુરુ, કહાન રે,
આ, જગત ઉદ્ધારક, પ્રભુ જાગીયા રે .......(૧૫)

સુવર્ણપુરી દિસે, મહાવિદેહ, સમાન રે,
આ, સીમંધર પ્રભુજી, પધારીયા રે. ......(૧૬)

તીર્થધામમાં વર્તે, જય જય, કાર રે,
આ, મંગળ કાર્યો, દિન દિન થાય રે. ......(૧૭)

જયવંત વર્તે, દેવ ગુરુજી, શાસ્ત્ર રે,
આ, શાસન જયવંત વર્તી, રહ્યું રે ......(૧૮)

***

## (૪૪) શ્રી કુંદકુંદદેવ દર્શન....

(રાગ : ઐસે મુનિવર)

દેખે કુંદકુંદ આચાર્ય વનમેં, અંતર આતમ અનુભવમેં રમતે ...
દેખે કુંદકુંદ આચાર્ય હમને, અંતર આતમ અનુભવમેં રમતે ...
દેખે કુંદકુંદ આચાર્ય પોન્નુરમેં, અંતર આતમ અનુભવમેં રમતે ...

ઉગ્ર સ્વરૂપ સાધના કરતે, વે તો પ્રચુર આનંદ પીતે ... દેખે ... (૧)

પ્રભાવશાળી ગુરુવર વિચરતે, હોતી ધર્મ પ્રભાવના સહજમેં ... દેખે ... (૨)

પુણ્ય-પવિત્રતાકે સ્વામી હમારે, ચારો સંઘ દેખી હર્ષિત હોતે ... દેખે ... (૩)

મંગલ પોષ કૃષ્ણા અષ્ટમી આયી, આચાર્ય પદમેં શોભિત હુએ ... દેખે ... (૪)

ધન્ય ધન્ય દિવસ યહ આયા, જિનશાસનમેં આનંદ છાયા ... દેખે ... (૫)

સાક્ષાત્ સીમંધર દર્શન પાયા, સમયસાર આદિ આગમ રચાયા ... દેખે ... (૬)

અનંત ઉપકારી હો આચાર્યદેવ, હમ ભક્તિ ભાવસે કરતે સેવ ... દેખે ... (૭)

સ્વાધ્યાય કરેગેં પરમાગમકા, યહી ઉપાય હૈં શિવ પાનેકા ... દેખે ... (૮)

મનમંદિરમેં નિત્ય બિરાજો, ભવ સાગરસે પાર ઉતારો ... દેખે ... (૯)

***

## (૪૫) સિદ્ધપદ સાધક....

મૈં પૂજતી હૂં જિનકો, અંતરકી આતમાસે;
વે સામને બિરાજે, મેરે ગુરુ હૈં મેરે, વે સિદ્ધ બનનેવાલે .....મૈં પૂજતી...

ગુરુ સચ્ચા મિલે જિસકો, બડા પુણ્યવાન હોતા હૈ;
ગુરુકો સહી પહચાનેં, વો ભવસે પાર હોતા હૈ;
નહીં રાગ-દ્વેષ મનમેં, (૨) તુમ સમતા ભાવવાલે ..... મૈં પૂજતી...૧

ઘના અંધકાર છાયા હૈ, નહીં દિખતા કિનારા હૈ;
યહાં મતલબકા નાતા હૈ, એક જ્ઞાયક બતાયા હૈ;
મૈં ભક્તિભાવસે વંદું, (૨) ભવદુઃખ મિટાનેવાલે ..... મૈં પૂજતી...૨

ગુરુ મોક્ષમાર્ગ સાધક હો, સદા આનંદદાયક હો;
વિજય અજ્ઞાન પે પાયી, તુમ્હીં સચ્ચે હો જ્ઞાનધારી;
હે ઉપકારી ગુરુવર ! (૨) આતમ દિખાનેવાલે ..... મૈં પૂજતી...૩

યે જીવન દુર્લભ મિલા, નહીં વિષયો મેં તું રમના;
અબ આતમકો જાનો, બસ ઉસકો હી અપનાઓ;
હૈ મોડ પર ખડે હમ, (૨) ગુરુ રાહ બતાનેવાલે ..... મૈં પૂજતી...૪

જો મુક્તિપથ પર ચલતે, કભી ના વે કહીં રુકતે;
ધન્ય જીવન તુમ્હારા હૈં, વહી આદર્શ હમારા હૈ;
મૈં રહૂં તેરે પાસ, (૨) સદા શરણ દેનેવાલે ..... મૈં પૂજતી...૫

વાણી અહો ! આપકી મિલી, માનો સાક્ષાત્ પધારેં હોં;
સમયસારકા ચિંતન, સદા ઉસકા હી મનન હો;
ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટો, (૨) તુમ્હીં તારનેવાલે ..... મૈં પૂજતી...૬

***

## (૪૬) ભરતના ભગવાન....

આજ મંગળ દિન મહા ઊગિયો રે,
અમ આંગણે બિરાજે આચાર્યદેવ ...
આજ દીઠાં કુંદકુંદદેવને રે...૧

કુંદકુંદ આચાર્ય અહો ! જાગીયા રે,
ભરતક્ષેત્રના અહો ! ભાગ્ય ...આજ દીઠાં...૨

પ્રમત્ત-અપ્રમત્તે ઝૂલતાં રે,
જિનમુદ્રાધારી ભગવંત ...આજ દીઠાં...૩

દેહ છતાં દેહાતીત છો રે,
ઋદ્ધિ-લબ્ધિ તણો નહીં પાર ...આજ દીઠાં...૪

સમયસાર રચના અદ્ભુત છે રે,
તીર્થંકર કેવળીની વાણ ...આજ દીઠાં...૫

આપ ભરતના ભગવાન છો રે,
કર્યો છે પરમ ઉપકાર ...આજ દીઠાં...૬

કુંદદેવ વસો મુજ અંતરે રે,
ઝટ તારજો તારણહાર ...આજ દીઠાં...૭

***

## (૪૭) એક વાર્તા....

વારતા સુણો આજ મીઠી કે, ભક્તો આવો સ્વર્ણપુરી ધામમાં;
કહાનગુરુ સાધના ભૂમિ, ભક્તો આવો વિદેહ જેવા ધામમાં ....

[દોહા]

ભારત ખંડે દક્ષિણ દિશે, પોન્નુર પહાડ એક ધામ;
વર્ષ બે હજાર વીતી ગયા, રહેતાં એક મુનિરાજ.

આત્મ સ્વરૂપમાં ઝૂલતાં, હતું આત્માનું ભાન;
નગ્ન દિગંબર વિચરતાં, કુંદકુંદ જેનું નામ .... વારતા સુણો... (૧)

છઠ્ઠે સાતમે ઝૂલતાં, વિકલ્પ-નિર્વિકલ્પ થાય;
જેમ હિંડોળો ઝૂલતો, ઘડી આવે ને ઘડી જાય.

એને વિરહ પ્રભુના લાગીયા, હતો અહીં પંચમકાળ;
સાક્ષાત્ અરિહંત દેવના, એને દર્શન ક્યાંથી થાય ? .... વારતા સુણો... (૨)

એ લગન જાગી અંતરમાં, ભાવના મનમાં થાય;
કુંદકુંદ આચાર્ય ઋદ્ધિબળે, સદેહે વિદેહમાં જાય.

સીમંધર પ્રભુજી શોભતાં, સમોસરણ ત્યાં ભરાય;
'એલાચાર્ય' કહેવાય ગયા, જેનો દેહ નાનકડો જણાય .... વારતા સુણો... (૩)

દર્શન પ્રભુના કરી લીધા, સુણી વીતરાગ વાણીધાર;
ઋદ્ધિબળે પાછા વળ્યા, જાણીને સમયનો સાર.

ભાગ્ય ભક્તોના ઊજળા હતા, આવ્યો મુનિને રાગ;
સત્ય શાસ્ત્ર લખવા તણો, વિકલ્પ મુનિને થાય .... વારતા સુણો... (૪)

આત્મસ્વરૂપે ઝૂલતાં, એણે લખ્યું સમયસાર;
ભાગ્ય યોગે આવી ગયું, એ કહાનગુરુને હાથ.

રહસ્ય આગમનાં ખોલીયા, બતાવ્યો સાચો માર્ગ;
જય હો જય હો કુંદપ્રભુ, જય હો કહાન ગુરુરાજ .... વારતા સુણો... (૫)

***

## (૪૮) ભરતના સમર્થ આચાર્ય....

કુંદકુંદ તેરી કૃપાસે, ગ્રંથાધિરાજ મિલા હૈ;
મુનિવર તેરી કૃપાસે, સમયસાર મુજે મિલા હૈ ....

પામર નહીં પ્રભુ મૈં હૂં, યહ બાત હૈ સુનાઈ;
સમશ્રેણીમેં બિરાજુ, યહ ભાવના જગાઈ;
હે એલાચાર્ય ! મુજ પર, તેરા પરમ ઉપકાર હૈ ....કુંદકુંદ ....(૧)

અરહંતોકો મૈં જાનું, ધ્રુવ અચલકો મૈં ધ્યાવું;
સબ સિદ્ધોંકો નમન કર, અનુપમ ગતિકો પાઉં;
હે પદ્મનંદી ગુરુવર ! તૂને કિયા કમાલ હૈ ....કુંદકુંદ ....(૨)

'દંસણ મૂલો ધમ્મો', દર્શન સહજકો પાઉં;
'વત્થુ સહાવો ધમ્મો', નિજ જ્ઞાનસૂર્યકો પ્રગટાઉં;
'ચારિત્તં ખલુ ધમ્મો', સમ્યક્ચરિત્રકો ધારું;
હે વક્રગ્રીવાચાર્ય ! તુમ્હેં કોટી કોટી પ્રણામ હૈ ....કુંદકુંદ ....(૩)

સાક્ષાત્ શ્રી સીમંધરકી, ધ્વનિ હૈ જિનને પાઈ;
લિપિબદ્ધ જો કી વાણી, જનજનકે મન સમાઈ;
હે ગૃદ્ધપિચ્છ ઋષિવર ! તુમ્હે વંદના સત્ વાર હૈ ....કુંદકુંદ.... (૪)

***

## (૪૯) ધન્ય મુનિરાજ....

(રાગ : ગુરુવર દર્શન દેવા....)

ધન ધન જૈની સાધુ અબાધિત, તત્ત્વજ્ઞાન વિલાસી હો....

દર્શન-બોધમયી નિજમૂરતિ, જિનકો અપની ભાસી હો;
ત્યાગી અન્ય સમસ્ત વસ્તુમેં, અહંબુદ્ધિ દુખદા-સી હો.... ધન ધન...(૧)

જિન અશુભોપયોગકી પરનતિ, સત્તા સહિત વિનાશી હો;
હોય કદાપિ શુભોપયોગ તો, તહં ભી રહત ઉદાસી હો.... ધન ધન ...(૨)

છેદત જે અનાદિ દુઃખદાયક, દુવિધિ બંધકી ફાંસી હો;
મોહ ક્ષોભ રહિત જિન પરનતિ, વિમલ *મયંક કલા-સી હો.... ધન ધન ...(૩)

વિષય-ચાહ-દવ-દાહ બુજાવન, સામ્ય સુધારસ-રાસી હો;
'ભાગચંદ' જ્ઞાનાનંદી પદ, સાધત સદા હુલાસી હો.... ધન ધન ...(૪)

***

*ચંદ્રની કળા જેવી

## (૫૦) નિર્વાણભૂમિ....

નિર્વાણભૂમિ અષ્ટાપદ, આદિનાથ મોક્ષ પધાર્યાં;
આદિનાથ પ્રભુ મોક્ષ પધાર્યાં, અષ્ટાપદ ભૂમિ મહાન ....આદિનાથ મોક્ષમાં બિરાજે....૧

મોક્ષભૂમિ ચંપાપુરી, વાસુપૂજ્ય સિદ્ધપદ પામ્યાં;
વાસુપૂજ્ય સિદ્ધપદ પામ્યાં, ચંપાપુરી છે પાવન ....વાસુપૂજ્ય સિદ્ધિમાં બિરાજે....૨

નિર્વાણભૂમિ ગિરનાર, નેમિપ્રભુ અશરીર થયાં;
નેમિજિન અશરીર થયાં, ગિરનાર ગિરિ છે પવિત્ર ....નેમિજિન સિદ્ધાલય બિરાજે....૩

સિદ્ધભૂમિ પાવાપુરી, વીરનાથ મોક્ષલક્ષ્મી પામ્યાં;
વીરનાથ મોક્ષલક્ષ્મી પામ્યાં, પાવાપુરી છે પૂજ્ય ....વીરનાથ મોક્ષમંદિર બિરાજે....૪

નિર્વાણભૂમિ શિખરજી, વીસ પ્રભુ સાધ્યપદ પામ્યાં;
વીસ પ્રભુ સાધ્યપદ પામ્યાં, શાશ્વત ભૂમિ છે આ ....પ્રભુ સમશ્રેણીએ બિરાજે....૫

(રાગ : હોલી ખેલે મુનિરાજ....)

તારંગામાં વરદત્ત દેખો, સાયરદત્ત અને સાઢે તીન ક્રોડ ....વંદન કરું છું ભાવથી તારંગામાં....૬
ગિરનારમાં શંબુને જુઓ, અનિરુદ્ધ-પ્રદ્યુમનને પણ ઓળખો;
બોંતેર ક્રોડ સાતસો મુનિ, સમશ્રેણીએ નિત્ય બિરાજે ....શ્રેણી માંડી પલક છિનમેં ગિરનારમેં....૭
પાવાગઢમાં લવ-કુશ બિરાજે, લાડ રાજા આદિ પાંચ કરોડ ....ભક્તિ ભાવના ઊછળે અમ અંતરમાં....૮
ત્રણ પાંડવ શત્રુંજયથી મુક્ત, રાજા દ્રવિડ આઠ ક્રોડ મુનિ ....સિદ્ધાલય વાસ કિયો શત્રુંજયમાં....૯

ગજપંથામાં સાત બલભદ્ર, આઠ કરોડ મુનિ મોક્ષ પધાર્યાં ....સાદિ-અનંત બિરાજે સમાધિ સુખમાં....૧૦
રામ-હનુ-સુગ્રીવ-સુડીલ, ગવ-ગવાખ્ય-નીલ-મહાનીલ;
કરોડ નવાણું મુક્તિ ગયા છે, તુંગીગિરિને કરું છું પ્રણામ ....સિદ્ધપદ લિયો એક છિનમેં તુંગીગિરિમેં...૧૧
નંગ-અનંગ સોનાગિરિ રાજે, મુનિ સાડા પાંચ કરોડ ....પહોંચ્યાં લોકાગ્રે મુક્તિ નગરમાં.... ૧૨
રાવણના પુત્ર રેવા કિનારે, સાડા પાંચ કરોડ મુનિવર ....અશરીરી થયાં ક્ષણમાં રેવાતટમાં....૧૩
બે ચક્રી, દશ કામકુમાર, સાડા ત્રણ કરોડ અન્ય મુનિરાજ;
સિદ્ધવરકૂટથી મોક્ષ પધાર્યાં, તે સર્વને હો વંદન અમારા ....પૂર્ણતા પ્રાપ્ત કરી છે સિદ્ધવરકૂટમાં....૧૪

ઇન્દ્રજીત સાથે છે કુંભકર્ણ, ચૂલગિરિથી ભવસાગર તર્યાં ....નિજ વૈભવથી શોભે સિદ્ધગિરિમાં....૧૫
નિર્ગ્રંથ સુવર્ણભદ્ર આદિ ચાર, ઉન પાવાગિરિ સમશ્રેણીએ ....અષ્ટમ ભૂમિમાં બિરાજે સિદ્ધાલયમાં....૧૬

(રાગ : નિર્વાણ મહોત્સવ દિન આજ....)

નિર્વાણભૂમિ દ્રોણગિરિ, ગુરુદત્તાદિ સિદ્ધ થયાં છે;
ગુરુદત્તાદિ સિદ્ધ થયાં છે, પ્રગટ્યા અષ્ટ ગુણ મહાન ....ગુરુદત્તાદિ મોક્ષમાં બિરાજે....૧૭

મોક્ષભૂમિ અષ્ટાપદ, નાગકુમાર મોક્ષ પધાર્યાં;
મોક્ષભૂમિ અષ્ટાપદ, મહાબાલિ સિદ્ધપદ પામ્યાં;
મોક્ષભૂમિ અષ્ટાપદ, બાલિમુનિ અશરીરી થયાં;
મુનિવર અશરીરી થયા, કર્મો પામ્યા નાશ ....મુનીશ્વર સિદ્ધ થયાં છે....૧૮

સાડા ત્રણ કોટિ મુનિરાજ, મુક્તાગિરિ મોક્ષ પદ પામ્યાં;
મુક્તાગિરિ મોક્ષ પદ પામ્યાં, સાધ્ય પદ છે પાવન ....મુનિવર મોક્ષમંદિરે બિરાજે....૧૯

નિર્વાણભૂમિ કુંથલગિરિ, દેશ-કુલભૂષણ પૂર્ણતા પામ્યાં;
દેશ-કુલભૂષણ પૂર્ણતા પામ્યાં, છૂટ્યો છે સઘળો સંસાર ....મુનિરાજ સિદ્ધિમાં બિરાજે....૨૦

સિદ્ધક્ષેત્ર ખંડગિરિ, મુનિવર પાંચસો બિરાજે;
મુનિવરનાં ટોળેટોળાં, પહોચ્યાં મુક્તિ ધામ ....સિદ્ધપ્રભુ વંદન કરું છું....૨૧

મોક્ષધામ રેશન્દીગિરિ, પાંચ વરદત્તાદિ મુનિરાજ;
વરદત્તાદિ પાંચ મુનિરાજ, બિરાજે લોક શિખર ....સિદ્ધપ્રભુ ભક્તિ કરું છું....૨૨

નિર્વાણભૂમિ મથુરા, જંબૂસ્વામી મુક્તિમાં બિરાજે;
જંબૂસ્વામી મુક્તિમાં બિરાજે, ભોગવે આનંદ અપાર ....નાથ ! તારા ગુણ ગાઉં છું....૨૩

(રાગ : ચોપાઈ)

નિર્વાણક્ષેત્ર મંગલભૂમિ, યાત્રાથી જાગે આત્મરુચિ;
ભક્તિભાવથી શિર નમાવું, મોક્ષપુરી પહોંચી જાઉં ....જય ભગવાન.... જય મુનિરાજ....૨૪

***

## (૫૧) સમ્મેદશિખર વંદના....

(રાગ : નિર્વાણ મહોત્સવ દિન આજ...)

ભક્તો આવ્યા શાશ્વતધામમાં, દર્શન કરવાને કાજ,
કુંથુનાથ વંદીએ આજે ....
જ્ઞાનધર ટૂંક છે આ, કુંથુનાથ સિદ્ધમંદિરે બિરાજે ....૧

આતમ આધાર છો અમ સેવકના, આવીએ તુજ પાસ,
નમિનાથ નમીએ આજે ....
મિત્રધર ટૂંક છે આ, નમિનાથ સિદ્ધ થયા છે....૨

યાત્રિકો આવ્યા સમ્મેદશિખરજી, સ્તવન કરવાને આજ,
અરનાથ સ્તવીએ આજે....
નાટક ટૂંક છે આ, અરનાથ સિદ્ધાલય બિરાજે....૩

સેવકો આવ્યા નિર્વાણભૂમિમાં, કરવા પૂજન ભાવ,
મલ્લિનાથ પૂજીએ આજે....
સંબલ ટૂંક છે આ, મલ્લિનાથ સિદ્ધશિલા બિરાજે....૪

ભાવ-દ્રવ્ય-નોકર્મ રહિત થયા, રહ્યા નહીં કોઈ રજકણ,
શ્રેયાંસનાથ નિ:કર્મ થયા છે....
સંકુલ ટૂંક છે આ, શ્રેયાંસનાથ મોક્ષમાં બિરાજે....૫

અનાદિ સંયોગનો સંબંધ છોડીને, પામ્યા પદ નિર્વાણ,
સુવિધિનાથ અબંધ થયા છે ....
સુપ્રભ ટૂંક છે આ, સુવિધિનાથ સિદ્ધરૂપે બિરાજે....૬

ચાર ગતિના ભ્રમણ છોડી, થયા પ્રભુજી સ્થિર,
પદ્મપ્રભુ અચલ થયા છે....
મોહન ટૂંક છે આ, પદ્મપ્રભુ સિદ્ધમંદિર બિરાજે....૭

ભક્તો આવ્યા સિદ્ધભૂમિ, ભક્તિ કરવાને કાજ,
મુનિસુવ્રત સિદ્ધિમાં બિરાજે....
વિભાવ છૂટ્યા નિર્જર ટૂંક, થયો ચાર ગતિ નાશ....૮

હે પ્રભુ ! હે પ્રભુ ! ચંદ્રપ્રભુ, ભક્તો કરે તુને સાદ,
ગુણસ્થાનાતિત બિરાજે ....
લલિત ટૂંક છે આ, ચંદ્રપ્રભુ લોકાગ્રે બિરાજે ....૯

વંદો ભાવથી ઋષભ પ્રભુ, પ્રથમ છે તીર્થનાથ,
આદિનાથ ધ્રુવપદે બિરાજે....
અનાદિ દુઃખનો અંત, આદિનાથ સિદ્ધાલય બિરાજે....૧૦

યોગ-કષાય સર્વથા છૂટ્યા, થયો સંસાર અભાવ,
શીતલનાથ સિદ્ધપદે બિરાજે....
વિદ્યુતવર ટૂંક છે આ, શીતલનાથ સિદ્ધિધામ બિરાજે....૧૧

ભક્તિ-પૂજા-સ્તવન કરીએ, વંદન પ્રભુનાં થાય,
અનંતપ્રભુ પૂજ્ય પદે બિરાજે....
શિખરજી સ્વયંભૂ ટૂંક, સ્મરણ પ્રભુનાં થાય....૧૨

શાશ્વત સિદ્ધ ભૂમિ છે આ, દર્શન કરીએ આજે,
વંદન સૌ કરીએ આજે....
ધવલટૂંક છે આ, સંભવનાથ સિદ્ધરૂપે બિરાજે....૧૩

વસુ કર્મનો ક્ષય કરીને, વસુ પૃથ્વી બિરાજે નાથ,
પૂજન સૌ કરીએ આજે....
વીતરાગ દેવ છે આ, વાસુપૂજ્ય મંગલરૂપ બિરાજે....૧૪

,

અભિવંદિએ અભિનંદનપ્રભુને, પૂર્ણ પ્રભુતા ધાર
આનંદથી વંદીએ આજે....
આનંદ ટૂંક છે આ, અભિનંદનજી સિદ્ધ થયા છે....૧૫

યાત્રિકો આવ્યા પાવનભૂમિ, યાત્રા કરવાને કાજ,
ધર્મનાથ પૂજીએ આજે....
સુદત્તવર ટૂંક છે આ, ધર્મનાથ સિદ્ધમંદિરે બિરાજે....૧૬

સુમતિનાથના ચરણકમળમાં, વંદન વારંવાર,
ભક્તો સહુ માગે સુમતિને....
અવિચળ ટૂંક છે આ, સુમતિનાથ મોક્ષમાં બિરાજે....૧૭

દાસ આવ્યો સિદ્ધિધામમાં, વંદન કરવાને કાજ,
શાંતિનાથ વંદન કરું છું....
કુંદપ્રભ ટૂંક છે આ, શાંતિનાથ મુક્તિમાં બિરાજે....૧૮

હે વીર હે વીર, નમન કરું છું, આનંદમય તુજ નામ,
વીર પ્રભુ સ્તવન કરું છું....
અષ્ટ કર્મનો કરી નાશ, પહોંચ્યાં શાશ્વત ધામ....૧૯

અશરીરી પ્રભુ થયા અહીં, અહો ! આ શાશ્વત ધામ,
સુપાર્શ્વપ્રભુ સિદ્ધપદે બિરાજે....
સમશ્રેણી પ્રભાસ ટૂંક, મુક્તિમાં બિરાજ્યા નાથ....૨૦

અષ્ટ વિધ કર્મ નાશ થતાં, પ્રગટ્યા અષ્ટ ગુણ મહાન,
વિમલનાથ વંદું છું આજે....
સુવીર ટૂંક છે આ, વિમલનાથ સિદ્ધિમાં બિરાજે....૨૧

પ્રભુ અહીં બિરાજતાં હતાં, હવે સમશ્રેણીમાંય,
અજિતનાથ સ્મરું છું આજે....
સિદ્ધવર ટૂંક છે આ, અજિતનાથ સિદ્ધાલય બિરાજે....૨૨

નેમિ પ્રભુજી સ્તવના કરું છું, ઝટ આવું તુજ પાસ,
નેમિપ્રભુ ભક્તિ કરું છું....
વીતરાગી મારા નાથ, નેમિપ્રભુ લોકશિખર બિરાજે....૨૩

હે પાર્શ્વ ! હે પાર્શ્વ ! સુવર્ણભદ્ર ટૂંકે, ભક્તો કરે છે સાદ,
પાર્શ્વપ્રભુ સિદ્ધ થયાં છે ....
સુવર્ણભદ્ર ટૂંક છે આ, પાર્શ્વપ્રભુ સિદ્ધરૂપે બિરાજે.... ૨૪

***

## (૫૨) શાશ્વત નિર્વાણક્ષેત્ર....

નિર્વાણક્ષેત્ર છે આ પવિત્ર, લોકાગ્રે બિરાજે નાથ;
અજિતનાથ સિદ્ધ થયા છે;
સિદ્ધવર ટૂંક છે આ, અજિતનાથ સિદ્ધ થયા છે ....(૧)

નિર્વાણભૂમિ અતિ પાવન, સાધ્ય થયા ભગવાન;
સંભવનાથ સિદ્ધરૂપે બિરાજે;
ધવલ ટૂંક છે આ, સંભવનાથ સિદ્ધરૂપે બિરાજે ....(૨)

સિદ્ધક્ષેત્ર આ શાશ્વત, બિરાજે સમશ્રેણી જિનરાજ;
અભિનંદનજી સિદ્ધ થયા છે;
આનંદ ટૂંક છે આ, અભિનંદનજી સિદ્ધ થયા છે ....(૩)

સિદ્ધભૂમિને વંદન કરો, અનાદિ-અનંત છે આ સ્થાન;
સુમતિનાથ સિદ્ધરૂપે બિરાજે;
અવિચળ ટૂંક છે આ, સુમતિનાથ સિદ્ધરૂપે બિરાજે ....(૪)

મોક્ષભૂમિની યાત્રાએ આવ્યા, સિદ્ધોનું સ્મરણ થાય;
પદ્મપ્રભુ સિદ્ધરૂપે બિરાજે;
મોહન ટૂંક છે આ, પદ્મપ્રભુ સિદ્ધરૂપે બિરાજે ....(૫)

સમશ્રેણી પ્રભુ પ્રભાસ ટૂંકે, મુક્તિમાં બિરાજ્યા નાથ;
સુપાર્શ્વજી સિદ્ધ થયા છે;
અશરીરી થયા અહીં, સુપાર્શ્વજી સિદ્ધ થયા છે ....(૬)
ભક્તોને આનંદકાર, સુપાર્શ્વજી સિદ્ધ થયા છે ....(૬)

અનાદિ દેહનો સંબંધ છોડીને, પહોંચ્યા શાશ્વત ધામ;
ચંદ્રપ્રભુ સિદ્ધ થયા છે;
લલિત ટૂંક છે આ, ચંદ્રપ્રભુ સિદ્ધ થયા છે ....(૭)

અનાદિ સંયોગનો સંબંધ છોડીને, પામ્યા પદ નિર્વાણ;
સુવિધિનાથ સિદ્ધરૂપે બિરાજે;
સુપ્રભ ટૂંક છે આ, સુવિધિનાથ સિદ્ધરૂપે બિરાજે ....(૮)

યોગ-કષાય સર્વથા છૂટ્યા, થયો સંસાર અભાવ;
શીતલનાથ સિદ્ધરૂપે બિરાજે;
વિદ્યુતવર ટૂંક છે આ, શીતલનાથ સિદ્ધરૂપે બિરાજે ....(૯)

ભાવ-દ્રવ્ય-નોકર્મ રહિત થયા, રહ્યા નહીં કોઈ રજકણ;
શ્રેયાંસનાથ સિદ્ધ થયા છે;
સંકૂલ ટૂંક છે આ, શ્રેયાંસનાથ સિદ્ધમંદિરે બિરાજે ....(૧૦)

અષ્ટ વિધ કર્મ નાશ થતાં, પ્રગટ્યા અષ્ટ-ગુણ મહાન;
વિમલનાથ સિદ્ધમંદિરે બિરાજે;
સુવીર ટૂંક છે આ, વિમલનાથ સિદ્ધમંદિરે બિરાજે ....(૧૧)

સમ્મેદશિખરમાં સ્વયંભૂ ટૂંકે, સ્મરણ પ્રભુના થાય;
અનંતનાથ સિદ્ધમંદિરે બિરાજે;
સ્વયંભૂ ટૂંક છે આ, અનંતનાથ સિદ્ધમંદિરે બિરાજે ....(૧૨)

ભક્તો આવ્યા શાશ્વતધામમાં, યાત્રા કરવાને કાજ;
ધર્મનાથ સિદ્ધ થયા છે;
સુદત્તવર ટૂંક છે આ, ધર્મનાથ સિદ્ધમંદિરે બિરાજે ....(૧૩)

સેવક આવ્યા મોક્ષધામમાં, વંદન કરવાને કાજ;
શાંતિનાથ સિદ્ધરૂપે બિરાજે;
કુંદપ્રભ ટૂંક છે આ, શાંતિનાથ સિદ્ધમંદિરે બિરાજે ....(૧૪)

આત્માર્થી આવ્યા સિદ્ધિધામમાં, દર્શન કરવાને કાજ;
કુંથુનાથ સિદ્ધ મંદિરે બિરાજે;
જ્ઞાનધર ટૂંક છે આ, કુંથુનાથ સિદ્ધ મંદિરે બિરાજે ....(૧૫)

જિજ્ઞાસુ આવ્યા મુક્તિધામમાં, સ્તવન કરવાને કાજ;
અરનાથ સિદ્ધ થયા છે;
નાટક ટૂંક છે આ, અરનાથ સિદ્ધમંદિરે બિરાજે ....(૧૬)

સદ્‌ભાગ્યે આવ્યા નિર્વાણધામમાં, પૂજન કરવાને કાજ;
મલ્લિનાથ સિદ્ધરૂપે બિરાજે;
સંબલટૂંક છે આ, મલ્લિનાથ સિદ્ધરૂપે બિરાજે ....(૧૭)

ભવ્યો આવ્યા ઉત્તમધામમાં, ભક્તિ કરવાને કાજ;
મુનિસુવ્રત સિદ્ધિમાં બિરાજે,
સેવક કરે તુને સાદ, નિર્જર ટૂંકે પ્રભુ બિરાજે ....(૧૮)

આતમ આધાર છો અમ સેવકના, આવીએ તુજ પાસ;
નમિનાથ સિદ્ધ થયા છે,
મિત્રધર ટૂંક છે આ, નમિનાથ સિદ્ધ થયા છે ....(૧૯)

હે પાર્શ્વ ! હે પાર્શ્વ ! સુવર્ણભદ્ર ટૂંકે, ભક્તો કરે તુને સાદ;
પાર્શ્વપ્રભુ સિદ્ધરૂપે બિરાજે,
સુવર્ણભદ્ર ટૂંક છે આ, પાર્શ્વપ્રભુ અહીં બિરાજે ....(૨૦)

હે પાર્શ્વપ્રભુ ! હે મુનિરાજ ! સેવક કરે તુને સાદ;
પાર્શ્વપ્રભુ મુક્તિમાં બિરાજે,
અહીંયા પધારો ભગવાન, પાર્શ્વપ્રભુ સિદ્ધાલય બિરાજે ....(૨૧)

શિખરજીમાં સેવક પૂકારે, હ્રદયમાં બિરાજો મારા નાથ;
મુનિરાજ સમશ્રેણીએ બિરાજે,
હ્રદયમાં બિરાજો સદા કાળ, મુનિવર મોક્ષમાં બિરાજે ....(૨૨)

કહાન ગુરુનાં પરમ પ્રતાપે, શિખરજી યાત્રા થાય;
ભક્તો સિદ્ધ થાશે,
ભાવનાથી યાત્રા થાય, અમે પૂર્ણ થશું ....(૨૩)

ભગવતી માતનાં મંગલ આશિષથી, શિખરજી યાત્રા થાય;
ભક્તો સિદ્ધ થાશે,
ભાવનાથી યાત્રા થાય, અમે પૂર્ણ થશું ....(૨૪)

***

## (૫૩) સમ્મેદશિખરકી જય....

જય બોલો જય બોલો, સમ્મેદશિખરકી જય બોલો... .
કહાન ગુરુના પરમ પ્રતાપે, ભગવતી માતના આશિષ વડે,
ભક્તો આવ્યા આજ ....શિખરજીની જય બોલો....૧

અનંત જિનેશ્વર મુક્તિ ગયા છે, મુનિ અનંતે સિદ્ધ થયા છે,
તીરથરાજ મહાન ....શિખરજીની જય બોલો....૨

ભક્તો આવ્યા ભાવના ભરીને, અંતરમાં ઉલ્લાસ ઊછળે,
થશે યાત્રા યથાર્થ ....શિખરજીની જય બોલો....૩

ટૂંક આવી પહેલી ગણધર, ચરણોમાં કરીએ વંદન,
કર્યો છે ઉપકાર ....ગણધરજીનો જય હોજો....૪

જ્ઞાનધર ટૂંક આ છે, કુંથુનાથ સમશ્રેણી બિરાજે,
ધરીએ જ્ઞાન આજ ....કુંથુનાથ જય હોજો....૫

મિત્રધર ટૂંક આવી, હ્રદયમાં છે ભક્તિ જાગી,
નમીએ નમિનાથ ....પ્રભુનો જય બોલો....૬

અરહનાથનું સ્મરણ કરીએ, સર્વ વિભાવ દૂર થાયે,
છે જગ નાટક સમાન ....જિનજીનો જય હોજો....૭

મોહમલ્લને જેણે હરાવ્યો, મોક્ષમહલમાં પ્રવેશ કર્યો,
છે આ સંબલ ટૂંક ....મલ્લિજિન વંદન હો....૮

શ્રેયાંસનાથ શ્રેય કરો, ભવ્યોને ભવથી ઉગારો,
આવ્યા સંકુલ ટૂંક ....શ્રેયનાથ જય હોજો....૯

સુપ્રભ ટૂંક છે આવી, કરીએ સાધનાની સાચી વિધિ,
જય હો સુવિધિનાથ ....પ્રભુજીને વંદન હો....૧૦

જલકમલવત્ અલિપ્ત રહેતા, પૂર્ણ અતીન્દ્રિય સુખને પામ્યા,
મોહન ટૂંકે પદ્મપ્રભ ....નાથનો જય બોલો....૧૧

ભક્તો આવ્યા નિર્જર ટૂંકે, મુનિસુવ્રત જિનને વંદે,
પામું રત્નત્રય વ્રત ....સિદ્ધપ્રભુ જય હોજો....૧૨

દુર્ધર પુરુષાર્થ કરીને, લલિત ટૂંકથી પૂર્ણતા પામીને,
પહોંચ્યા લોક શિખર ....ચંદ્રપ્રભુ જયવંત હો....૧૩

આદિ તીર્થંકર ઋષભદેવ, અમે કરીએ આપની સેવ,
બિરાજો મન મંદિર ....નાભિસુત જય હોજો....૧૪

વિદ્યુતવર ટૂંકે આવે ભક્તો, જીવન છે વિદ્યુતનો ઝટકો,
થાય શીતલતા આજ ....શીતલનાથ જય હોજો....૧૫

સ્વયંભૂ ટૂંકે ભક્તિ કરીએ, અનંતના નાથને યાદ કરીએ,
તું સ્વયંભૂ ભગવાન ....અનંત જિન જય હોજો....૧૬

પૂર્ણ ધવલપદ પ્રાપ્ત થયું, સમ્યક્ ભવન પ્રગટ થયું,
ધવલ ટૂંકે સંભવનાથ ....સદા નમન હોજો....૧૭

અશરીરી વાસુપૂજ્ય, વંદન કરીએ ભાવથી શુદ્ધ,
આવીએ તુજ પાસ ....વાસુપૂજ્ય જય હોજો....૧૮

આનંદ ટૂંકે આનંદ થાય, અભિનંદનજી દર્શન થાય,
ભક્તિભાવ અપાર ....પ્રભુજીનો જય બોલો....૧૯

સુદત્તવર ટૂંક આવી, ધર્મનાથનું સ્મરણ લાવી,
વસ્તુ સ્વભાવ છે ધર્મ ....નિત જયવંત રહો....૨૦

સુમતિદાતા સુમતિનાથ, અવિચળ ટૂંકે સ્થિરવાસ,
છે ધ્રુવધામ અવિચળ ....ત્રિકાળ જિન જય હોજો....૨૧

કુંદપ્રભ ટૂંકે શાંતિજિન, અમને આપો શાંતિ નિત્ય,
છો સાધ્ય જિનરાજ ....સ્મરણ અખંડ હો....૨૨

વીર-અતિવીર-મહાવીર, અંદર જાગે આત્મવીર્ય,
ભક્ત બને ભગવાન ....શાસન નાયક જય હો....૨૩

પ્રભાસ ટૂંકે સિદ્ધપ્રકાશ, મુક્તિમાં શોભે સુપાર્શ્વ,
બનીએ તુજ સમાન ....જય જય વંદન હો....૨૪
સર્વ વિભાવ દૂર થયા, સુવીર ટૂંકે વિમલ થયા,
કરીએ પૂજન આજ ....જય હો વિમલનાથ....૨૫

ઉત્કૃષ્ટ પદ સિદ્ધ દશા, સિદ્ધવર ટૂંકે ભક્તો આવ્યા,
જીત્યા મલિન ભાવ ....અજિત જિન નમન હો....૨૬

બ્રહ્મભાવ પ્રગટ થાય, નેમિ જિનને છે અરદાસ,
આવીએ તુજ પાસ ....સદા વંદન હોજો....૨૭

ઉન્નત સ્વર્ણભદ્ર ટૂંક, તોડ્યો છે સંસાર અતૂટ,
અહો ! ક્ષમા ભંડાર ....પાર્શ્વપ્રભુ જય જય હો....
....પાર્શ્વપ્રભુ જય બોલો....
....પાર્શ્વપ્રભુ જય હોજો.... ૨૮

***

બોલો સિદ્ધપ્રભુકી જય, શાશ્વત તીર્થધામકી જય
ચૈતન્યપ્રભુકી જય જય જય ....(૧)....
અનંત તીર્થંકરોકી જય, સમ્મેદશિખરકી જય
નિર્વાણભૂમિકી જય જય જય ....(૨)....
બોલો ગણધરોકી જય, મુનિવરોકી જય
કહાનગુરુકી જય જય જય ....(૩)....

***

## (૫૪) શાશ્વતધામ....

ભક્તિ ભરીને અમે સુવર્ણપુરીથી, આવ્યા યાત્રાને કાજ રે ....ધન્ય દિન આજે ઊગ્યો રે....(૧)

સદ્‌ગુરુદેવના પરમ પ્રતાપથી, યાત્રા અપૂર્વ થાય આજ રે ....ધન્ય દિન આજે ઊગ્યો રે....(૨)

સમ્મેદશિખરના પવિત્ર ધામમાં, વિચર્યાં તીર્થંકર અનંત રે ....ધન્ય દિન આજે ઊગ્યો રે....(૩)

ધન્ય તીર્થંકર ધન્ય સમોસરણ, ધન્ય ધન્ય આ ધામ રે ....ધન્ય દિન આજે ઊગ્યો રે....(૪)

શાશ્વત તીર્થને નયને નિહાળી, જીવન ધન્ય આજ થાય રે ....ધન્ય દિન આજે ઊગ્યો રે....(૫)

## (૫૫) આનંદ શાશ્વતધામમાં....

તુમસે લગની લાગી જિનવર, તુમસે લગની લાગી ....તુમસે....(૧)

શાશ્વત તીર્થ નયણે નિહાળી, તુમસે લગની લાગી ....તુમસે....(૨)

ગુરુપ્રતાપે ભક્તો આવ્યા, આનંદભેરી વાગી ....તુમસે....(૩)

ભક્તિથી અમ હૈયા ઊછળે, તીર્થધામ નિહાળી ....તુમસે....(૪)

જિનેશ્વરના ધામ નીરખતાં, જિનવર આજે ભેટ્યાં ....તુમસે....(૫)

વિદેહ સરખા સમ્મેદશિખરજી, શાશ્વતધામ નિહાળ્યા ....તુમસે....(૬)

***

પગલે પગલે પ્રભુનાં ગુણો સંભારતાં, ગુણો સંભારતાં, અંતરના વિસરે ઉચાટ રે;
તીર્થધામ ભેટ્યા અલબેલડા, સિદ્ધિધામ ભેટ્યા અલબેલડા....

આત્મા અનંત પ્રભુ આપે ઉગારિયા, આપે ઉગારિયા, તારો સેવકને ભવપાર રે;
તીર્થધામ ભેટ્યા અલબેલડા, સિદ્ધિધામ ભેટ્યા અલબેલડા....

***

## (૫૬) જિનધામ યાત્રા....

(રાગ : આવો આવો ગાવોને નરનાર....)

ચાલો ચાલો, સહુ ગુરુવર કૃપાએ આજ, શ્રી જિનધામ નીરખીએ ....(૧)....
ચાલો ચાલો, સિદ્ધ દર્શન કરીને આજ, સહુ સિદ્ધ સમરીએ ....(૨)....
ચાલો ચાલો, એ સિદ્ધજીવન આદર્શ, આજે હોંશે સમરીએ ....(૩)....
ચાલો ચાલો, એ જિનનાથ ચરણરજ આજ, હોંશે મસ્તક ધરીએ ....(૪)....
ચાલો ચાલો, શ્રી જિનેન્દ્રદેવનાં આદર્શ, આજે ઉરમાં ભરીએ ....(૫)....
ચાલો ચાલો, શ્રી મુનિવરનાં આદર્શ, આજે ઉરમાં ભરીએ ....(૬)....
ચાલો ચાલો, એ સાધકજીવન આદર્શ, આજે ઉરમાં ભરીએ ....(૭)....
ભક્તિભાવે, હોંશે દર્શન કરીને આજ, પાવન થઈએ ....(૮)....
ભક્તિભાવે, તીર્થંકર ચરણરજ આજ, હોંશે મસ્તક ધરીએ ....(૯)....
ભક્તિભાવે, ત્રિલોકીનાથ ચરણરજ આજ, હોંશે મસ્તક ધરીએ ....(૧૦)....
ભક્તિભાવે, મુનિકુળ ચરણરજ આજ, હોંશે મસ્તક ધરીએ ....(૧૧)....
હોંશે હોંશે, મુનિકુળ સિદ્ધિધામ, આજ નયણે નીરખીએ ....(૧૨)....
મીઠાં મીઠાં, સ્મરણ તીર્થંકરદેવના આજ, હોંશે શિખરજી નીરખીએ ....(૧૩)....
ચાલો ચાલો, સહુ હોંશે હળીમળી આજ, સિદ્ધગિરિ વંદન જઈએ ....(૧૪)....
ચાલો ચાલો, સહુ ગુરુવર પ્રતાપે આજ, સમ્મેદાચલ (ચડીએ) જઈએ ....(૧૫)....
ચાલો ચાલો, સહુ ગુરુવર પ્રતાપે આજ, યાત્રા જિનધામની કરીએ ....(૧૬)....

***

## (૫૭) પવિત્રધામ....

અહો ! આજ શાશ્વત તીર્થાધિરાજને રે, દેખી દેખી હૈડું હરખાય ....આજ....(૧)
અહો ! દર્શન થયાં જિનધામનાં રે, શ્રી શાશ્વત જિનનાં ધામ ....આજ....(૨)
અહો ! દર્શન થયાં સિદ્ધિધામનાં રે, અનાદિ અનંત શાશ્વત ધામ ....આજ....(૩)
સાક્ષાત્ તીર્થંકરો આ ભૂમિમાં રે, પધાર્યાં અનંતા દેવ ....આજ....(૪)
સિદ્ધ સ્વરૂપ સાધ્યું આ ભૂમિમાં રે, પામ્યા અનંતા પૂર્ણાનંદ ....આજ....(૫)
શાશ્વત અકૃત્રિમ આ તીર્થ છે રે, એની મહિમા તણો નહિ પાર ....આજ....(૬)
એના રજકણ રજકણ પાવન થયા રે, પુનિત ચરણો થકી પવિત્ર ....આજ....(૭)
પુનિત પગલાં થયાં તીર્થનાથનાં રે, અનંત જિનેન્દ્રનાં સિદ્ધિધામ ....આજ....(૮)
એવું દ્રશ્ય અદ્‌ભુત (અહો !) આ ભૂમિમાં રે, એનાં સ્મરણો અંતર ઊભરાય ....આજ....(૯)
જિનભૂમિ ભેટંતા જિન જાણે ભેટીયા રે, જાણે દેખ્યાં વિદેહનાં ધામ ....આજ....(૧૦)
સમ્મેદશિખર ધામને દેખીયાં રે, જાણે દેખ્યાં મેરુનાં ધામ ....આજ....(૧૧)
સિદ્ધપ્રભુનાં સિદ્ધિધામ દેખીયાં રે, જાણે નજરે નીહાળ્યા આ નાથ ....આજ....(૧૨)
ધન્ય ભૂમિ અને ધન્ય ધૂળ છે રે, પુનિત પગલાં થકી પવિત્ર ....આજ....(૧૩)
અહો ! અપૂર્વ યાત્રા આજ થાય છે રે, અમ અંતરમાં આનંદ ઊભરાય ....આજ....(૧૪)
અહો ! અપૂર્વ યાત્રા ગુરુજી પ્રતાપે રે, અમ અંતરમાં આનંદ ઊભરાય ....આજ....(૧૫)

***

## (૫૮) આનંદ મંગલ....

આનંદ મંગલ આજ હમારે, આનંદ મંગલ આજજી ....

ભક્તગણ સાથે યાત્રા કરતાં, આનંદનો નહીં પારજી ....(૧)....

જિનવર પ્રભુનાં દર્શન કરતાં, આનંદનો નહીં પારજી ....(૨)....

સિદ્ધપ્રભુનાં દર્શન કરતાં, આનંદનો નહીં પારજી ....(૩)....

સિદ્ધપ્રભુજી અહીં બિરાજે, આનંદનો નહીં પારજી ....(૪)....

સમ્મેદશિખરને નજરે નિહાળી, ભક્તો ઉલ્લસી જાયજી ....(૫)....

સિદ્ધોનાં ધામ નજરે નિહાળી, ભક્તો ઉલ્લસી જાયજી ....(૬)....

મંદારગિરિની યાત્રા કરતાં, આનંદનો નહીં પારજી ....(૭)....

તીર્થંકરને ભેટવા કાજે, ભક્તો પધારે આજજી ....(૮)....

મુનિવર ધામમાં ભક્તો આવ્યા, આનંદનો નહીં પારજી ....(૯)....

તીર્થોની યાત્રા કરતાં, આતમ ઉલ્લસી જાયજી ....(૧૦)....

***

## (૫૯) ભક્તયાત્રા... ગજપંથા...

ભક્તો આવો, ગજપંથા ધામમાં રે,
ગજપંથા ધામમાં રે, સિદ્ધક્ષેત્રમાં રે,
સિદ્ધક્ષેત્રમાં રે, નિર્વાણ ભૂમિમાં રે,
નિર્વાણ ભૂમિમાં રે, ગુરુજી પ્રતાપે રે... ભક્તો આવો...(૧)

અવસર આવ્યો, આજે આનંદનો રે,
ભક્તો આવ્યા, મુનિવર નિહાળવા રે,
મુનિવર નિહાળવા રે,બળભદ્ર પૂજવા રે,
પૂજન કરવા રે, વંદન કરવા રે,
વંદન કરવા રે, ભક્તિ કરવા રે,
ભક્તિ કરવા રે, યાત્રા કરવા રે... ભક્તો આવો ...(૨)

સાત બલભદ્ર, અહીં વિચરતા રે,
આઠ કોટિ મુનિવર, અહીં વિચરતા રે,
અહીં વિચરતા રે, ધ્યાન ધરતા રે,
ધ્યાન ધરતા રે, સ્વરૂપે ઝૂલતા રે,
સ્વરૂપે ઝૂલતા રે, ચિદ્‌રસ પીતા રે,
ચિદ્‌રસ પીતા રે, ભવભ્રમણ ટાળતા રે... ભક્તો આવો ...(૩)

મોહ વિજયી, વિજય બળભદ્ર અહો !
અચલ પદમાં, અચલ બળભદ્ર અહો !
ધર્મ પરિણત, સુધર્મ બળભદ્ર અહો !
જ્ઞાનપ્રભાવંત, સુપ્રભ બળભદ્ર અહો !
નંદીમિત્ર નંદી, સુદર્શન છે મહા,
બળભદ્ર છે સાત, સાધના છે મહા,
આઠ કોટિ મુનિરાજ, વંદન કરું આજ... ભક્તો આવો ...(૪)

સમશ્રેણીએ, બિરાજે મુનિરાજ અહો !
સમશ્રેણીએ, બિરાજે બળભદ્ર અહો !
શિરછત્ર, અમારા સિદ્ધપ્રભુ મહા,
સિદ્ધપ્રભુ મહા, અમને તારજો જરા,
અમને તારજો જરા, પાસ રાખજો સદા... ભક્તો આવો ...(૫)

***

## (૬૦) સાધનાભૂમિ પોન્નુર....

પોન્નુર હૈ પાવન ભૂમિ, યહાં બારબાર આના;
કુંદકુંદકે ચરણોમેં, આ કરકે ઝૂક જાના ...યહ હૈ...(૧)

કલિકાલ સર્વજ્ઞદેવ, ભરતભૂમિકે ભગવાન;
સીમંધરકી ધ્વનિ સુનકર, હમેં દિયા સમયસાર ...યહ હૈ...(૨)

હમ પામર ભકતોં પર, આપને કિયા મહા ઉપકાર;
શ્રુતકેવળી પરિચય કર, રચાયા પ્રવચનસાર ...યહ હૈ...(૩)

પ્રમત-અપ્રમતમેં ઝૂલતે, ચિદાનંદ રસ પીતે;
કારણ નિયમ બતાકર, અદ્‌ભુત હૈ નિયમસાર ...યહ હૈ...(૪)

રંગ-રાગ ભેદસે ભિન્ન, હૈ જ્ઞાયક પરમાતમ;
મોક્ષમાર્ગકા જ્ઞાન દેકર, સમજાયા પંચાસ્તિકાય ...યહ હૈ...(૫)

દર્શન, સૂત્ર, ચારિત્ર, બોધ, ભાવ, મોક્ષ;
લિંગ ઔર શીલ પાહુડ, બતાયા આગમ સાર ...યહ હૈ...(૬)

શિરછત્ર હે ગુરુવર ! હૃદય બિરાજો નાથ;
આપકે પથ પર ચલકર, હમ પાવે આતમજ્ઞાન ...યહ હૈ...(૭)

સમ્યક્જ્ઞાન હૈ અનુપમ, નિજ ચારિત્ર હૈ પરિપૂર્ણ;
બરસાતે કરુણા અપાર, જગમેં હો રહી જયજયકાર ...યહ હૈ...(૮)

તુમ્હારે દર્શન કરકે, હમ ધન્ય હુએ હૈ આજ;
શરણ હો મુનિવર, ભાવના કરતે હૈ સાથ ...યહ હૈ...(૯)

***

## (૬૧) સુવર્ણપુરી... સાધનાભૂમિ...

યહ હૈ સાધનાભૂમિ, યહાં બારબાર આના,
સીમંધરકે ચરણોંમેં, આકરકે ઝૂક જાના ...યહ હૈ...
ગુરુવરકે ચરણોંમેં, આકરકે ઝૂક જાના ...યહ હૈ...
ભગવતી માતકે ચરણોમેં, આકરકે ઝૂક જાના ...યહ હૈ...

જિનમંદિર હૈ અનુપમ, સીમંધરજી શોભે અદ્‌ભુત;
શાંતિ-પદ્મ-નેમિનાથ, ઉપશમ રસસે ભરપૂર;
દરશન પૂજન કરતે, હોતા આનંદ અપાર ...યહ હૈ... (૧)

સમવસરણ વિદેહીનાથકા, માનો ખિરતી ધ્વનિ મહા;
કુંદકુંદ પધારે પાવન, યાદ આતે હૈ યુવરાજ;
બના ભારત વિદેહધામ, ભાવસે વંદન હો જિનરાજ ...યહ હૈ... (૨)

ઉન્નત માનસ્થંભ ભારી, માનીકા માન ગલતા;
ઉન્નત માનસ્થંભ ભારી, અભિમાની ઝૂક જાતા;
ભવ્યોકોં બુલાતે પાસ, કર લો અપના કલ્યાણ;
ગગનવિહારી નાથ, પધારે તારણહાર ...યહ હૈ...(૩)
વિચરંતે સીમંધર નાથ, સ્વર્ણમેં તારણહાર ...યહ હૈ...(૩)

પરમાગમ મંદિર સુંદર, બિરાજીત હૈ મહાવીર;
કુંદામૃત વાણી અમર, સમજતે હી હો ભવતીર;
કુંદામૃત પદ્મપ્રભ, (આપને) દિયા અધ્યાતમ સાર ...યહ હૈ... (૪)

આદિ ઔર ભાવિ જિનવર, પંચમેરુ નંદીશ્વર;
જિનવૃંદોકી ભક્તિ કર, હમ પાવે શાશ્વત પદ;
ગુરુ-માત વચનામૃતસે, સબ પાવે આતમજ્ઞાન ...યહ હૈ... (૫)

સ્વાધ્યાય મંદિર બના પ્રથમ, જહાં બિરાજતે ગુરુ કહાન;
માત હસ્તસે સ્થાપિત હૈ, મહા મંગલ સમયસાર;
‘તું ભગવાન હૈ’ સુનાકર, કિયા પરમ ઉપકાર ...યહ હૈ... (૬)

આઓ ભક્ત સબ આઓ, નિર્મલ અનુભૂતિ પાઓ;
રત્નત્રય પ્રાપ્ત કરકે, મોક્ષપુરી પહુંચ જાઓ;
જય જય હો ગુરુવર કહાન, જય જય ભગવતી માત ...યહ હૈ... (૭)

ધન્ય ભાગ્ય ખીલે હમારે, જીવન સફલ હુઆ આજ;
ગુરુ સાધનાભૂમિ આકર, હમ કરેંગે તત્ત્વાભ્યાસ;
આશિષ દો ઉપકારી મહાન, હમ બને આપ સમાન ...યહ હૈ... (૮)

***

## (૬૨) ગુરુવંદન....

(રાગ : મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું...)

પ્રભાત ઊગ્યો મંગળ આજે, સુવર્ણપુરી મોઝાર;
હે ગુરુવર ! તુજ ચરણકમલમાં, વંદન કરીએ આજ... (૧)

સત્ય ધર્મનો ગુંજારવ તેં, કર્યો ભરત મોઝાર;
વીર શાસનની અખંડ ધારા, વર્તે તુજ પ્રતાપ... (૨)

ચૈતન્યજ્યોતિ પ્રભાત ઝલકે, તુજ અંતર મોઝાર;
પ્રભાત ઊગ્યો ભાગ્ય તણો અમ, મળ્યા તમે સુકાન... (૩)

અનંત ભવ્ય જીવોના સાચા, તુમ છો તારણહાર;
મંગળમૂર્તિ કહાન ગુરુની, જોડ નહીં જગમાંય... (૪)

વીતરાગી વાણી છે તારી, ત્રિકાળ નહિ ફરનાર;
સુપાત્ર જીવને અંતર સ્પર્શી, ખોલે આતમ દ્વાર... (૫)

ઊગી પ્રભાત સોનેરી સુવર્ણે, વંદન ક્રોડો આજ;
અમ અંતરની આશા પૂરો, ઊગાડો સુપ્રભાત... (૬)

વીર શાસનની ઉન્નતિ કરવા, તારો હતો અવતાર;
જય જય હોજો સિદ્ધપદ સાધક, ગુરુવર મારા કહાન... (૭)

***

## (૬૩) ભક્તને 'ભગવાન' કહેનાર....

જન્મે શ્રી કહાન હિતકારી, પૂર્વ જન્મકે થે સંસ્કારી;
ભવ્ય ભક્તોંકે મંગલકારી, મોક્ષપુરીકે મંગલ યાત્રી ....૧

સબકો ભગવાન આત્મા કહનારા, સ્વર્ણપુરીમેં નિત વસનારા,
દેશ-ભરમેં યાત્રા કરનારા, અજબ-ગજબ શક્તિ ધરનારા;
સત્ય સંદેશ સુનાવન હારા, અંતર શ્રુત મંથન કરનારા,
શ્રુતકી ધાર બહાવન હારા, સમયસાર દરસાવન હારા .... જન્મે શ્રી.... ૨

આતમ મર્મ બતાવન હારા, ધર્મકાલ બર્તાવન હારા,
ધર્મ ધ્વજ ફહરાવન હારા, ભવ્ય હ્રદય પલટાવન હારા;
શાસ્ત્ર સ્વાધ્યાયકે રંગી, નિજ આતમકે હૈ જો સંગી,
જ્ઞાનામૃત રસકે હૈ ભોગી, આતમમેં રમતેં વે જોગી .... જન્મે શ્રી.... ૩

સચ્ચે દેવ-ગુરુ-ધર્મ ઉપાસક, જિનવાણીકે મર્મ પ્રકાશક,
નિજ આતમકે વે જ્ઞાયક, નિજ શુદ્ધાતમકે વે સાધક;
મિથ્યા અંધકારકે વિનાશક, ભવ સમુદ્રકે હૈ વે તારક,
અધ્યાત્મ મારગ પ્રકાશક, અભીક્ષ્ણ જ્ઞાન ઉપયોગકે સાધક .... જન્મે શ્રી.... ૪

આનંદ મંગલકે હૈ દાયક, સબ પ્રકારસે હૈ વે લાયક,
વસ્તુ સ્વરૂપકે હૈ દર્શાયક, ધ્રુવ, ધર્મ, ધ્યેય કે ધારક;
નિશ્ચય-વ્યવહાર સંધિકે કારક, વીતરાગ વાણી પ્રચારક,
ક્રમબદ્ધપર્યાય ષટ્કારક, નિમિત્ત-ઉપાદાન પ્રતિપાદક .... જન્મે શ્રી.... ૫

મુમુક્ષુ ભક્તોકે હૈ હીરા, જિનવાણી માં કે હૈ વીરા,
પ્રતિકૂળ પ્રસંગ રણધીરા, મિથ્યામલ ધોનેકો નીરા;
સપ્ત તત્ત્વકે હૈ વેત્તા, કુંદકુંદ શાસનકે નેતા,
નિજ સ્વરૂપમેં ચેતા, શિવ સ્વરૂપકા અધ્યેતા .... જન્મે શ્રી.... ૬

ચાર અનુયોગોંકે જ્ઞાતા, જિજ્ઞાસુ જીવોંકે સહારા,
નિજાનન્દકે ધ્યાતા, પર પદાર્થકે જ્ઞાતા;
વીર શાસનકા સિતારા, ભવ્ય મનોકા તારા,
શુદ્ધાતમમેં રમનારા, હૈ આદર્શ હમારા .... જન્મે શ્રી.... ૭

***

## (૬૪) સ્વાગત... સ્વરૂપસાધક સંત....

(રાગ : આવો આવો હે નેમસ્વામી...)

આવો આવો, હે કહાન ગુરુવર, અમ આંગણિયે આજ...

સ્વર્ગપુરીથી અહીં પધારો, કરી કરુણા અપાર;
સહુ ભક્તજનો સાથે મળીને, કરે છે તુજને પોકાર... આવો...(૧)

ઉજમબાનંદન મોતીચંદ કુંવર, શા કરીએ સન્માન;
મહા સદ્‌ભાગ્યે ગુરુજી મળીયા, ખુલ્યા મુક્તિદ્વાર... આવો...(૨)

સીમંધર સંદેશા ભરતે લાવ્યા, સુણાવ્યાં મધુરા નાદ;
સ્વાનુભૂતિનો માર્ગ બતાવી, કર્યો શાસન ઉદ્ધાર... આવો...(૩)

સમયસારનો સાર સમજાવી, દીધાં આતમદાન;
પામરને પ્રભુપણે સ્થાપી, કર્યો મહા ઉપકાર... આવો...(૪)

કુંદામૃત હૃદય ખોલ્યા, વરસાવી શ્રુતધાર;
તુજ ગુણોને કેમ કથું હું, વંદન હો વારંવાર... આવો...(૫)

ભાવભક્તિના ફૂલડે વધાવું, પધારો તારણહાર;
સ્વાધ્યાય, મનન, અનુભવ કરીને, પામશું આતમરામ... આવો...(૬)

ધન્ય દિવસ મંગલ ઘડી આજ, પધારો અમ આધાર;
જય જય થાઓ આ જગમાંહી, તારો હે ગુરુરાજ... આવો...(૭)

આશિષ આપો કહાન ગુરુજી, ભૂલું ન તારું નામ;
સ્વરૂપ સાધના કરતાં-કરતાં, શીઘ્ર પહોંચું તુજ પાસ... આવો...(૮)

***

## (૬૫) કહાનગુરુ.... આત્મ-આધાર....

(રાગ : મને સત્યસ્વરૂપ....)

હે ઉજમબાનાં જાયા ! અમ આતમના આધારા !
હો વંદન તુજને અપારા, અમને કરો ભવપારા ....હે ઉજમબાનાં....૧

હું ભવવનમાં ભટક્યો, સંસાર સાગરમાં ડૂબ્યો;
હવે ફરવો નથી ભવઆંટો, તુજ શરણે છું આવ્યો ....હે ઉજમબાનાં....૨

મહાપુણ્યે માનવભવ મળ્યો, જૈનકુળમાં જન્મ થયો;
સત્ દેવ-શાસ્ત્ર-ગુરુ પામ્યો, હવે પ્રમાદ કરું શાનો ? ....હે ઉજમબાનાં....૩

તુજ વાણી-અમૃત પીઉં, તત્ત્વ ચિંતવન કરું;
વસ્તુ સ્વરૂપ સાચું ઓળખું, સ્વભાવ મહિમા લાઉં ....હે ઉજમબાનાં...૪

વિષયોની તૃષ્ણા ન કરું, પરનું કર્તૃત્વ ન માનું;
પુણ્યમાં સુખ ન જાણું, ભેદભાવમાં જરા ન અટકું ....હે ઉજમબાનાં....૫

પુરુષાર્થ અપૂર્વ જગાડું, ભેદજ્ઞાન ધારા વહાવું;
નયપક્ષ જાળ તોડું, નિજ આત્મ પ્રત્યક્ષ જોઉં ....હે ઉજમબાનાં....૬

શ્રદ્ધાની હો દ્રઢતા, નિજ જ્ઞાનમાંહી વિવેકતા;
ચારિત્ર કરે સ્થિરતા, હો આવી જીવન સાધના ....હે ઉજમબાનાં....૭

***

## (૬૬) ભારતવર્ષની ભવ્ય વિભૂતિ....

(રાગ : ધન્ય મુનીશ્વર આતમ....)

ભારતવર્ષની ભવ્ય વિભૂતિ, અજબ ચમકતી શાન,
જય જય હોજો ગુરુવર કહાન...

ઉજમબાનો લાડીલો તું, મોતીચંદનો માનીતો તું;
ઉમરાળા નગરીમાં તું હી, પ્રગટ્યો કુંવર કહાન... જય જય.... (૧)

બાળપણથી તું ભગત કહેવાયો, બ્રહ્મચર્યના રંગે રંગાયો;
પાલેજ છોડ્યું, પરિવાર છોડ્યો, છોડ્યો સંપ્રદાય... જય જય.... (૨)

સુવર્ણપુરીનો સંત બન્યો તું, શિવપુરીનો પથિક બન્યો તું;
મુક્તિપુરીના ઉદ્‌ઘાટનના, મંત્રો દીધા દિન-રાત... જય જય.... (૩)

સાર સમયની બંસરી બજાવી, સ્વતંત્રતાનો ઢંઢેરો પીટાવી;
નિશ્ચય-વ્યવહારની 'માસ્ટર કી' થી, ખોલ્યા અનુયોગ ચાર... જય જય.... (૪)

ભારતભૂમિમાં વિદેહ આવ્યું, સ્વર્ણપુરે સમોસરણ રચાયું;
ગગનવિહારી માનસ્થંભ તો, મૂકાવે માનીના માન... જય જય.... (૫)

અધ્યાત્મની વાતો ન્યારી, ભવ્યજનોને લાગે પ્યારી;
દાસ પ્રભુનો ઉદાસ જગતથી, સુખીયો સમ્યક્‌વાન... જય જય.... (૬)

સુવર્ણપુરીમાં તમે બિરાજ્યા, ભક્તોને અમૃત પીરસતા;
સીમંધર વીર ને કુંદામૃતનો, વારસ તું છે કહાન... જય જય.... (૭)

જયવંત રહો ગુરુ કહાન અમારા, અધ્યાત્મવિદ્યાના છો દાતારા;
અભિનંદન અભિવંદન તુજને, યુગ પુરુષ પ્રધાન... જય જય.... (૮)

***

## (૬૭) આવો પધારો ગુરુવર કહાન....

(રાગ : આવો આવો સીમંધરનાથ અમ ઘેર આવોને....)

આવ્યા આવ્યા શ્રી ગુરુવર કહાન, આંગણે પધાર્યાં રે;
અહો આતમના આધાર, પધારો પધારો રે ....આવ્યા આવ્યા....(૧)

અમ ભક્તોના તારણહાર, ગુરુરાજ બિરાજો રે;
તુજ સેવકના મનોરથ, પૂરા કરો રે ....આવ્યા આવ્યા....(૨)

ઉપશમ મુદ્રા દેખી આજ, આનંદ ઊછળે રે;
ચિંતામણિ આવ્યો હાથ, શું કહું તુજને રે ....આવ્યા આવ્યા....(૩)

ભવ્યો બેઠાં તુજ પાસ, વાણી વરસાવો રે;
બતાવી નિજ આત્મસ્વરૂપ, પાર ઉતારો રે ....આવ્યા આવ્યા....(૪)

કઈ વિધ વંદું ગુરુ કહાન, કઈ વિધ સ્તુતિ રે;
મારે આંગણે બિરાજે ગુરુરાજ, જોઈ જોઈ હરખું રે ....આવ્યા આવ્યા....(૫)

સુરતરુથી પણ અધિક, મુજને મળિયા રે;
મારો જન્મ થયો છે કૃતાર્થ, રાખો સાથમાં રે ....આવ્યા આવ્યા....(૬)

ગુરુ કહાને કર્યો છે ઉપકાર, રાખી નથી ખામી રે;
આ પામર પર કરુણા, અતિ વરસાવી રે ....આવ્યા આવ્યા....(૭)

નિત્ય બિરાજો હૃદયમાંય, આશિષ મીઠાં દેજો રે;
કરીએ અમે આત્મકલ્યાણ, નમું નમું ભાવે રે ....આવ્યા આવ્યા....(૮)

***

## (૬૮) હીરો હિન્દુસ્તાનનો....

સ્વાનુભૂતિથી ઝળકે છે, નિજ ચૈતન્ય તેજે ચમકે છે;
ભક્તોને જગાડે છે, એ છે હીરો હિન્દુસ્તાનનો ......
આ ભાનુ ભારતદેશનો ......

'સુવર્ણ' માં એ જડીયો છે, ભારતમાં એ ઝળક્યો છે;
જિનમાર્ગનો પ્રકાશક છે, એ હીરલો હિન્દુસ્તાનનો .... આ ભાનુ... (૧)

જ્યાં સીમંધર સંસ્કાર છે, જ્યાં વીરપ્રભુની હાક છે;
જ્યાં કુંદપ્રભુના તેજ છે, એ હીરલો હિન્દુસ્તાનનો .... આ ભાનુ... (૨)

સપ્ત તત્ત્વનો જાણ છે, પંચ પરમેષ્ઠીનો દાસ છે;
જગતથી ઉદાસ છે, એ હીરલો હિન્દુસ્તાનનો .... આ ભાનુ... (૩)

જેના આત્મતેજ અપાર છે, કોહીનૂર ઝંખવાય છે;
મોહ અંધારા ભાગે છે, આ હીરલો હિન્દુસ્તાનનો .... આ ભાનુ... (૪)

શ્રુતના દરિયા મથી મથી, જે સમ્યક્ રત્નો કાઢે છે;
અમૃત પાન કરાવે છે, આ હીરલો હિન્દુસ્તાનનો .... આ ભાનુ... (૫)

શ્રદ્ધાના જ્યાં નૂર છે, શ્રુતતરંગ ભરપૂર છે;
'હીરો' સદા જયવંત છે, આ હીરલો હિન્દુસ્તાનનો .... આ ભાનુ... (૬)
આ ભાનુ ભારતદેશનો .... આ ભાનુ... (૬)

***

## (૬૯) ભક્તો આવો....

ભક્તો આવો, ગુરુને ભાવે ભેટવા રે;
ભાવે ભેટવા રે, વાણી સુણવા રે ....

ભરતે દિવ્ય, ધ્વનિના નાદ આવીયા રે;
નાદ આવીયા રે, ગુરુજી લાવીયા રે ....ભક્તો....(૧)

બીજ સત્યના, કહાન ગુરુએ રોપીયા રે;
ગુરુએ રોપીયા રે, અમૃત સીંચીયા રે ....ભક્તો....(૨)

ભવ્ય ભક્તોના, સદ્‌ભાગ્ય ખીલીયા રે;
ભાગ્ય ખીલીયા રે, ગુરુજી પધારિયા રે ....ભક્તો....(૩)

ધન્ય ધન્ય, સીમંધર તારા પુત્રને રે;
તારા પુત્રને રે, અમારા નાથને રે ....ભક્તો....(૪)

વીરકુંદના, કેડાયત ગુરુ કહાન છે રે;
ગુરુ કહાન છે રે, શાસન સ્થંભ છે રે ....ભક્તો....(૫)

ભરતક્ષેત્રે, અણમૂલા ગુરુ એક છે રે;
ગુરુ એક છે રે, કલ્પતરુ છે રે, ....ભક્તો....(૬)

પંચમ કાળે, અજોડ ગુરુજી જાગીયા રે;
ગુરુજી જાગીયા રે, સત્ય સ્થાપિયા રે ....ભક્તો....(૭)

ત્રણે કાળે, સત્યનો મારગ એક છે રે;
મારગ એક છે રે, ભવ્યની ટેક છે રે ....ભક્તો....(૮)

ગુરુજી પ્રતાપે, શાસનનો જય જયકાર છે રે;
જય જયકાર છે રે, વિજય ત્રિકાળ છે રે ....ભક્તો....(૯)

***

## (૭૦) પાવન પગલા....

(રાગ : વિદેહી જિણંદજી સોહામણા રે લાલ)

ગુરુરાજ પધાર્યાં અમ આંગણે રે લાલ,
ભક્તિ કરું હું તારી ભાવથી રે લાલ,
રત્ને વધાવું ગુરુદેવને રે લાલ...
મોતીડે વધાવું ગુરુદેવને રે લાલ...

અમૃત ભર્યાં તુજ વાણીએ રે લાલ,
ચૈતન્યરસ વરસી રહ્યાં રે લાલ ... રત્ને વધાવું ...(૧)

ભરતે અજોડ ગુરુદેવ છે રે લાલ,
મહિમા તણા ભંડાર છે રે લાલ ... મોતીડે વધાવું ...(૨)

શ્રુત તણા અવતાર છે રે લાલ,
સરસ્વતી-માત મુખે સોહતા રે લાલ ... રત્ને વધાવું ...(૩)

દિવ્યતા ભરેલું તુજ દ્રવ્ય છે રે લાલ,
ભાવિ તણા ભગવંત છે રે લાલ ... મોતીડે વધાવું ...(૪)

તુજ વાણીમાં આશ્ચર્ય અપાર છે રે લાલ,
દૈવી ગુણોથી ગુરુ શોભતા રે લાલ ... રત્ને વધાવું ...(૫)

ચંદ્ર-સૂરજ પાય પૂજતા રે લાલ,
સર્વ વસ્તુ ચરણે નમે રે લાલ ... મોતીડે વધાવું ...(૬)

ગુણરત્નાકર પધારીયા રે લાલ,
કલ્પવૃક્ષ ચિંતામણિ રે લાલ ... રત્ને વધાવું ...(૭)

ગુરુરાજ પધાર્યાં અમ આંગણે રે લાલ,
વંદન-સ્તવન શાં શાં કરું રે લાલ ... મોતીડે વધાવું ...(૮)

સેવકે શરણ ગ્રહ્યું ભાવથી રે લાલ,
આત્મકલ્યાણ અમને આપજો રે લાલ ... રત્ને વધાવું ...(૯)
શાશ્વત સુખ આપજો રે લાલ ... મોતીડે વધાવું ...(૯)

***

## (૭૧) જિનશાસન પ્રભાવક....
(રાગ : નિર્મલ જલ સા નિજ સ્વરૂપ....)

જિનમાર્ગકે સત્ પ્રભાવક, પાખંડકા ખંડન અટલ;
અધ્યાત્મશૂન્ય સમાજમેં, જગ ગયા સમ્યક્દ્રગ પટલ ....(૧)....

વિસ્ફોટ આતમક્રાંતિકા, અધ્યાત્મકા આયા જભી;
નિજસૌખ્યકી ઉસ ભ્રાંતિકા, ઢહ ગયા શૂન્ય ક્ષિતિજ તભી ....(૨)....

અધ્યાત્મધાનકી ખાન પડી સુનસાન, કોઈ નહીં જાન;
કહાનગુરુ આયે સુની ભૂમિ પર, જ્ઞાનમેઘ બરસાયે ....(૩)....

બદલી દિશા સબ માર્ગ બદલે, આત્મકા પૌરુષ જગા;
જાગી કિરણ સમ્યક્ત્વકી, મિથ્યાત્વ તબ ઝટસે ભગા ....(૪)....

પ્રભુ વીરસે સિંચિત હુઆ, સુખ માર્ગ ઉદ્ઘાટિત કિયા;
ભટકે હુએ ભવ્યજીવોંકો, અધ્યાત્મકા ઇક રુખ દિયા ....(૫)....

જિનધર્મકા થા જો મૂલ ગયે સબ ભૂલ, ક્રિયામેં ઝૂલ;
જગત ભરમાયા તબ આપહીને, અધ્યાત્મ સૂર્ય ચમકાયા ....(૬)....

સારા જગત જબ પુણ્યમેં હી, મોક્ષમાર્ગ તલાશતા;
તબ ઉદિત હોકર આપને, મુજકો દિયા મેરા પતા ....(૭)....

પતઝડ હુએ સબ કુપથ, વસંત કુસુમ ખીલા દિયા;
પહચાન પત્ર મિલા મુજે, ચૈતન્ય ઉદક પીલા દિયા ....(૮)....

હૈ કોટી કોટી ઉપકાર ભરમ દયો ટાર, પલટ સરકાર;
ઔર ક્યા કહના મિલ ગયા, મુજે મેરા યે ચેતન ગહના ....(૯)....

ઉપકાર ઐસા હૈ કી જો, શબ્દોમેં ગૂંથ સકતા નહીં;
ગુરુદેવ જૈસા જીવ ઇસ, ધરતી પે મિલ સકતા નહીં ....(૧૦)....

હમ કરે સ્વ આરાધના, તબ હી સફલ ઉપકાર હૈ;
વરના કૃતઘ્નીકી તરહ ભ્રમના, હમારી હાર હૈ ....(૧૧)....

(દોહા)

ગુરુદેવને બતા દિયા, મુક્તિ મહલકા રાજ;
સર્વ જીવ ઇસ લોકકે, પાએ સમકિત આજ ....(૧૨)....

***

## (૭૨) અમૃત વાણીની વર્ષા....

(રાગ : વિદેહવાસી કહાનગુરુ.....)

આજે સોનેરી મહા મંગળ દિન ઊગ્યો રે,
આવો રે સૌ ભક્તજનો મંગળ ગીત ગાઈએ રે,
ગુરુરાજમુખેથી અમૃત મેહ વરસ્યા રે,
આવો સૌ ભક્તજનો ગુરુવાણી સુણીએ રે....

અમ સેવકના પ્રભુ હૃદય તલસતા,
ક્યારે છૂટે ગુરુવાણી ભવ હરનારી રે.... આવો રે સૌ....(૧)

મધુરા સૂર ગુરુવાણીના વાગે,
જ્ઞાનગંગાના પાને પાવન થઈએ રે.... આજે સોનેરી...(૨)

ગુરુરાજ વાણીમાં ચૈતન્ય ઝળકે,
અંતરથી સુણતાં ભવની ભાવટ ભાંગે રે.... આવો રે સૌ....(૩)

દિવ્યતા ભરી ગુરુરાજની મુદ્રા,
ગુરુરાજ દર્શને અમ આતમ જાગે રે.... આજે સોનેરી...(૪)

આવો પધારો ગુરુ અમ આંગણિયે,
અંતર આનંદના ફૂલડે વધાવું રે.... આવો રે સૌ....(૫)

રત્નચિંતામણિ ગુરુદેવ પધાર્યા,
આનંદ મંગળની મીઠી છાંયા છવાણી રે.... આજે સોનેરી...(૬)

ભારત ખંડમાં ગુરુ અજોડ સંત પાક્યા,
વાણી કેરી બસંરીથી હિંદ આખું ડોલ્યું રે.... આવો રે સૌ....(૭)

શ્રુત ભંડાર આજે ગુરુદેવે ખોલ્યા,
સ્વતંત્ર સ્વરૂપના સૂક્ષ્મ ન્યાયો સમજાવ્યાં રે.... આજે સોનેરી...(૮)

જ્ઞાયક દેવના મીઠાં મંત્ર સુણાવી,
જડ-ચૈતન્યના ભેદ બતાવ્યા રે.... આવો રે સૌ....(૯)
મુક્તિ કેરા અણમૂલા માર્ગ બતાવ્યા રે.... આવો રે સૌ....(૯)

ગુરુરાજ દેવા ! તારી સુર કરે સેવા,
શી શી કરું તારા ગુણ કેરી મહિમા રે... આજે સોનેરી...(૧૦)

ગુરુદેવના સૂક્ષ્મ ભાવો નિત પ્રતિ વરસો,
હૈડામાં વસજો મારા અંતરમાં ઊતરજો રે.... આવો રે સૌ....(૧૧)

નભ મંડળમાંથી પુષ્પોની વર્ષા,
ગુરુવાણીથી આજે આનંદ મંગળ વર્તે રે....
આજે ઘર-ઘર મહાઆનંદ મંગળ ગાજે રે.... આજે સોનેરી...(૧૨)

વાણી સુણી મારું અંતર ઊછળે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે.... આવો રે સૌ....(૧૩)

***

## (૭૩) તારણહાર ઉપકારી ભેટ્યા....

મને સત્ય સ્વરૂપ સમજાવ્યું, મને આતમ જ્ઞાન આપ્યું;
તે કહાન ગુરુને વંદન, મહા પુણ્યે આજ મળીયા...

હે ઉજમબાના દુલારા ! સેવકના તારણહારા;
છો જિન લઘુનંદન, સ્વીકારજો નમન અમારા...

હું સંસાર તાપમાં બળતો, સુખ-શાંતિ સદા શોધતો;
શીતળ જ્ઞાનધારા વરસાવી, કષાય અગ્નિને ઠારી;
ઉપકાર ગુરુવર આપનાં, ભૂલાય કદી ન જીવનમાં ... તે કહાન ગુરુને....(૧)

હું સ્વરૂપસાધના કરું, વિષયોમાં સુખ ન માનું;
બીજે ક્યાંય ના અટકું, સ્વભાવ કદી ન વિસરું;
આશિષ અનુપમ આપ્યા, ભવસાગરથી ઉગાર્યા ... તે કહાન ગુરુને....(૨)

જિનવરના ભેટા કરાવ્યા, શાસ્ત્રોના મર્મ ઉકેલ્યા;
સાધક સંતોને બતાવ્યા, વીરશાસનને ઉજાળ્યા;
ગુરુરાજ શું ચરણે અર્પું ? મને કાંઈ ન રે જડતું ... તે કહાન ગુરુને....(૩)

આજ મંગલ દિવસ આવ્યો, પાવન દર્શન હું પામ્યો;
અંતર આતમ છે ઉલ્લસ્યો, જાણે નિજ આત્મ દેખ્યો;
નિશ્ચિત શિવપદ મળશે, બીજું કાંઈ ન હવે ભાસે ... તે કહાન ગુરુને.... (૪)

***

## (૭૪) જ્ઞાનપુંજ ગુરુ કહાન....

યહ ધરા પર આત્મ રવિકા, ઉદય સદા જયવંત રહો;
જ્ઞાનપૂંજ ઉસ આત્મજ્યોતિકો, બારબાર સબ નમન કરો ...૧

ધન્ય ધન્ય તુમ ગુરુવર મેરે, આત્મજ્યોતિકો જગા દિયા,
કોટિ જન્મકે અંધ જ્ઞાનકા, પલ ભરમેં હી નાશ કિયા;
ભેદજ્ઞાન જગા અંતરમેં, નિજ-પરકા હૈ ભેદ લિયા,
મૈં હી સ્વ હૂં યે સબ પર હૈ, સમયસારકા મનન કિયા ... યહ ધરા પર...૨

નહીં કરતા મૈં પર વસ્તુકા, નહીં વો મેરી અપની ચીજ,
ગુરુ વચનામૃતકી ધારાસે તું, જ્ઞાનવેલ અબ અપની સીંચ;
કેવલ મૈં કરતા હૂં અપના, અપના જ્ઞાન જગાઉંગા,
આઠ કર્મોકી ચક્કીમેં, નિજકો ન અબ ઉલજાઉંગા ... યહ ધરા પર...૩

યે ક્યોં વિઘ્નરૂપ હો મુઝકો, મેં આતમ તત્ત્વ નિરાલા હૂં,
નિત્ય નિરંજન જ્ઞાન સ્વરૂપી, જ્ઞાન ધર્મસે ઉજિયાલા હૂં;
પરકા રાગ ઘટે તત્ક્ષણ, જિસ ક્ષણ યહ વિશ્વાસ જગે,
નિત્ય સુખી હોનેમેં મુજકો, નહીં કોઈ અબ રોક લગે ... યહ ધરા પર...૪

ચૂર ચૂર અભિમાન ગલેગા, મૈં 'ત્યાગી' હૂં ત્યાગ કિયા,
પૃથક આપ-પર હો જાયેંગે, ગુરુ વાણીસે જ્ઞાન લિયા;
કુંદકુંદ મુનિરાજ ચરણમેં, 'ચંદ્રપ્રભા'કા કોટિ પ્રણામ,
ઔર કાનજી સદ્ગુરુકો, અર્પિત કરતી મૈં ભક્તિલલામ ... યહ ધરા પર...૫

***

## (૭૫) ગુરુવર કહાન ઉપકાર....

(રાગ : રાખના રમકડાં...)

વીતરાગી સિદ્ધાંત ગુરુ કહાને, ગુરુ કહાને સૌને બતાવ્યા રે,
વીતરાગી સિદ્ધાંત ગુરુ કહાને, ગુરુ કહાને આ સમજાવ્યા રે,
પામર સૌ જીવોને પણ, પ્રભુ કહી સંબોધ્યા રે ...વીતરાગી સિદ્ધાંત...૧

એની વાણીમાં રોજ નવીનતા, રોજ નવીનતા હર હંમેશા આવે;
તું ચેતન ને દેહ જડ છે, (૨) પ્રત્યક્ષ ભેદ બતાવે રે ...વીતરાગી સિદ્ધાંત...૨

મેં જોયું જગતમાં ફરી ફરી, ફરી ફરી આખર નિર્ણય થયો;
સુવર્ણપુરીના સંત પાસે જ, (૨) છે સત્ય ખજાનો રે ...વીતરાગી સિદ્ધાંત...૩

ગુરુવર તારું નામ સારા જગમાં, સારા જગમાં ઉમંગે ફેલાય;
અદ્‌ભુત યોગી ગુરુવર કહાન, (૨) આંગણે સુરતરુ સમાન રે ...વીતરાગી સિદ્ધાંત...૪

જય જયકાર ભક્તો કરે, ભક્તો કરે મોક્ષમાર્ગ દાતા;
ભરતક્ષેત્રે તીર્થંકર સમ થઈ, (૨) કરુણા કરી પધાર્યાં રે ...વીતરાગી સિદ્ધાંત...૫

અહો ! અમ ભક્તોના કહાનગુરુ, કહાનગુરુ દર્શન દેવા પધારો;
પળ પળ સેવક વાટ જુએ છે, (૨) વાણી દિવ્ય વરસાવો રે ...વીતરાગી સિદ્ધાંત...૬

તુજ દર્શન-વાણી વિરહે, વાણી વિરહે બાળકો અહીં તહીં રઝળે;
કૃપાદ્રષ્ટિ અમ પર કરતાં, (૨) ભવભ્રમણ ટળે રે ...વીતરાગી સિદ્ધાંત...૭

***

## (૭૬) જિનશાસન શણગાર...

(રાગ : અબ સુણો સહુ સંદેશ)

જિન શાસનના શણગાર, ગુરુવર કહાન;
ઓ ગુરુજી અમારા, હું આવ્યો શરણ તમારા...

હું આવી પડ્યો છું આ જગમાં, રખડી રખડી થાક્યો ભવવનમાં;
હવે મળ્યા ગુરુજી મને તારણહારા... હું આવ્યો શરણ તમારા... જિન...(૧)

જોયું જગમાં મેં ફરી ફરી, નહીં સુખ મળ્યું જરી જરી;
ગુરુ કહાન મળ્યા છે શરણ દેનારા... હું આવ્યો શરણ તમારા... જિન...(૨)

જેના જ્ઞાન બગીચા બહુ ફાલ્યા, એના ભક્તોએ લીધા છે લ્હાવા;
મારા ગુરુજી પીવડાવે અમૃત પ્યાલા... હું આવ્યો શરણ તમારા... જિન...(૩)

ગુરુમુખેથી વાગે વિદેહી વીણા, સુણતાં લાગે સ્વર બહુ મીઠાં;
જેમાં ન્યાયો નીકળે નિશદિન ઝીણાં ઝીણાં.. હું આવ્યો શરણ તમારા... જિન...(૪)

તારી આત્મલગની અદ્‌ભુત ન્યારી, મને લાગે અતિશય પ્યારી;
જેની પરિણતિ શુદ્ધ સ્વરૂપમાં વસનારી... હું આવ્યો શરણ તમારા... જિન...(૫)

ભવિક મંડળ ગુરુગુણ ગાતાં, એક ચિત્તે વાણીને સુણતાં;
અલ્પ કાળે ચિન્મય થનારા... હું આવ્યો શરણ તમારા... જિન...(૬)
અલ્પ કાળે જ્ઞાનાનંદમાં રમનારા... હું આવ્યો શરણ તમારા... જિન...(૬)

***

## (૭૭) અણમોલા ગુરુ કહાન....

ગુરુ અમારા અણમોલા છે, જગમાં જડે નહીં જોડ રે;
કરુણાનિધાન.... કરુણાનિધાન ....

સીમંધરપ્રભુનાં લાડકવાયા, સીમંધર વારસદાર;
દિવ્યધ્વનિનો ધોધ વહાવી, કર્યાં જયજયકાર;
કરુણામૂર્તિ કરુણાસાગર, (૨) વંદન વારંવાર રે ....કરુણાનિધાન....૧

ભગવાન કહીને સહુને બોલાવે, પામરતા છોડાવે;
ગુણ અમારા પાવન ગુરુનાં, કહેતાં પાર ન આવે;
ગુણીયલ ગુરુનાં ચરણકમળમાં, (૨) કોટી કોટી પ્રણામ રે ....કરુણાનિધાન....૨

જૈનધર્મના રક્ષણહારા, શાસનના સમ્રાટ;
ભવ્ય જીવોના તારણહારા, ભાવિના ભગવાન;
સૂર્યકીર્તિનાથ પ્રભુને, (૨) ભક્તિભાવે પ્રણામ રે ....કરુણાનિધાન....૩

વરસાવી નિજ અનુભવ વાણી, આપ્યું અલૌકિક ભાન;
ગુરુવાણીનું મનન કરી હું, પામું આતમ જ્ઞાન;
રત્નત્રયને હું આરાધું, (૨) પામું કેવળજ્ઞાન રે ....કરુણાનિધાન....૪

***

## (૭૮) કહાન ઉપકાર....

(રાગ : રાખના રમકડાં....)

ભારતના ભવિજનને ગુરુ કહાને (૨), અમૃત પાયા રે;
પામર બુદ્ધિ એકાંત છોડાવી, પરમાતમ ભાન કરાવ્યાં રે ......ભારતના......

ભવ સાગરમાં બહુ ભમ્યા ને, અનંત દુખડાં સહ્યાં રે;
એ ભવસાગર પાર ઊતરવા (૨), તરણ-તારણ ગુરુ મળિયા રે ......ભારતના......(૧)

જ્ઞાનસુધારસ ગુરુ મુખ વરસે, આત્માર્થી હિત કાજે રે;
દેહાદિ અભિમાન છૂટે ને (૨), શુદ્ધાતમ પદ પામે રે ......ભારતના......(૨)

મુક્તિ સ્વયંવર અહો ! રચાયો, આવો ભવ્યો સહુ આવો રે;
ઝટ ઝટ સિદ્ધ પ્રભુ સાક્ષીએ (૨), સિદ્ધપુરી સૌ જઈએ રે ......ભારતના......(૩)

મોક્ષમંડળી સ્વર્ણે ભરાણી, આત્માર્થી અહીં આવ્યા રે;
આત્મભાવના ભાવતાં ભાવતાં (૨), શિવરમણીને વરીએ રે ......ભારતના......(૪)

મોક્ષગામી અગ્રેસર ગુરુ, આજ અમોને ભેટ્યા રે;
ઉપાદાન પુરુષાર્થ કરીને (૨), ગુરુ સંગે મોક્ષ પામીએ રે ......ભારતના......(૫)

ધન્ય ભૂમિ ધન્ય કાળ અહો ! કહાન ગુરુ સંગાથે રે;
ગુરુ આજ્ઞાએ સ્વરૂપ પામી (૨), અજર અમર પદ વરીએ રે ......ભારતના......(૬)

***

## (૭૯) ઘણી ખમ્મા....

ઘણી ખમ્મા સદ્‌ગુરુ મારા કહાનને રે,
એના વારણે હું વારી વારી જાઉં છું રે ....ઘણી ખમ્મા.... (૧)

ગુરુની વાણી છૂટે ને લીન થાઉં છું રે,
એની ધૂનમાં એકાગ્ર થાઉં છું રે ....ઘણી ખમ્મા.... (૨)

ગુરુના ચરણોમાં આનંદ બહુ થાય છે રે,
સદ્‌ગુરુના દર્શન થયે પાપ જાય છે રે ....ઘણી ખમ્મા....(૩)

ગુરુના જ્ઞાનની ગંગા ચાલી જાય છે રે,
જેના ભાગ્ય હશે તે પીને ન્યાલ થાય છે રે ....ઘણી ખમ્મા....(૪)

જિનવાણીના અર્થો અલૌકિક થાય છે રે,
તેના શબ્દે શબ્દે મોક્ષ દેખાય છે રે ....ઘણી ખમ્મા....(૫)

સેવક 'તિલક' અહો ! તારા ભાગ્ય છે રે,
ગુરુ કહાન મળ્યા ને બેડો પાર છે રે ....ઘણી ખમ્મા....(૬)

***

## (૮૦) મારી અણમોલ ઘડી....

આવી મારા જીવનની અણમોલ આ ઘડી,
ગુરુવર કહાન બિરાજે મારે આંગણે અહીં;
ગુરુરાજ વધાવું આજે ભક્તિભાવ ભરી,
આવો ભક્તો મંગળ ગીત ગાઈએ સાથે મળી ... આવી... (૧)

ભક્ત તારણહાર અહો ! ગુરુ કહાન અમારા,
'ભગવાન' કહી બોલાવે એ ઉપકાર અપારા;
જ્ઞાનસિંધુ, કૃપાસાગર અંતર સમતા ભરી,
પામરને પ્રભુતા બતાવે એવી અમૃત વાણી

સીમંધર લઘુનંદન વીર પ્રભુના વારસદાર,
જિનવાણી રહસ્ય ખોલી પહોંચાડે મોક્ષદ્વાર;
કુંદના માર્ગે ચાલી શાસનમાં ઉજ્જ્વળતા ભરી,
તુજ ગુણોને યાદ કરી વંદન કરું ફરી ફરી ... આવી...(૩)

દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ કરાવી સાચી,
સાધનાપંથ બતાવ્યો ભેદજ્ઞાન મંત્ર આપી;
આપે કહેલ તત્ત્વ-અભ્યાસ કરું ઘડી ઘડી,
ભવસાગર પાર થાઉં જ્ઞાયક સ્વરૂપ જાણી ... આવી...(૪)

નિજ આતમ દેવને જાણું તુજ આશિષ વડે,
આત્માનુભવ કરી ત્યાગું સંસાર હવે;
આત્મહિત કરવાનો અવસર આવ્યો છે જરી,
ચૂકી ન જાઉં એવી ભાવના જાગી છે ખરી ... આવી...(૫)

આવો ભક્તો આવો સહુ આનંદ મંગલ કરીએ,
ગુરુકહાનનાં શરણમાં સદાય રમી રહીએ;
ગુણગાન તારાં શાં-શાં કરીએ આજે અમે,
ડૂબતા અમને તાર્યાં છે ઉપકારી તમે ... આવી...(૬)

***

## (૮૧) કહાન ગુરુ, મહાન ગુરુ....

(રાગ : આવો આવો સીમંધરનાથ)

અહો ! અહો ! ગુરુવર કહાન, આંગણે બિરાજે રે;
ગુરુવર કહાન મહાન, આંગણે બિરાજે રે;
રૂડા ભક્ત વત્સલ ગુરુરાજ, બિરાજો બિરાજો રે ...

અમ ભક્તોના તારણહાર, વિદેહથી પધાર્યાં રે;
તુજ સેવકના મનોરથ, પૂર્ણ થયા છે રે ... ગુરુવર કહાન...(૧)

નિર્મલ મુદ્રા દેખી આજ, આનંદ ઊછળે રે;
ચિંતામણિ આવ્યો હાથ, શું કહું તુજને રે ... ગુરુવર કહાન...(૨)

ભવ્યો બેઠાં તુજ પાસ, વાણી વરસાવો રે;
બતાવી નિજ આત્મસ્વરૂપ, પાર ઉતારો રે ... ગુરુવર કહાન...(૩)

કઈ વિધ વંદું ઉપકારી, કઈ વિધ સ્તુતિ કરું;
મહાભાગ્યે મળ્યા કહાન, જોઈ જોઈ હરખું રે ... ગુરુવર કહાન...(૪)

સુરતરુથી પણ અધિક, ફળ દાતાર ભેટ્યા;
મારો જન્મ થયો છે કૃતાર્થ, રાખોસાથમાં રે ... ગુરુવર કહાન...(૫)

દાસ પર કર્યો છે ઉપકાર, રાખી નથી ખામી રે;
આ પામર પર કરુણા, અતિ વરસાવી છે ... ગુરુવર કહાન...(૬)

નિત્ય બિરાજો હ્રદયમાંય, આશિષ વરસાવો રે;
કરીએ અમે આત્મકલ્યાણ, નમું નમું ભાવે રે ... ગુરુવર કહાન...(૭)

***

## (૮૨) સેવક વિનંતી....

(રાગ : સોનગઢ શહેરમાં પંચકલ્યાણક....)

કરુણાસાગર કહાનગુરુજી, (૨) માર્ગપ્રકાશક કહાનગુરુજી, (૨)
અમ ઉદ્ધારક કહાનગુરુજી, (૨) સ્વરૂપ સાધક કહાનગુરુજી, (૨)
ભરતે પધારો એકવાર, ગુરુદેવ અહીંયા પધારો....
બોલો બોલાવું એકવાર, ગુરુદેવ અહીંયા પધારો....

તુજ સેવક રાહ જુએ છે, (૨) દર્શન કાજે ભક્તો તરસે છે, (૨)
સ્વર્ગેથી આવો સાક્ષાત્, ગુરુદેવ અહીંયા પધારો....
આસન જમાવો ગુરુરાજ, ગુરુદેવ અહીંયા પધારો.... ....(૧)

ભવતાપનાશક વાણી તમારી, (૨) મુમુક્ષુઓની મૂંઝવણ મટાડતી, (૨)
વાણી સુણાવો ગુરુરાજ, ગુરુદેવ અહીંયા પધારો....
આતમ ડોલાવો ગુરુરાજ, ગુરુદેવ અહીંયા પધારો.... ....(૨)

સમયસારનાં મંત્રો સુણાવો, (૨) કર્તૃત્વભાવના ઝેર ઊતરાવો, (૨)
જ્ઞાયકનાં ગીતો ગાવા કાજ, ગુરુદેવ અહીંયા પધારો....
દેવા દ્રષ્ટિનાં દાન, ગુરુદેવ અહીંયા પધારો.... ....(૩)

આપ છો વીતરાગી ક્ષમાના ધારી, (૨) આપની દ્રષ્ટિ અમૃત વરસાવતી, (૨)
ક્ષતિ દોષ કરી દો માફ, ગુરુદેવ અહીંયા પધારો....
બાળકનો ઝાલી લ્યોને હાથ, ગુરુદેવ અહીંયા પધારો....
ભક્તિ સ્વીકારો ગુરુરાજ, ગુરુદેવ અહીંયા પધારો....
ચરણોમાં રાખો દિનરાત, ગુરુદેવ અહીંયા પધારો....
દર્શન દ્યોને કૃપાનાથ, ગુરુદેવ અહીંયા પધારો.... ....(૪)

***

## (૮૩) ઉપકારી ગુરુવર કહાન....

ગુરુજી ! બહુ તારા ઉપકાર... ગુરુજી ! બહુ તારા ઉપકાર...
તારા ગુણના ના'વે પાર, ગુરુજી ! બહુ તારા ઉપકાર...

જનમ જનમના દુ:ખીયા જીવો, તારા શરણમાં આવે;
ભવદુ:ખીયાનો સાચો વિસામો, (૨) શાન્તિરસ પાન કરાવે;
એવા ભવદુ:ખ ભંજનહાર... ગુરુજી!...(૧)

ટળવળતા અંધકારમાં નહોતું, અમને આતમ ભાન;
જ્ઞાનજ્યોતિને પ્રગટાવી, (૨) બતાવ્યા સાચા માર્ગ;
એવા અમ અંધતણા આધાર... ગુરુજી!...(૨)

ભવ્ય જીવોની ભીડ ભાંગવા, ભેટ્યા છો ગુરુરાજ;
આત્મસ્વરૂપનો ભેટો કરાવી, (૨) દૂર કરો અજ્ઞાન;
એવા છો જ્ઞાનામૃત પાનાર... ગુરુજી!...(૩)

અજબ વીરતાથી ભરેલી, અદ્દભુત વાણી તારી;
આત્મતૃષિત જીવોને માટે, (૨) અપૂર્વ મંગલકારી;
એવા શ્રુતજ્ઞાન ધરનાર... ગુરુજી!...(૪)

અધ્યાત્મજ્ઞાનથી વહેતું ઊછળતું, અંતર જીવન તારું;
આત્માર્થીને અર્પે જીવન, (૨) આત્મહિત કરનારું;
એવા આત્મ જીવન દેનાર... ગુરુજી!...(૫)

શુદ્ધાત્મ સ્વરૂપે મસ્ત બન્યો તું, જ્ઞાયક ભક્તિ અપાર;
જિનશાસનનો ડંકો વગાડી, (૨) વર્તાવ્યો જયકાર;
એવા શ્રેષ્ઠ ગુણ ભંડાર... ગુરુજી!...(૬)

અનંત અનંત ઉપકાર તારા, કેમ કરીને કથાય;
ચૈતન્ય હીરો પ્રાપ્ત કરીને, (૨) થાયે પૂર્ણ પ્રકાશ;
એવા આત્મરત્ન દાતાર... ગુરુજી!...(૭)

***

## (૮૪) સ્વરુપસાધક સંતનો ભેટો....

એક સત્ પુરુષ આવી મળ્યા, સત્ય સ્વરૂપ સમજાવી ગયા ....
એક સત્ પુરુષ આવી મળ્યા, સાર સમયનો બતાવી ગયા ....

કરુણા ભીનાં હૃદયે આવ્યા, સીમંધર વાણી લાવ્યા;
જ્ઞાનદાન ભક્તોને આપ્યા, ભવસાગરથી પાર ઉતાર્યાં ....એક સત્ પુરુષ...(૧)

વિદેહ દેશના પાત્ર યુવરાજ, ભરતના કહાન ગુરુરાજ;
અલ્પ ભવમાં ભગવાન થવાના, અહો સદ્‌ભાગ્ય અમારા ....એક સત્ પુરુષ...(૨)

જિનવાણીના રહસ્ય ખોલ્યા, વીતરાગતા સાર કહી ગયા;
કુંદકુંદના છો સાચા નંદન, કરીએ આજે તુજને વંદન ....એક સત્ પુરુષ...(૩)

ઉમરાળામાં જન્મ લીધો, પાલેજમાં વ્યાપાર કીધો;
સંસાર અસાર લાગ્યો, વૈરાગ્યને ધારણ કર્યો ....એક સત્ પુરુષ...(૪)

સત્‌ની તીવ્ર ઝંખના હતી, સત્‌ની શોધ શરૂ કરી;
જીવનમાં સત્ પ્રાપ્ત થયું, સમયસાર હાથ આવ્યું ....એક સત્ પુરુષ...(૫)

સંપ્રદાય છોડ્યો ધર્મ ધાર્યો, સુવર્ણપુરીમાં વસવાટ કર્યો;
દિવ્યધ્વનિના વિરહા ભૂલાવ્યા, ડૂબતા જીવોને તમે ઉગાર્યાં ....એક સત્ પુરુષ...(૬)

શું ગુરુવર ચરણે ધરું ? આત્મસ્વરૂપ બતાવી દીધું;
ઉપકારો ભૂલાય નહિ, ભૂલવાનો કદી અવકાશ નથી ....એક સત્ પુરુષ...(૭)

ઉપકાર તારા કેમ કથું ? શબ્દોમાં શું વર્ણન કરું ?
અંતર હૃદયમાં તુજને સ્થાપી, વંદન કરું અહો ! ઉપકારી ....એક સત્ પુરુષ...(૮)

***

## (૮૫) પુનઃ પધારજો....

આવજો આવજો આવજો ગુરુજી, એકવાર પુનઃ પધારજો ...

સેવકને પાય નમાવજો ગુરુજી, એકવાર સાક્ષાત્ આવજો ...

સીમંધરનાથ શોભે જે રૂડા, દિવ્યધ્વનિ સાથે લાવજો ...ગુરુજી, એક...૧

ગણધરો દિવ્યવાણી ઝીલે જે, બાર અંગનો સાર લાવશો ...ગુરુજી, એક...૨

કુંદકુંદદેવ સ્વર્ગને ઉજાળે, આશિષ તેમનાં લાવજો ...ગુરુજી, એક...૩

અમૃતચંદ્ર સ્વર્ગમાં સોહે, જ્ઞાન તેમનું ન ભૂલશો ...ગુરુજી, એક...૪

પદ્મપ્રભ બિરાજે ત્યાં જે, સાર નિયમનો લઈ આવશો ...ગુરુજી, એક...૫

બીજા સાધક જે કોઈ હોય, તેમને પણ સાથે લાવજો ...ગુરુજી, એક...૬

વાણી સુણી સ્વરૂપને જાણી, થઈશ તમારો સેવક સાચો ...ગુરુજી, એક...૭

સેવકની ગુરુ વિનંતી સ્વીકારી, કૃપાનાથજી જરૂર આવજો ...ગુરુજી, એક...૮

***

## (૮૬) ગુરુવર ! આપ વિના....

તુમ બિન કોણ સુણાવે, ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ?
આતમરસના રસિયા જીવને, (૨) આનંદ સુણતાં આવે ...
ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ? ... (૧)

સમયસાર જિનરાજની વાણી, દિલ ખોલી બતલાવે;
શબ્દે શબ્દે અમીરસ ભરિયા, (૨) કોણ કહો પીવડાવે ...
ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ? ... (૨)

આત્માના આનંદની વાતો, ભાવ સહિત સમજાવે;
અવસર આવ્યો અમીરસ પીજો, (૨) ફેર જન્મ નહિ આવે ...
ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ? ... (૩)

કાલ અનાદિથી નહિ જાણેલું, તે સદ્‌ગુરુ આજ જણાવે;
પાત્ર થઈને ગ્રહણ કરે તો, (૨) અવિચળ સુખને પાવે ...
ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ? ... (૪)

અજ્ઞાને ઊંઘેલા જીવને, ગુરુજી પ્રેમે જગાડે;
બહુ ઊંઘ્યો તું ગાફેલ પ્રાણી, (૨) અવસર ચાલ્યો જાયે ...
ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ? ... (૫)

ગુરુજીનાં પદનું મહાતમ મોટું, સેવક "તિલક" ગાવે;
ગુરુચરણોમાં રહેતાં મુજને, (૨) આનંદ દિલે બહુ આવે ...
ગુરુજી ! તુમ બિન કોણ સુણાવે ? ... (૬)

***

## (૮૭) કહાનની વાણી, અમર વાણી....

(રાગ : હમ લાયે હૈ તુફાનસે)

ગુરુ કહાનની વાણીનો મને મળતો સહારો,
ગુરુ વાણી વિના મળે નહિ મુક્તિ કિનારો ....(૨)

ભાવભેદથી ભરેલી એની વાણી છે ન્યારી,
તારિણી મોક્ષચારિણી વાણી છે મેં જાણી;
દીનબંધુ દીનાનાથ ભંવર પાર ઉતારો ....ગુરુ વાણી... (૧)

હિતકારી તારી વાણી વચન અમૃત ઝરણી,
વાણી તારી સુણીને તર્યાં કંઈક માનવી;
ગુરુ કહાન તારા ચરણોમાં મારો છે આસરો ....ગુરુ વાણી... (૨)

જડ ચેતનની વાત નિત્ય તારા કથનમાં,
મોહમાયા કેરા ભાવ હોય નહિ તારામાં;
ચિદાનંદ છે સ્વરૂપ ખરું તારું રે અહો ....ગુરુ વાણી... (૩)

ચૈતન્ય અવિનાશી અમર છે આતમા,
નિર્વાણ નિજસ્વરૂપી સહજાનંદ આતમા;
અંતરદર્શી જ્ઞાન થકી માર્ગ મેં જાણ્યો ....ગુરુ વાણી... (૪)

કહાન ગુરુ વિના મળે નહિ, મુક્તિ કિનારો. ....ગુરુ વાણી...

***

## (૮૮) મૈ હૂં સ્વયં ભગવાન....

મૈં હૂં સ્વયં ભગવાન બતાયા કહાનગુરુ (૨)....
હો કહાનગુરુ વે મહાનગુરુ (૨).... મૈં હૂં સ્વયં ભગવાન....

સ્વર્ણપુરીકી પુણ્યધરા પર, (૨)
સમયસારકા પુષ્પ ખીલાયા,
મૈં હૂં ભૂલા ભગવાન બતાયા કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૧)

જિનશાસનકી ગૌરવ ગાથા, (૨)
ઈસ ભૂતલ પરથી દોહરાઈ,
ઉપકાર તુમ્હારા ભૂલ ન પાયે કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૨)

સમયસાર પર આપ સમર્પિત, (૨)
સમયસારમય જીવન પાયા,
અધ્યાત્મવાદકે મહા પ્રણેતા કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૩)

પ્રભુ અરહંતકે તુમ લઘુનંદન, (૨)
નિર્ગ્રંથોકા પથ અપનાયા,
હો સિદ્ધપુરીકે મુક્તિદૂત તુમ કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૪)

હમ ભૂલે થે નિજ વૈભવકો, (૨)
કુંદકુંદસે હમે મિલાયા,
દિવ્યદેશનાકે ઉદ્દ્ઘોષક કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૫)

***

## (૮૯) ગુરુજીની વાણી છૂટી રે....

(રાગ : સીમંધર મુખથી....)

જ્યેષ્ઠ માસથી વાદળ ચડ્યા, આજ શ્રાવણે વરસ્યા મેહ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૧

તરસ્યા ચાતક સહુ સેવક જનોની, તત્ત્વ-પિપાસા છિપાય રે ....ગુરુજીની વાણી છૂટી રે....૨

મોંઘો મારગ જ્યાં મુક્તિ તણો ત્યાં, જીવોનાં જૂથ ઊભરાય રે ....ગુરુજીની વાણી છૂટી રે....૩

દેવદુંદુભિ નાદ ગગડીયા, આનંદ ઓચ્છવ આજ થાય રે ....ગુરુજીની વાણી છૂટી રે....૪

સ્યાદ્વાદ કેરી બંસરી બજાવી, હલાવ્યું આખું હિંદ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૫

પરમાગમમાં સૂત્રો બતાવ્યાં એનું, રહસ્ય સમજાવે ગુરુદેવ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૬

ધન્ય દિવસ આજ ધન્ય ઘડી, ધન્ય ધન્ય આ કહાન ગુરુદેવ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૭

આવો આવો સૌ ભવ્ય જીવો, તમે સુણવા કહાનગુરુ વાણ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૮

આવો આવો સૌ ભવ્ય જીવો, તમે સુણવા અનુભવ વાણી રે ....ગુરુજીની વાણી છૂટી રે....૯

સોળ કળાએ સૂર્ય પ્રકાશ્યો, પ્રકાશ્યો ચૈતન્યદેવ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૧૦

અમૃતરસ ભરી વાણી વરસતી, સુણતાં તૃપ્તિ ન થાય રે ....ગુરુજીની વાણી છૂટી રે....૧૧

જયવંત વર્તો કહાન ગુરુજી, જયવંત ગુરુજીની વાણ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૧૨

આજ સુવર્ણમય દિન ઊગીયો, આજ અમૃત વરસ્યા મેહ રે ....ગુરુજીની વાણી છૂટી રે....૧૩

***

## (૯૦) ગુરુવાણી....

(રાગ : ચારણી છંદ)

ચૈતન્યમધુરમ્, જ્ઞાનમધુરમ્, શ્રદ્ધા મધુરમ્ વદનારમ્,
ચારિત્રમધુરમ્, વીર્યમધુરમ્, ભાવમધુરમ્ સુખકારમ્;
શક્તિ અપારમ્, વ્યક્તિ અપારમ્, ભક્તિ અપારમ્ જગમાંહી,
ગુરુ કહાનવાણી, જાઉં બલિહારી, પ્રભુ વસો અંતરમાંહી ....૧

સદા નિશંકમ્, કાંક્ષા રહિતમ્, નિર્વિચિકિત્સમ્ નિરમૂઢમ્,
ઉપબૃહણમ્, સ્થિતિકરણમ્, વાત્સલ્યયુક્તમ્ પ્રભાવકરણમ્;
અષ્ટગુણધારમ્, સમ્યક્ શ્રદ્ધાનમ્, જ્ઞાયકભાવમ્ દૃગમાંહી,
ગુરુ કહાનવાણી, જાઉં બલિહારી, પ્રભુ વસો અંતરમાંહી ....૨

શ્રુતજ્ઞાન સરસે, શ્રોતા તરસે, અમીરસ વરસે અંદરસે,
ન્યાય વિસ્તરશે, મહિમા ઉલ્લસે, અંતર સ્પર્શે કુંદનસે;
ગુણગાન ગાશે, રોજ સમરસે, પ્રભુજી મળશે ક્ષણમાહીં,
ગુરુ કહાનવાણી, જાઉં બલિહારી, પ્રભુ વસો અંતરમાંહી ....૩

***

## (૯૧) ગુરુવર ઓળખાણ....

ગુરુ મારો જ્ઞાન વૈરાગ્યે રંગ્યો રે, ચૈતન્ય સુખનો રસિયો ... ગુરુ...

ઉત્તમ સંસ્કારોને કારણે, સહજ સ્વરૂપે ઠર્યો રે ;
ભેદ વિજ્ઞાને અજોડ પુરુષાર્થે, કેવો મસ્ત બન્યો રે ... ગુરુ... ૧

મહા પૂર્વ પુણ્યના ઉદયે, આવો વિરલો ગુરુ મળીયો રે ;
એની વાણીથી ધ્યેય સમજી, નિજ આત્મ લઉં ઉગારી ... ગુરુ...૨

બાળબ્રહ્મચારી સમ્યક્ ધારી, જ્ઞાન દશાએ ખીલ્યો રે ;
અજર પ્યાલા પીવે પીવડાવે, જિનેન્દ્ર ભક્તિમાં ભીંજ્યો રે ... ગુરુ...૩

મીઠાં મીઠાં આશિષ દેજો, અમ જેવાને ઉગારવા ;
આતમલક્ષ્મીનો લાભ કરાવી, આ કાફલો સિદ્ધપુર પહોંચાડજો ...ગુરુ...૪

***

## (૯૨) દર્શન દેવા પધારજો....

ઉપકારી દર્શન દેવા પધારજો...
માતા ! દર્શન દેવા પધારજો, વાણી અમી ધાર વરસાવજો......

વિદેહવાસી ભરતે પધાર્યાં, કરી કરુણા અપાર;
વિદેહીનાથને આંગણે લાવ્યા (૨), બુઝાવ્યા વિરહ તાપ...... ઉપકારી.......(૧)

દેહથી ભિન્ન આતમ બતાવી, દૂર કર્યું અજ્ઞાન;
અનાદિના ભ્રમણ મિટાવ્યા (૨), શું કહું તુજ ઉપકાર........ માતા !.......(૨)

પ્રશમરસ પરિણતિમાં વહે, ઊછળી આવ્યો દેહમાંય;
ઉપયોગ સ્થિર નિજમાં જામતાં (૨), ભૂલાય સબ ભેદભાવ....... ઉપકારી......(૩)

ગુરુવરના વિરહ યોગમાં, થંભાવ્યો વીતરાગ માર્ગ;
અનુભવ વાણી નિત્ય વરસાવી (૨), ટાળ્યો ભવ આતાપ....... માતા ! ......(૪)

જ્ઞાન ધ્યાનમાં નિત્ય વિચરતાં, ભૂલતાં નહીં જ્ઞાયકભાવ;
તુજ ભક્તોની એક જ ભાવના (૨), હો તુજ સમ પુરુષાર્થ........ઉપકારી......(૫)

***

## (૯૩) મોક્ષસાધિની માતા....

(રાગ : સુવર્ણપુરે સ્વાધ્યાય સુમંદિર)

માતા મોરી મોક્ષસાધિની, વંદન તુજને અપાર;
મંગલ આશિષ મીઠાં પામી, થઈએ ભવથી પાર...
માતા ! દર્શન તારા રે, અમને આનંદ દેનારા... (૧)

મહાપુણ્યે આપ મળીયા, જ્ઞાન-વૈરાગ્યધારી;
આતમ આરાધના જાગૃત થાય, થઈએ સ્વરૂપ ગ્રાહી...
માતા ! વંદન કરું આજ, પહોંચું મોક્ષપુરીને ધામ... (૨)

વાણી તારી ભવતારિણી, ગમતી ભવ્યને ખાસ;
જાગતો જીવ સહુને બતાવી, કર્યો છે પરમ ઉપકાર...
માતા ! સાધના છે અદ્‌ભુત, આશ્ચર્યકાર, અવિકાર... (૩)

કહાનશાસનના તેજમય તારલા, મુમુક્ષુહૃદય શણગાર;
વચનામૃત પ્રસાદી આપી, કર્યાં ગણધરસમ કામ...
માતા ! શું અર્પું ચરણે, છો સર્વસ્વ દાનદાતાર... (૪)

સ્વરૂપચિંતન, આત્મમંથન, અમને સદા હો દિનરાત;
આપ સમાન સાધના કરીને, આવીએ તુજ પાસ...
માતા ! જય હો જય હો જય, સદા જયવંત રહો આપ... (૫)

***

## (૯૪) ધર્મમાતા....

ભગવતી માત મહાન, અહીં બિરાજે રે;
સેવક મહા પુણ્યે આજ, દર્શન પામે રે .....

અનુભૂતિ ફળ દાતાર, મળિયા મુજને રે;
હવે પરિભ્રમણનો અંત, નિશ્ચિત આવશે રે ...ભગવતી....(૧)

સ્વરૂપ સાધક સંત, આનંદે ભર્યાં રે;
જ્ઞાયક ગજાવનહાર, અંતર ઠર્યાં રે ...ભગવતી....(૨)

તમે ભાવિના ગણધર, કરુણા સાગર રે;
વિદેહના મહેમાન, કૃપા આગર રે ...ભગવતી....(૩)

તેજબા માત કુંવરી, આશિષ આપજો રે;
અમ ભક્તતણા આધાર, સદા સાથ રાખજો રે ...ભગવતી....(૪)

ભક્ત જાણીને હે માત ! મુજને તારજો રે;
સંસાર છે દુઃખમય, સત્વર ઉગારો રે ...ભગવતી....(૫)

ઝાઝી ઝાઝી શી વાત, તુજને કહીએ રે;
બાળક વિનંતી કરે આજ, સાક્ષાત્ પધારો રે ...ભગવતી....(૬)

***

## (૯૫) ધર્માત્મા ભક્તને પૂછે છે....

ન્યારા છો સર્વથકી આતમ ચેતનજી, જુઓ છો શાની વાટ રે;
ક્યારે કહો ! પાર ઊતરશો... (૧)

ભટકી ભટકીને ભૂલ્યા સંસારમાં, ભમિયા ચોરાસીના ફેર રે;
ક્યારે કહો ! પાર ઊતરશો... (૨)

દુર્લભ મનખો દેહ જ મળિયો, ફોગટ એળે જાય રે;
ક્યારે કહો ! પાર ઊતરશો... (૩)

માયા ને મમતામાં મસ્ત બનીને, આતમરામ વિસરાય રે;
ક્યારે કહો ! પાર ઊતરશો... (૪)

(વિધિ :)
દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી ઓળખાણ જો, પળ પણ ના વિસરાય રે;
જરૂર તમે પાર ઊતરશો... (૫)

જિનવર કથિત તત્ત્વો શ્રદ્ધીને, હેય ઉપાદેય જાણ રે;
જરૂર તમે પાર ઊતરશો... (૬)

નિજ ગુણ રસનું પાન કરીને, સમ્યક્ સુખડી ચાખ રે;
જરૂર તમે પાર ઊતરશો... (૭)

આત્માનંદનો સ્વાદ જ લઈને, તોડો આ ભવ કેરા ફંદ રે;
જરૂર તમે પાર ઊતરશો... (૮)

ભેદવિજ્ઞાન સૂરજ પ્રગટાવી, પરભાવ તિમિર નિવાર રે;
જરૂર તમે પાર ઊતરશો... (૯)

ડગલે પગલે આતમા સંભારી, આત્મજ્યોતિ જગાવ રે;
જરૂર તમે પાર ઊતરશો... (૧૦)

જ્ઞાતા-દ્રષ્ટામયી સહજાનંદી એ, અખંડ જ્ઞાનની જ્યોત રે;
જરૂર તમે પાર ઊતરશો... (૧૧)

(ભક્ત :)
'બાબુ' યાચે એવો આતમદીપ, હવે પામે મુક્તિનો વાસ રે;
જરૂર અમે પાર ઊતરશું... (૧૨)

***

## (૯૬) ઉપકારી જ્ઞાનીનું સંબોધન...

ચેતન ! જ્ઞાનામૃત પીજે, ચેતન ! જ્ઞાનામૃત પીજે;
ભવરોગ તારો મટશે, ચેતન ! જ્ઞાનામૃત પીજે ...

અનાદિ કાળથી ભટકી રહ્યો છો, મળ્યો ન અંશે આનંદ;
પરભાવોમાં મમતા કરી છે, (૨) તો કેમ મટે ભવફંદ ...ચેતન !... (૧)

મહા પુણ્ય ઉદય આવ્યો, મળ્યા દેવ-શાસ્ત્ર-ગુરુ;
અવસર એળે જવા ન દેજે, (૨) કરજે આત્માનું રૂડું ...ચેતન !... (૨)

પૂર્ણ વીતરાગી કેવળજ્ઞાની, સાધ્યપદમાં બિરાજે;
દેવની ઓળખાણ આતમભાન, (૨) સમકિત જરૂર લેજે ...ચેતન !... (૩)

નિત્ય બોધક વીતરાગતા પોષે, પ્રેમથી સુણજે વાણી;
ચિંતન-મનન અંતરમાં કરતાં, (૨) થાશે જ્ઞાન પ્રાપ્તિ ...ચેતન !... (૪)

હાલતાં-ચાલતાં સિદ્ધ સમાન, કર ગુરુ વંદન આજ;
ઉગ્ર સાધના એવી ઉપાડજે, (૨) ચારિત્ર પ્રગટે અંતરમાંય ...ચેતન !... (૫)

ભક્તની ભાવના :
ગુરુવર ! જ્ઞાનામૃત પીશું, ગુરુવર ! જ્ઞાનામૃત પીશું;
ભવભ્રમણથી છૂટશું, ગુરુવર ! જ્ઞાનામૃત પીશું ...

મંગલ-ઉત્તમ-શરણભૂતનો, છૂટે ન ક્યારેય સાથ;
ચૈતન્યદેવની ઉપાસનાથી, (૨) નાશે સઘળો આ સંસાર ...ગુરુવર !...(૬)

કહાનગુરુનાં પરમ પ્રતાપે, થાયે તત્ત્વ અભ્યાસ;
ભગવતી માતની જ્ઞાયક લગની, (૨) જગાડે આતમરામ ...ગુરુવર !...(૭)

***

## (૯૭) જ્ઞાનીની શિખામણ....

શોધ મા શોધ મા શોધ મા રે, નિજ જ્ઞાયક સિવાય બીજું શોધ મા રે...

મુક્તિનું મીઠું ચુરમું તજીને, સંસારનો ખીચડો ચોળ મા રે... નિજ જ્ઞાયક....(૧)

મોક્ષ મહેલનો વિસામો તજીને, સંસારનું ઝૂંપડું ખોલ મા રે... નિજ જ્ઞાયક.... (૨)

સ્વભાવનો મીઠો સંગ તજીને, પરભાવ સાથે પ્રીત જોડ મા રે... નિજ જ્ઞાયક.... (૩)

સમતાનો મધુર સ્વાદ તજીને, રાગ-દ્વેષની કડવાશ ઘોળ મા રે... નિજ જ્ઞાયક.... (૪)

ધ્યેય ને જ્ઞેય છે તારો જ આતમા, જ્ઞાનને રાખ જ્ઞાયક સંગમાં રે... નિજ જ્ઞાયક.... (૫)

વચનના ભેદથી ગુરુજી સમજાવે, પણ વસ્તુ નથી કોઈ ભેદમાં રે... નિજ જ્ઞાયક.... (૬)

મહા ઉપકાર છે કહાન ગુરુદેવનો, તત્ત્વ સમજાવ્યું સંક્ષેપમાં રે... નિજ જ્ઞાયક.... (૭)

થાક લાગ્યો હવે ભવ-ભ્રમણનો, ફરવું નથી સંસાર ચકડોળમાં રે... નિજ જ્ઞાયક.... (૮)

ભૂલ મા.... ભૂલ મા.... ભૂલ મા રે.... ગુરુદેવનો ઉપકાર ભૂલ મા રે...

***

## (૯૮) આત્મપુરુષાર્થ....

(રાગ : ગુરુદેવ આયે રે....)

સદ્‌ભાગ્ય ખીલ્યા જ્યારે.... મળ્યો આ ધરમ રે,
કરવા જેવો એક જ છે.... આત્મપુરુષાર્થ રે ....

મિથ્યા શ્રદ્ધા કરી.... દુ:ખોને વધારતા,
આકુળતા વેદી સહી.... સંસારી જીવતા;
મહા પુણ્ય ફળ્યા ત્યારે.... મળ્યો આ મારગ રે ....
મહા પુણ્ય ફળ્યા ત્યારે.... મળ્યા ગુરુવર રે ....કરવા જેવો....૧

આધિ ને વ્યાધિ આવે.... જરૂર જીવનમાં,
ભાવ બગાડી જીવે.... અજ્ઞાની જગતમાં;
જ્ઞાની ખરો જ રાખે.... સમાધિનો ભાવ રે ....કરવા જેવો....૨

પુણ્ય ને પાપનું આ.... ચક્ર ફરે છે,
સુખ ને દુ:ખ સામા.... આવી મળે છે;
પ્રેક્ષક બને તો ભવ-ભ્રમણ.... છૂટી જાય રે ....
જ્ઞાતા બને તો ભવ-ભ્રમણ.... છૂટી જાય રે ....કરવા જેવો....૩

નથી કોઈ સંગાથી તારો.... નથી કોઈ ચીજ રે,
નાશવાન ક્ષણિક છે જે.... તારું કેમ હોય રે;
આતમ વ્હાલો કરી.... ધરો ધર્મધ્યાન રે ....કરવા જેવો....૪

મારા માનીને રાખ્યા.... એ મોટી ભૂલ છે,
નથી કોઈ વિભાવ તારો.... નથી કોઈ ભેદ રે;
હવે અનુભવ કરી.... ધરો ધર્મધ્યાન રે ....કરવા જેવો....૫

આત્માની ચિંતા જેના.... હૈયામાં પડી છે,
સદાય જાગૃતિ રાખે.... તે જ આત્માર્થી છે;
સદાય જાગૃતિ રાખે.... જ્ઞાન ને વૈરાગી છે;
સેવકની ભાવના છે.... થાવું ભવપાર રે ....
સેવકની ભાવના છે....પામું કેવળજ્ઞાન રે ....કરવા જેવો....૬

***

## (૯૯) સદ્‌ગુરુ આદેશ....

(રાગ : એક અદ્‌ભુત આત્મા)

છે આનંદ આતમ જ્ઞાનમાં, સદ્‌ગુરુ સમજાવે સાનમાં;
ના રહેતો બેભાનમાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨) ....(૧)

નથી સુત વિત્ત દારામાં, ના રહેતો અંધારામાં;
સુખ છે તારું તારામાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૨)

ન મળે જંતર મંતરમાં, નથી રાજ્યના તંતરમાં;
અખૂટ ભર્યું છે અંતરમાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨) ....(૩)

નથી જ્ઞાતિ કે જાતિમાં, કે શ્રીમંતાઈની ખ્યાતિમાં;
ખજાનો આતમ જ્યોતિમાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૪)

નથી કોઈ અધિકારમાં, કે ધન કુબેરના ભંડારમાં;
ફાંફાં મારીશ ના બહારમાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૫)

નથી રાણા કે રાયામાં, કે વિલાસ વૈભવ માયામાં;
મળશે સંતની છાયામાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૬)

સંકટ છે સઘળું બાહ્યમાં, સદ્‌ગુરુ લેજે સહાયમાં;
શ્રદ્ધાથી મન, વચન, કાયામાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૭)

રહેવું આતમ ધ્યાનમાં, પ્રભુ ભક્તિના તાનમાં;
સુખ શાંતિ તારા જ્ઞાનમાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૮)

તારો આનંદ તારામાં, સ્વરૂપના ચમત્કારમાં;
જ્ઞાન જ્યોતિના ઝબકારમાં, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૯)

સિદ્ધ જેવી જાતિ તારી, તેમાં લેશ નહીં ફેરફારી;
છે અંતરમાં અમૃત ક્યારી, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૧૦)

ગુરુ કહાન તણો પડકાર છે, આત્મા સાક્ષાત્કાર છે;
સમજણથી બેડો પાર છે, સુખ બીજે શોધીશ મા ...સુખ...(૨)....(૧૧)

***

## (૧૦૦) ગમતો આત્મા....

ચાલને ભાઈ એકવાર આતમા મળવા જઈએ,
કરી એની ઓળખાણ હવે, (૨) શુદ્ધ પ્રતીતિ કરીએ ...ચાલને...૧

ગુરુવર મારા રૂડાં ફરમાવે, લક્ષણથી જાણજે આતમા;
ચર્મચક્ષુ બંધ કરીને, (૨) અંતરથી ઓળખજે આતમા ...ચાલને...૨

સંયોગથી જુદો સ્વભાવમય, દેખાય તે જાણ આતમા;
દેહથી ભિન્ન અરૂપી એવો, (૨) સ્વરૂપવાન આ આતમા ...ચાલને...૩

જગતથી દૂરે આનંદમાં મ્હાલતો, તે નિશાની આતમા;
જ્ઞાનવંત ને ધ્યાનવંત, (૨) જણાય તે જ છે આતમા ...ચાલને...૪

ઇંદ્રિય-પ્રાણ ને રાગથી અછૂતો, ચેતનવંત તે આતમા;
નિજ વીર્યથી સ્વરૂપને રચતો, (૨) પુરુષાર્થી તે આતમા ...ચાલને...૫.

અખંડ પ્રતાપથી જે છે શોભતો, એવો પ્રભુ તે આતમા;
ન થાય મોટો ન થાય નાનો, (૨) પૂરણ રૂપ તે આતમા ...ચાલને...૬.

અનંત ગુણનો સાગર એવો, ગુણીયલ નાથ તે આતમા;
અણગમતો ગુણ એકે ન ભાળું, (૨) ચોક્કસ જાણું આ આતમા ...
ભાઈ ! મને ગમ્યો છે આવો આ આતમા...૭.

ગુરુકૃપાએ પ્રીતિ લગાવું, અવસર ન ચૂકી જાઉં;
નાથ નિરંજન નીરખી નીરખી, (૨) અંતરે નેહ અતિ લાઉં ... ભાઈ ! મને...૮.

મહિમાવંતનો મહિમા લાવી, મુક્તિપુર પહોંચી જાઉં;
પૂર્ણાનંદના નાથને વરીને, (૨) પરઘર કદી ન આવું ... ભાઈ ! મને...૯.

ગમતામાં એકાકાર થઈને, શાશ્વતધામ બિરાજું;
ગમતામાં એકાકાર થઈને, સ્વદેશમાં બિરાજું;
સદા આતમમાંહી બિરાજી, (૨) ભવવનમાં ન ભટકું ... ભાઈ ! મને...૧૦.
સદા આતમમાંહી બિરાજી, (૨) આનંદ મોજ મનાવું ... ભાઈ ! મને...૧૦.

***

## (૧૦૧) અનુભવદશા....

આત્મગુણ ગાવો હર્ષાવો, અનુભવ કરવા આવો, અનુભવ કરવા આવો;
જ્ઞાનગુણધારી....ધારી.... જ્ઞાનગુણધારી ....

આત્મજ્ઞાનમાં સહજ વિશ્રાંતિ, છા રહી.... છા રહી;
રત્નત્રયની મધુર બાંસુરી, વાગી રહી.... વાગી રહી;
સહુ મળીને આજે આવો, દર્શન કરવા નિજ વૈભવ, દર્શન કરવા નિજ વૈભવ;
મહાસુખકારી....કારી.... મહાસુખકારી ....
નિજપદ ધ્યાવો ઉલ્લસિત થાઓ, વૈરાગ્ય વિવેક વધારો, વૈરાગ્ય વિવેક વધારો;
મહાહિતકારી.... કારી.... મહાહિતકારી ....૧

જ્ઞાયક ચૈતન્યદેવ સન્મુખ, શોભી રહ્યો.... શોભી રહ્યો;
શાંત સરલ નિજ પરિણતિ, ઊછળી રહી.... ઊછળી રહી;
આનંદરસમાં રમી જાઓ, સમજી જાણી આતમરામ, સમજી જાણી આતમરામ;
કલ્યાણકારી....કારી....કલ્યાણકારી ....
જ્ઞાયક ધ્યાવો હર્ષાવો, પરનું કર્તૃત્વ છોડો, પરનું કર્તૃત્વ છોડો;
સિદ્ધપદદાયી.....દાયી... સિદ્ધપદદાયી ....૨

નિજની અંદર રહી શુદ્ધતા, આજે પામો.... આજે પામો;
અનુભવરસ ઝરી રહ્યો, શીઘ્ર પીઓ.... શીઘ્ર પીઓ;
શુદ્ધ આતમમાં રમી રહો, વીતરાગતા પ્રગટ કરો, વીતરાગતા પ્રગટ કરો;
મહા શાંતિકારી....કારી.... મહા શાંતિકારી ....
આનંદ આતમમાં છે ભરેલો, વિભાવમાં ક્યાંય ન ગોતો, વિભાવમાં ક્યાંય ન ગોતો;
નિત્ય આનંદકારી....કારી.... નિત્ય આનંદકારી ....૩

***

## (૧૦૨) મારી ઊછળતી શક્તિઓ....

મારી જીવત્વ પરિણતિ મને જીવતો રાખે, ભાવપ્રાણને ધારે ..હાં.. ભાવપ્રાણને ધારે ...૧
મારી ચિતિ પરિણતિ નિજને ચેતે, જડ થવા ન કદી દેવે ..હાં.. મહા મહોત્સવ રચાવો ...૨
મારી દર્શન પરિણતિ અભેદ દેખે, ભેદ કરે ન અંશે ..હાં.. હર્ષ ઉલ્લાસ કરો ...૩
મારી જ્ઞાન પરિણતિ સ્વપર જાણે, ઉત્સવ આજ મનાવો ..હાં.. ઉત્સવ આજ મનાવો ...૪
મારી સુખ પરિણતિ આનંદ આપે, આનંદ પ્રમોદ મનાવો ..હાં.. આનંદ પ્રમોદ મનાવો ...૫
મારી વીર્ય પરિણતિ સ્વરૂપને રચે, સામર્થ્ય એવું છે એનું ..હાં.. સામર્થ્ય એવું છે એનું ...૬
મારી પ્રભુતા પરિણતિ અખંડિત એવી, સ્વાધીનતાથી શોભે ..હાં.. સ્વતંત્રતાને બતાવે ...૭
મારી વિભુતા પરિણતિ અનંતભાવ વ્યાપક, તો પણ રહે એકરૂપ ..હાં.. તો પણ રહે એકરૂપ ...૮
સર્વદર્શિ પરિણતિ સામાન્ય ગ્રાહી, મહાસત્તા દેખનારી. ..હાં.. અભેદ આતમ સાથે ...૯
મારી સર્વજ્ઞ પરિણતિ લોકાલોક જાણે, આત્મજ્ઞાન ન છૂટે ..હાં.. હર્ષિત ઉલ્લસિત થાઓ ...૧૦
મારી સ્વચ્છ પરિણતિમાં વિશ્વ પ્રકાશે, નિર્મળતાને પામો ..હાં.. નિર્મળતાને પામો ...૧૧
મારી પ્રકાશ પરિણતિ સ્વયં પ્રકાશમાન, છે સ્વાનુભવમયી ..હાં.. ઉમંગે સૌ નાચો ...૧૨
અસંકુચિત વિકાસદશા ઓછપ ન રાખે, બેહદરૂપ પરિણમે ..હાં.. બેહદરૂપ પરિણમે ...૧૩
અસંકુચિત વિકાસદશા ચિદ્‌વિલાસની, પૂર્ણ વિકસિત રહે ..હાં.. પૂર્ણ વિકસિત રહે ...૧૩
અકાર્યકારણ પરિણતિ કોઈથી ન થાય, કરે ન કોઈનું કાંઈ ..હાં.. કરે ન કોઈનું કાંઈ ...૧૪
પરિણમ્ય પરિણામક શક્તિ, જ્ઞાતા ને જ્ઞેય હું છું ..હાં.. જ્ઞાતા ને જ્ઞેય હું છું ...૧૫
ત્યાગ-ઉપાદાનશૂન્ય શક્તિ પૂર્ણતા બતાવે, અપૂર્ણતાને ભૂલો ..હાં.. સ્વરૂપમાં નિશ્ચિત રહો ...૧૬
અગુરુલઘુ પરિણતિ, હાનિવૃદ્ધિ થાય, છતાં વધઘટ ન થાય ..હાં.. છતાં વધઘટ ન થાય ...૧૭
ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ ક્રમ-અક્રમ જણાવે, બહાર ક્યાંય નથી તારું ..હાં.. બાહ્યમાં નથી કાંઈ તારું ...૧૮
મારી પરિણામ પરિણતિ અસ્તિત્વ બતાવે, સદ્રશ-વિદ્રશ સ્વરૂપ ..હાં.. સદ્રશ-વિદ્રશ સ્વરૂપ ...૧૯
અમૂર્ત શક્તિથી આતમક્ષેત્ર, બંધરહિત સ્પર્શાદિશૂન્ય ..હાં.. સ્પર્શાદિથી શૂન્ય ...૨૦

મારી અકર્તા પરિણતિ રાગ ન કરે, જ્ઞાતાભાવમાં રમે ..હાં.. જ્ઞાતાભાવમાં રમે ...૨૧
મારી અભોક્તા પરિણતિ દુઃખ ન વેદે, જ્ઞાનભાવ અનુભવે ..હાં.. જ્ઞાનભાવ અનુભવે ...૨૨
મારી નિષ્ક્રિય પરિણતિ કંપન મિટાવે, અયોગી થઈ જાઓ ..હાં.. અયોગી થઈ જાઓ ...૨૩
નિયત પ્રદેશ છે અસંખ્ય, થાય સંકોચ-વિસ્તાર ..હાં.. થાય સંકોચ-વિસ્તાર ...૨૪
સ્વધર્મમાં હું વ્યાપક એકરૂપ, અનેક શરીરે ન થયો ..હાં.. અનેક શરીરે ન થયો ...૨૫
સ્વ-પર સમાન, અસમાન સાથે, સમાનાસમાન છે ધર્મ ..હાં.. સમાનાસમાન છે ધર્મ ...૨૬
વિધ વિધ અનંત ધર્મ, એકપણું મારું લક્ષણ ..હાં.. એકપણું મારું લક્ષણ ...૨૭
હોય વિરુદ્ધ લક્ષણ ધર્મો, અહો એક જ વસ્તુ ..હાં.. અહો એક જ વસ્તુ ...૨૮
તત્ત્વ પરિણતિ મને નિજરૂપે રાખે, પરિણમન સ્વસ્વરૂપે ..હાં.. પરિણમન સ્વસ્વરૂપે ...૨૯
અતત્ત્વ પરિણતિ અન્યથી ભિન્ન રાખે, ન પરિણમે અન્યરૂપે ..હાં.. ન પરિણમે અન્યરૂપે. ...૩૦
એકત્વ શક્તિથી અનેક નિજ ભાવે છું, એકદ્રવ્યપણું ન છૂટે ..હાં.. એકદ્રવ્યપણું ન છૂટે ...૩૧
અનેકત્વ શક્તિથી એકરૂપ છું, છતાં અનેક ભાવે રહું ..હાં.. અનેક ભાવે રહું ...૩૨
ભાવ પરિણતિ શુદ્ધદશા બતાવે, કરવાનો વિકલ્પ છૂટે ..હાં.. કરવાનો વિકલ્પ છૂટે ...૩૩
અભાવ શક્તિ અશુદ્ધ રહિત બતાવે, છોડવાનો ભાવ છોડો ..હાં.. છોડવાનો ભાવ છોડો ...૩૪
ભાવ-અભાવ પરિણતિ અપૂર્ણતા છોડાવે, આનંદ મંગલ મનાવો ..હાં.. આનંદમંગલ મનાવો ...૩૫
અભાવ-ભાવ પરિણતિ શુદ્ધિ વધારે, મંગલ ઉત્સવ ઊજવો ..હાં.. મંગલ ઉત્સવ ઊજવો ...૩૬
ભાવ-ભાવ શક્તિ નિત્ય પૂર્ણતા બતાવે, સાધ્ય સિદ્ધપદ પામો ..હાં.. સાધ્ય સિદ્ધપદ પામો ...૩૭
અભાવ-અભાવ શક્તિ સદા મલિનતા રહિત, આરાધ્ય થઈ જાઓ ..હાં.. આરાધ્ય થઈ જાઓ ...૩૮
મલિન કારકોથી અશુદ્ધતા, તેનાથી શૂન્ય મારો ભાવ ..હાં.. તેનાથી શૂન્ય મારો ભાવ ...૩૯
શુદ્ધ કારકોથી થઈ શુદ્ધતા, તે પરિણમન મારી ક્રિયા ..હાં.. તે પરિણમન મારી ક્રિયા ...૪૦
વર્તમાન પ્રગટ્યો શુદ્ધભાવ, એ અસ્તિ દશા મારું કર્મ ..હાં.. અસ્તિ દશા મારું કર્મ ...૪૧
મારી કર્તૃશક્તિ ભાવકપણામય, થવાપણારૂપ ને સિદ્ધરૂપ ..હાં.. થવાપણારૂપ ને સિદ્ધરૂપ ...૪૨

પવિત્ર પરિણમન ભાવના, સાધનમય કરણશક્તિ ..હાં.. સાધનમય કરણશક્તિ ...૪૩

મારી સંપ્રદાનશક્તિ નિર્મળપણાની, દાતા પાત્ર પોતે જ ..હાં.. દાતા પાત્ર પોતે જ ...૪૪

ઉત્પન્ન ભાવ નાશ પામે, હું સ્થિર એ અપાદાનશક્તિ ..હાં.. સ્થિર એ અપાદાનશક્તિ ...૪૫

સમય-સમયની પવિત્ર પરિણતિ, આધાર અધિકરણશક્તિ ..હાં.. આધાર અધિકરણશક્તિ ...૪૬

નિજભાવ મારું સ્વ, હું સ્વામી, સંબંધ શક્તિ બતાવે ..હાં.. સંબંધ શક્તિ બતાવે ...૪૭

મારી શ્રદ્ધા પરિણતિ જ્ઞાયક શ્રદ્ધે, પ્રતીતિ સમ્યક્ થાયે ..હાં.. પ્રતીતિ સમ્યક્ થાયે ...

મારી ચરિત્ર પરિણતિ, આતમ ધ્યાવે, સ્થિરતા નિજમાં જામે ..હાં.. સ્થિરતા નિજમાં જામે ...

***

## (૧૦૩) મીઠી ભલામણ....

(રાગ-વીર છબી ભાયે, અરુ ન સુહાયે....)

પ્રભાત થયો, અંધકાર ગયો; હવે ભાઈ રે ! ઝટ અનુભવ કરી લેજો રે... પ્રભાત ...(૧)

ચિંતવન કરજો, વિભાવ ભૂલજો; આતમરામ રે, ક્યાંય ન જરી રોકાશો રે... પ્રભાત ...(૨)

સ્વરૂપ-મનન, જ્ઞાયક સ્મરણ; કરવા જેવું રે, વિભાવ નથી કોઈ તારો રે... પ્રભાત ...(૩)

પંચ પરમેષ્ઠી, આતમના ઇષ્ટ; વંદન હોજો રે, સત્સંગ ક્યારેય ન છોડશો રે... પ્રભાત ...(૪)

દેવ-શાસ્ત્ર-ગુરુ, થાય ભ્રમણ પૂરું; ભક્તિ ગજાવો રે, શરણ સદાય રહેજો રે... પ્રભાત ...(૫)

જિનવાણી માતા, બતાવે જ્ઞાતા; ભાવે સુણજો રે, નિત તેનો સહારો રે... પ્રભાત ...(૬)

કુંદકુંદ દેવા, શું કરું સેવા; સમયસાર આપ્યું રે, કર્યા મહા ઉપકારો રે... પ્રભાત ...(૭)

ગુરુવર કહાન, આપ છો મહાન; નમન હજારો રે, આપ વિના નથી આરો રે... પ્રભાત ...(૮)

ભગવતી માતા, આપે જ્ઞાન ભાથા; સાથે જ રાખો રે, હૃદયે સદા વસો રે... પ્રભાત ...(૯)

***

## (૧૦૪) ચેતન ! એટલું કર....

(રાગ : જ્યોતિ ભક્તિની જગાવ)

ચેતન ! જ્યોતિ તું તારી જગાવ, ચેતન ચિદ્રૂપી;
જ્ઞાતા-દ્રષ્ટા છે નિજ સ્વભાવ, ચેતન ચિંતામણિ ...

ઝટ વામી દે સંસારના સુખ,
મૃગજળવત્ અનિત્ય અશરણ;
પરભાવો તે તારા શું થાય ? અળગો થઈ જાને ... ચેતન ! જ્યોતિ ... (૧)

મોહ માયાથી ફરવું પડે,
ક્ષમા સમકિતથી ચડવું ખરે;
દીપ રત્નત્રય પ્રગટાવ, નિજ ધ્યાન ધૂનથી રે ... ચેતન ! જ્યોતિ ... (૨)

પ્રજ્ઞાછીણી લઈ પરતત્ત્વો ભેદી,
જાણી ગ્રહી સ્વરૂપમાં રમણ કરી;
નિજ ધ્યાને આતમ તું ધ્યાવ, હરખી હરખીને ... ચેતન ! જ્યોતિ ... (૩)

ચેતનને પુદ્ગલથી ન્યારો જાણી,
જ્ઞાનમય આત્મા નિજજ્ઞાને જાણી;
પૂરી પ્રીતે પુરુષાર્થ પ્રગટાવ, સોડહં સોડહંથી ... ચેતન ! જ્યોતિ ... (૪)

ધ્રુવ શાશ્વત સુખને પામવા કાજે,
શિવરમણીને સહેજે વરવા કાજે;
'બાબુ' યાચે ભવફંદ મિટાવ, જ્યોતિ જાગે જિનવરની ... ચેતન ! જ્યોતિ ... (૫)

***

## (૧૦૫) મેરા આત્મતત્ત્વ....

(રાગ : દિન રાત મેરે સ્વામી....)

જહાં સુખ હી સુખ ઝરતા, ઐસા આત્મતત્ત્વ મેરા;
જહાં દુઃખકી ગંધ નહીં, ઐસા સુખધામ મેરા ....

ખીલે કમલ સરોવરમેં, પર જલસે ભિન્ન રહે;
જ્ઞાયક પ્રભુ મેરા તો, પરસે સ્વાધીન રહે;
જહાં સમકિત કમલ ખીલે, ઐસા આત્મ ચમન મેરા ....જહાં સુખ હી સુખ ઝરતા.. ૧

પર્યાયોકા આના, ઔર જાના નિશ્ચિત હૈ;
ધ્રુવ અવિનાશી અનુપમ, ચૈતન્ય અખંડિત હૈ;
જહાં જ્ઞાનાનંદ બરસે, ઐસા આત્મ ગગન મેરા ....જહાં દુઃખકી ગંધ નહીં.. ૨

સાગરમેં રહ કર ભી, જ્યોં પ્યાસી મીન રહેં;
જ્ઞાયક હી હોકર ભી, ક્યોં જડમેં લીન રહેં;
જિસે પરિણતિ વરણ કરે, ઐસા જ્ઞાયકદેવ મેરા ....જહાં સુખ હી સુખ ઝરતા.. ૩

જિનવાણીકા વાંચન, હોતા હૈ જિસ ઘરમેં;
અપની આતમકા મનન, હોતા હૈ જિસ ઉરમેં;
જહાં સમતા શાંતિ હૈ, ઐસા જ્ઞાન મંદિર મેરા ....જહાં દુઃખકી ગંધ નહીં.. ૪

***

## (૧૦૬) અંતરંગ ભાવના....

મને લાગે સંસાર અસાર,
એ રે સંસારમાં નહીં જાઉં.... નહીં જાઉં.... નહીં જાઉં રે...(૧)

મને લાગે જ્ઞાયક સુખધામ,
એ રે જ્ઞાયકમાં રમી જાઉં.... રમી જાઉં.... રમી જાઉં રે...(૨)

મને લાગે મિથ્યાત્વ દુઃખદાય,
એ રે મિથ્યાત્વને છોડી દઉં.... છોડી દઉં.... છોડી દઉં રે...(૩)

મને લાગે આત્મા સુખકાર,
એ રે આત્મામાં લીન થાઉં.... લીન થાઉં.... લીન થાઉં રે...(૪)

મને લાગે વિભાવ પરભાવ,
એ રે વિભાવમાં નહીં રહું.... નહીં રહું.... નહીં રહું રે....(૫)

મને લાગે ચેતન જ્ઞાનવાન,
એ રે ચેતનમાં ઠરી જાઉં.... ઠરી જાઉં.... ઠરી જાઉં રે...(૬)

મને લાગે કષાય દુઃખખાણ,
એ રે કષાય નહીં કરું.... નહીં કરું.... નહીં કરું રે...(૭)

મને લાગે સંતો હિતકાર,
એ રે સંત ચરણમાં નમી જાઉં.... નમી જાઉં.... નમી જાઉં રે...(૮)

***

## (૧૦૭) આત્મહિત ભાવના....

આજ મારા જીવનમાં, શું શું કર્યું મેં હિતનું ?
શું કાર્ય કરવું રહી ગયું, ક્ષણ ક્ષણ અરેરે ! આત્મનું ? ......(૧)

ક્યા દોષ છોડ્યા આત્મથી, ક્યા ગુણની પ્રાપ્તિ કરી ?
કઈ ભાવી ઉજ્જ્વળ ભાવના, સમ્યક્ત્વ આદિક ભાવની ? ......(૨)

કઈ કઈ ક્ષણે ચિંતન કર્યું, નિજ આત્મના શુદ્ધ ગુણનું ?
કઈ કઈ રીતે સેવન કર્યું, મેં દેવ-ગુરુ-ધર્મનું ? ......(૩)

રે ! જીવન મોંઘુ જાય મારું, શીઘ્ર સાધું ધર્મને;
ફરી ફરી છે દુર્લભ અરે ! આ પામવો નરદેહને ......(૪)

સમ્યક્ત્વ સાધું જ્ઞાન સાધું, ચરણ સાધું આત્મમાં;
એ રત્નત્રયના ભાવથી કરું, સફળતા આ જીવનમાં ......(૫)

પ્રમાદ છોડીને હવે હું, ભાવું છું નિજ આત્મને;
નિજ આત્મના ભાવન વડે, કરું નાશ આ ભવચક્રને ......(૬)

હો અખંડ મુજ આરાધના, પ્રભુ ! વીતરાગ પ્રભાવથી;
અપૂર્વ છે અવસર અહો ! આ છૂટવા ભવચક્રથી ......(૭)

***

## (૧૦૮) જ્ઞાતાભાવમાં રહેજે....

તું રહેજે જ્ઞાતાભાવમાં, તું રહેજે જ્ઞાતાભાવમાં ....
ભલે હોય પ્રતિકૂળતા કે ભલે હોય અનુકૂળતા ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૧)

દોષ ન જોઈશ કોઈનો, યાદ કરજે નિજ પરિણામ; (૨)
ભૂતકાળમાં કરી વિપરીતતા, મળ્યું ફળ વર્તમાનમાં ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૨)

દોષ કરે છે જીવ પોતે, સંયોગ માત્ર નિમિત્ત જ છે; (૨)
શુદ્ધ ઉપાદાન સ્વભાવ જાણી, સદા સમાધાન કરજે ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૩)

મિથ્યાત્વના ખાડામાં પડ્યો છો, ખોદીશ નહીં સંસાર ખાઈ;
ખોદીશ નહીં હવે બીજો;
ભૂલ ટાળવાનું આવ્યું છે ટાણું, રહીશ નહીં પ્રમાદમાં ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૪)

અનુકૂળતામાં અભિમાન કરીશ નહીં, આવ્યો ઉદય પૂરો થવામાં; (૨)
પુણ્ય ઉદયે અભિમાન કરીશ નહીં, આવ્યો ઉદય ચાલ્યો જવાનો; (૨)
મોહ-મમતા તૃષ્ણા વધારી, ભવિષ્ય હવે બગાડીશ મા ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૫)

પાપ ઉદયે ખેદ કરીશ નહીં, જાગૃત કરજે વૈરાગ્ય; (૨)
જ્ઞાયકદેવને શરણે જઈને, બનજે જ્ઞાતા-દ્રષ્ટા ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૬)

ઉદય પ્રમાણે સંયોગ મળે, પુરુષાર્થે થાય પરિણામ; (૨)
નિમિત્ત-ઉદય સામું જોઈશ નહીં, તારું ધાર્યું થાય ન તેમાં; (૨)
ઈચ્છા આધીન થાય ન પરમાં, ફોગટ ભમતો સંસારમાં ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૭)

કેવલજ્ઞાની જે જોઈ રહ્યા, એવું જ સહજ થાય; (૨)
જે બનવાનું તે જ બને છે, નહીં થનાર ન થાય ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૮)

ક્રમબદ્ધ સિદ્ધાંત સ્વીકાર કરી, ક્રમફેર વિચારીશ નહીં; (૨)
વિકલ્પ-ઉદયના ઝંઝાવાત આવે, આકુલ-વ્યાકુલ ન થા ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૯)

કોઈ પણ પ્રસંગે મેરુ સમાન, અડોલ રહેજે નિજભાવમાં; (૨)
વીતરાગતા ઊછળી ઊઠશે, પહોંચી જઈશ આતમધામમાં ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૧૦)

સાચો આનંદ છે સમાધિમાં, ઉપાધિમાં હોય આકુલતા; (૨)
અવસર આવ્યો હિત કરવાનો, જાગૃત થા ક્ષણભરમાં ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૧૧)

સાધનામય પરિણતિ કરીને, સંયમ હો જીવનમાં; (૨)
જામી જા હવે જ્ઞાયકભાવમાં, પહોંચી જા મોક્ષધામમાં ....તું રહેજે જ્ઞાતાભાવમાં....(૧૨)

***

## (૧૦૯) સ્વયં પ્રભુ....

(રાગ : મૈત્રી ભાવનું)

જૈસી પ્રભુતા પ્રભુમેં હૈ, વૈસી હી મુજમેં ભરી હુઈ;
ફર્ક નહીં કુછ ભી ભૈયા, વહ પ્રગટપને બસ પ્રગટ હુઈ... જૈસી પ્રભુતા ...(૧)

અનાદિ કાલસે દોનોંકા હી, સ્વભાવ એક સા બના હુઆ;
પ્રાપ્ત પર્યાયમેં તન્મય હોકર, હમસે નહીં સ્વીકાર હુઆ... જૈસી પ્રભુતા ...(૨)

ઈસલિયે હમારી દુર્દશા યહ, અનાદિ કાલસે હો રહી;
જબતક નહીં સ્વીકાર કરેંગે, તબતક વહ મિટતી ભી નહીં... જૈસી પ્રભુતા ...(૩)

ઈસકો મિટાનેમેં ભૈયા, ઔર કોઈ સહાયક નહીં;
યદિ પુરુષાર્થ જાગૃત કરો તો, કાલલબ્ધિ ફિર દૂર નહીં... જૈસી પ્રભુતા ...(૪)

ભલી હોનહાર હૈ જિનકી, ઉનકી સમજમેં હી આતી હૈ;
વરના જિનવાણી ઉપર હી, ઉપરસે હી બહ જાતી હૈ... જૈસી પ્રભુતા ...(૫)

ઐસા ચિંતન કરો પ્રતિક્ષણ, મૈં જ્ઞાયક બસ જ્ઞાયક હી હૂં;
કરના-ધરના કામ ન મેરા, મૈં તો જાનનહાર રહું... જૈસી પ્રભુતા... (૬)

ઐસા કરતે કરતે હી તૂં, પક્ષાતિક્રાંત હો જાયેગા;
ફિર પર્યાયમેં પ્રભુતાકા, આનંદ તુજે મિલ જાયેગા... જૈસી પ્રભુતા...(૭)

***

## (૧૧૦) સહજ સ્વીકાર....

કાહેકો સોચત અતિ ભારી, રે મન ! કાહેકો સોચત અતિ ભારી;
પૂરબ કરમનકી થિતિ બાંધી, સો તો ટરત ન ટારી... રે મન !...

સબ દરવનિકી તીન કાલકી, વિધિ ન્યારીકી ન્યારી;
કેવલજ્ઞાન વિષે પ્રતિભાસી, (૨) સો સો હ્વૈ હૈ સારી... રે મન !...

સોચ કિયે બહુબંધ બઢત હૈ, ઉપજત હૈ દુઃખ ભારી;
ચિંતા ચિતા સમાન બખાની, (૨) બુદ્ધિ કરત હૈ કારી... રે મન !...

રોગ શોક ઉપજત ચિંતાતે, કહો કૌન ગુનવારી;
'દ્યાનત' અનુભવ કર શિવ પહુંચે, (૨) જિન ચિંતા સબ જારી... રે મન !...

***

## (૧૧૧) ચૈતન્યહંસ....

(રાગ : કાફી)

મન હંસ ! હમારી લૈ શિક્ષા હિતકારી ....
શ્રી ભગવાન ચરન પિંજરે વસિ, તજિ વિષયનિકી યારી ....મન....૧

કુમતિ કાગલીસૌં મતિ રાચો, ના વહ જાત તિહારી;
કીજૈ પ્રીત સુમતિ હંસીસૌં, બુધ હંસનકી પ્યારી ....મન....૨

કાહેકો સેવત ભવ ઝીલર, દુખજલપૂરિત ખારી;
નિજબલ પંખ પસારિ ઊડો કિન, હો શિવ સરવરચારી ....મન....૩

ગુરુકે વચન વિમલ મોતી ચુન, ક્યોં નિજ વાન વિસારી;
હ્‌વૈ હૈ સુખી સીખ સુધિ રાખેં, ભૂધર ભૂલૈં ખ્વારી ....મન....૪

***

## (૧૧૨) જ્ઞાનસુધા....
(રાગ : અશાવરી)

ચેતન ! મોહકો સંગ નિવારો, જ્ઞાન સુધારસ ધારો ....ચેતન....(૧)

મોહ મહા તમ મલ દૂરે રે, ધરે સુમતિ પરકાશ;
મુક્તિ પંથ પરગટ કરે રે, દીપક જ્ઞાન વિલાસ ....ચેતન....(૨)

જ્ઞાની જ્ઞાન મગન રહે રે, રાગાદિક મલ ખોય;
ચિત્ત ઉદાસ કરની કરે રે, કર્મબંધ નહિ હોય ....ચેતન....(૩)

લીન ભયો વ્યવહારમેં રે, યુક્તિ ન ઉપજે કોય;
દીન ભયો પ્રભુ પદ જપે રે, મુગતિ કહાંસુ હોય ....ચેતન....(૪)

પ્રભુ સમરો પૂજો પઢો રે, કરો વિવિધ વ્યવહાર;
મોક્ષ સ્વરૂપી આત્મા રે, ગ્યાન ગમન નિરધાર ....ચેતન....(૫)

જ્ઞાન કલા ઘટઘટ વસે રે, જોગ જુગતિ કે પાર;
નિજનિજ કલા ઉદ્યોત કરે રે, મુગતિ હોય સંસાર ....ચેતન....(૬)

બહુવિધ ક્રિયા કલેશસું રે, શિવપદ ન લહે કોય;
જ્ઞાન કલા પરગાસસો રે, સહજ મોક્ષપદ હોય ....ચેતન....(૭)

અનુભવ ચિંતામણિ રતન રે, જાકે હઈએ પરકાશ;
સો પુનિત શિવપદ લહે રે, દહે ચતુર્ગતિ વાસ ....ચેતન....(૮)

મહિમા સમ્યક્ જ્ઞાનકી રે, અરુચિ રાગ બલ જોય;
ક્રિયા કરત ફલ ભુંજતે રે, કર્મબંધ નહિ હોય ....ચેતન....(૯)

ભેદજ્ઞાન તબલોં ભલો રે, જબલોં મુક્ત ન હોય;
પરમ જ્યોતિ પરગટ જિહાં રે, તિહાં વિકલ્પ નહિ કોય ....ચેતન....(૧૦)

ભેદજ્ઞાન સાબુ ભયો રે, સમરસ નિર્મલ નીર;
ધોબી અંતર આતમા રે, ધોવે નિજગુણ ચીર ....ચેતન....(૧૧)

રાગ વિરોધ વિમોહ મલી રે, એ હી આસ્રવ મૂલ;
એ હી કરમ બઢાય કે રે, કરે ધર્મકી ભૂલ ....ચેતન....(૧૨)

જ્ઞાનસરૂપી આતમા રે, કરે ગ્યાન નહિ ઔર;
દ્રવ્યકર્મ ચેતન કરે રે, એ હી વ્યવહારકી દોર ....ચેતન....(૧૩)

કરતા પરિણામી દ્રવ્ય રે, કર્મરૂપ પરિણામ;
કિરિયા પરજયકી ફિરત રે, વસ્તુ એક ત્રય નામ ....ચેતન....(૧૪)

કરતા કર્મ ક્રિયા કરે રે, ક્રિયા કરમ કરતાર;
નામભેદ બહુવિધ ભયે રે, વસ્તુ એક નિર્ધાર ....ચેતન....(૧૫)

એક કર્મ કર્તવ્યતા રે, કરે ન કરતા દોય;
તેસે જસ સત્તા સધી રે, એક ભાવકો હોય ....ચેતન....(૧૬)

***

## (૧૧૩) સ્વસંબોધન....

જાગ રે આત્મા જાગ, જાગ રે આત્મા જાગ;
તને મારા ગુરુદેવ ઢંઢોળે ....જાગ રે આત્મા જાગ....(૧)
તને મારા ભગવતી માત ઢંઢોળે .....જાગ રે આત્મા જાગ.....(૧)

તું છો બાપુ ! સર્વજ્ઞસ્વભાવી, સિદ્ધસ્વરૂપ કહેવાય;
અસંખ્યપ્રદેશે અમૃત ઝરણાં, આનંદ આનંદ થાય;
તને 'ભગવાન' આત્મા કહી બોલાવે.... ....જાગ રે આત્મા જાગ....(૨)

બહુ કાળ વીત્યા બાપુ ! સુતાં ન રહેવાય;
જાગવાના હવે આવ્યા ટાંણા, મોંઘેરા ભવ જાય;
તું છો નાથ ! પરમાત્મ સ્વરૂપ ....જાગ રે આત્મા જાગ....(૩)....

તું છો વ્હાલા ! જ્ઞાયકસ્વરૂપી, અનંત ગુણ ભંડાર;
નિશ્ચયે જ્ઞાયકદેવ છું, કર હવે એ નિરધાર;
તું છો પ્રભુ ! હાજરાહજૂર, પ્રગટ થતાં શી વાર ....જાગ રે આત્મા જાગ....(૪)

***

## (૧૧૪) દુર્લભ અવસર....

સત્સંગ દુર્લભ છે, કાળ નિકૃષ્ટ છે, એવા સમયમાં;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૧)

દ્રવ્યનો અભ્યાસ કરી, તત્ત્વનો નિર્ણય કરી, સમજણ ખરી કરી;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ....(૨)

પંખીનો માળો જેમ, કુટુંબીને જાણો તેમ, સત્સંગ જાણી એમ;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૩)

એકત્વનું દુઃખ, ભિન્નત્વનું સુખ, થઈ સ્વ-સન્મુખ;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૪)

સિદ્ધોને યાદ કરો, શિવરમણીને વરો, સ્વરૂપ ચિંતવન કરો;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૫)

સંધ્યાના રંગ જેવા, પુણ્યના ફળ તેવા, એના આદર કેવા;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૬)

શુભને પણ હેય જાણી, શુદ્ધ ઉપાદેય જાણી, સાંભળી સદ્ગુરુ વાણી;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૭)

આત્મઘોલન કરી, પ્રતીતિ ખરી કરી, માત્ર સ્વદ્રષ્ટિ કરી;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૮)

સત્ ચિદાનંદ, આનંદ આનંદ, સ્વરૂપ સહજાનંદ;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૯)

વીત્યો સમય અનંત, દેખ્યો ના ભવનો અંત, પુરુષાર્થ કરો મહંત;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૧૦)

ભેદવિજ્ઞાનસાર, નિજમાં સુખ અપાર, જાણી સંસાર અસાર;
ચેતી લે ચેતન ! ચેત્યા વિના કેમ ચાલશે ? ....(૧૧)

***

## (૧૧૫) અનુભવ મહિમા....

આતમ અનુભવ આવે, જબ નિજ આતમ અનુભવ આવે;
ઔર કછુ ન સુહાવે, જબ નિજ આતમ અનુભવ આવે... જબ...(૧)

જિન આજ્ઞા અનુસાર પ્રથમ હી, તત્ત્વ પ્રતીતિ અનાવે;
વરણાદિક રાગાદિક તૈ નિજ, ચિન્હ ભિન્ન કર ધ્યાવે... જબ...(૨)

મતિજ્ઞાન ફરસાદિ વિષય તજિ, આતમ સન્મુખ ધ્યાવે;
નય પ્રમાણ નિક્ષેપ સકળ શ્રુત, જ્ઞાન વિકલ્પ નશાવે... જબ...(૩)

ચિદ્રુપોડહં શુદ્ધોડહં ઇત્યાદિક, આપમાંહિ બુદ્ધિ આવે;
તન પૈ વજ્રપાત ગિરતે હૂ, નેક ન ચિત્ત હુલાવે... જબ...(૪)

સ્વસંવેદ આનંદ બઢે અતિ, વચન કહ્યો નહીં જાવે;
દેખન, જાનન, ચરણ તીન બિચ, એક સ્વરૂપ લખાવે... જબ...(૫)

ચિત્ કરતા ચિત્ કર્મ ભાવ ચિત્, પરિણતિ ક્રિયા કહાવે;
સાધ્ય-સાધક ધ્યાન-ધ્યેયાદિક, ભેદ કછુ ન દિખાવે... જબ...(૬)

આત્મપ્રદેશ અદ્રષ્ટ તદપિ, રસસ્વાદ પ્રગટ દરશાવે;
જ્યોં મિસરી દીસત ન અંધકો, સપરસ મિષ્ટ ચખાવે... જબ...(૭)

જિન જીવનકે સંસૃતિ, પારાવાર પાર નિકટાવે;
'ભાગચંદ' તે સાર અમોલક, પરમ રતન વર પાવે... જબ...(૮)

***

## (૧૧૬) ગુરુ કહાન સંદેશ....

(રાગ : જિનધર્મસે પ્રેમ હો તો....)

ધ્રુવધામના એ ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી,
ધગસ અને ધીરજ થકી અહો ! જે ધખાવે;

આવા ધર્મનો ધારક ધર્મી સદા ધન્ય-ધન્ય છે,
તેના પાવન ચરણમાં નિત્યે અમ વંદન છે ...ધ્રુવધામના (૧)

ચૈતન્ય ધાતુને ધરનાર ધ્રુવ ધણીનો ધૂની,
ધૈર્યવાન ધર્મધ્યાની ધર્મી જગમાં ધન્ય છે ...ધ્રુવધામના (૨)

સહજ આત્મસ્વરૂપ છે સર્વજ્ઞદેવ ને આત્મા,
એ જ પરમગુરુને સદા તું લેજે ધ્યાનમાં ...ધ્રુવધામના (૩)

***

## (૧૧૭) આત્માર્થીની ભાવના....

મિથ્યાત્વ નશાકર અબ ન મરેંગે ,
જ્ઞાયકકા રસપાન કરેંગે ,
પરકા એકત્વ તજેંગે ,
જ્ઞાયક સેરા ધરકેં સજેંગે ...૧

દ્વાદશ અનુપ્રેક્ષાકો લહેંગે ,
ચંચલતા તજ સ્થિરતા ધરેંગે ,
પ્રમતદશા તજ અપ્રમત રહેંગે ,
ક્ષપકમેં ફિર ગમન કરેંગે ...૨

ચાર ઘનઘાતિકો હરેંગે ,
યોગોમેં ભી અબ ના રુકેંગે ,
મુક્તિ વધૂકો અબ હમ વરેંગે ,
સબ સિદ્ધોંકો શીઘ્ર મિલેંગે ...૩

મિથ્યાત્વ નશાકર અબ ન મરેંગે ,
જ્ઞાયકકા રસપાન કરેંગે ...

***

## (૧૧૮) આત્માર્થી જીવન....

ચાલો રે સૌ સાધર્મી, મંગળ ભાવના કરીએ રે;
ગુરુરાજ પ્રતાપે જીવન, ઉજ્જ્વળ કરીએ રે...

વહેલા પ્રભાતે ઊઠી, પ્રભુ સ્મરણ કરીએ;
સ્વરૂપ ચિંતવન કરી, આતમ લીન થઈએ રે... ચાલો...(૧)

મંગળ પ્રભાતે જિન, પૂજન કરીએ;
દેવ ગુરુ મહિમાને, કદી ન ભૂલીએ રે... ચાલો...(૨)

મહામોંઘેરા અહો ! ગુરુવર ભેટ્યા;
મહાભાગ્યે અહો ! ગુરુરાજ મળીયા;
ગુરુરાજ ચરણે, જીવન સફળ કરીએ રે... ચાલો...(૩)

આત્મહિતકારી ગુરુવાણી સુણવા જઈએ;
અનુપમ અદ્‌ભુત, ગુરુવાણી સુણીએ;
ગુરુવાણી સુણી, મુક્તિ લાયક થઈએ રે... ચાલો...(૪)
સ્વાનુભૂતિના આજ, પાત્ર બનીએ રે... ચાલો...(૪)

ગુરુવાણી વિચારી, ઓગાળી આતમમાં;
ઊંડી ઊંડી ભાવના, અંતર કેળવીએ રે... ચાલો...(૫)
ઊંડી ઊંડી ચૈતન્યની, જિજ્ઞાસા કરીએ રે... ચાલો...(૫)
જ્ઞાયકદેવના શરણે, આરાધના કરીએ રે... ચાલો...(૫)

દેવ શાસ્ત્ર ગુરુનું, શરણ હો જીવનમાં;
પંચ પરમેષ્ઠી ભક્તિ, દિલમાં ધરીએ રે... ચાલો...(૬)

દર્શન પૂજન સ્વાધ્યાય નિત હોજો;
ઉપકારીનાં આશિષથી, હિતમાર્ગે વળીએ રે... ચાલો...(૭)

આવો રૂડો અવસર, મળવો દુર્લભ છે;
તત્ત્વ અભ્યાસ વડે,આત્મકલ્યાણ કરીએ રે... ચાલો...(૮)
નિજ આતમદેવને, અંતરમાં ધરીએ રે... ચાલો...(૮)
દેવ-શાસ્ત્ર-ગુરુની, મહિમા ગાઈએ રે... ચાલો...(૮)

***

## (૧૧૯) આત્માને આમંત્રણ....

આતમ ન પરઘર જાઓ, નિજઘર આઓજી....
હો જ્ઞાન દર્શ ભંડારી, તુમ કાહે ભયે ભિખારી;
અપની નિધિ પ્રગટાઓ, ભૂલ મિટાઓજી....આતમ....(૧)

તુમ પરમાનંદ સ્વરૂપી, હો અમલ અખંડ અરૂપી;
જડકો ન તુમ અપનાવો, ચેતન રાયાજી....આતમ....(૨)

હૈ જ્ઞાયક રૂપ તિહારા, સબ દેખન જાનનહારા;
સમતા સ્વભાવ ધરાઓ, મમતા હટાઓજી....આતમ....(૩)

તુમ અજર અમર અવિનાશી, હો સહજ સ્વરૂપ પ્રકાશી;
જૂઠે વિકલ્પ હટાઓ, જ્ઞાન જગાઓજી....આતમ....(૪)

'શિવરામ' નામકે ધારી, તુમ કિસકે ભયે પૂજારી;
આતમ ન પરઘર જાઓ, નિજઘર આઓજી....આતમ....(૫)

***

## (૧૨૦) વૈરાગ્ય સંબોધન....

ચેતનજી ! તુમ ચેતત ક્યોં નહિ, આયુ ઘટે જિમિ અંજુલ પાની,
સોચત સોચત જાત સબૈ દિન, સોવત સોવત રૈન વિરાની;
"હારિ જુગારિ ચલે કરઝાર", યહૈ કહનાવત હોત અજ્ઞાની,
છાંડી સબૈ વિષયા સુખ સ્વાદ, ગહો જિનધર્મ સદા સુખદાની .... ચેતનજી !...(૧)

પુણ્ય ઉદૈ ધન વૈભવ પાયકે, દૌરત હૈ મૈં બડો અગવાની,
કોમળ અંગ સ્વરૂપ મનોહર, સુંદર નારિ તહાં રતિ માની;
દુર્ગતિ જાત ચલૈ નહિં સંગ, ચલૈ અરુ સંગ જુ પાપ નિદાની,
યોં મનમાંહિ વિચારી સુજાન, ગહો જિનધર્મ સદા સુખખાની .... ચેતનજી !...(૨)

માનુષ ભૌ લહિકે તુમ જો, ન કર્યો કછુ તૌ પરલોક ક્યા હોંગે,
જો કરની ભવકી હરની, સુખકી ધરની ઇસ માંહિ વરોગે;
સૌચત હો અબ વૃદ્ધિ લહૈં, તબ સોચત સોચત કાઠ જરોગે,
ફેર ન દાવ ચલી યહ આવ, ગહો નિજભાવ સુ આપ તરોગે .... ચેતનજી !...(૩)

આયુ ઘટે છિન હી છિન ચેતન ! લાગિ રહ્યો વિષયા રસ હી કો,
ફેરી નહીં નર આયુ તુમૈ, જિમ છાંડત અંધ બટેર ગહીકો;
આગિ લગૈ નિક્સૈ સોઈ લાભ, યહી લખિકૈ ગહુ ધર્મ સહીકો,
આયુ ચલી યહ જાત સુજાન, ગઈ સું ગઈ અબ રાખ રહીકો .... ચેતનજી !...(૪)

યહ સંસાર અસાર હૈ, કદલી વૃક્ષ સમાન, યામેં સારપનો લખૈ, સો મૂરખ પરધાન;
અગ્નિમાંહિ હિમ લખૈ, સર્પમુખમાંહિ સુધા ચહૈ, જાન જાન મનમાંહિ, નાહિ સંસાર સાર યહૈ.

***

## (૧૨૧) હવે તો સમજ....

(રાગ : ગુરુવર દર્શન દેવા પધારજો....)

જીવ તૂં સમજ લે આતમ પહેલા,
કોઈ મરણ સમય નહીં તેરા ....જીવ તૂં.. ૧

કહાંસે આયા કહાં પે જાના, કૌન સ્વરૂપ હૈ તેરા;
ક્યા કરના થા ક્યા કર ડાલા, (૨) ક્યા યહ કુટુંબ કબીલા .... જીવ તૂં.. ૨

ક્યા લે આયા ક્યા લે જાસી, કોઈ ન સંગી તેરા;
અકેલા આયા અકેલા જાના, (૨) ફિર યે ક્યા હૈ ઝમેલા ....જીવ તૂં.. ૩

પાપાચાર કિયા ધન સંગ્રહ, ભોગત સબ ઘર ભેલા;
પાપકે સાથી કોઈ નહીં હૈ, (૨) ભોગત દુઃખ અકેલા .... જીવ તૂં.. ૪

રેલમેં આતા જાતા માનવ, બિછડ જાત જ્યોં મેલા;
સ્વાર્થ જાયે સબ બિછુડ જાએંગે, (૨) અપની અપની બેલા ....જીવ તૂં.. ૫

તન ધન યૌવન વિનશ જાત જ્યોં, ઇન્દ્ર જાલકા ખેલા;
કરના હો સો કર લે ભાઈ ! (૨) આઈ અંત કી બેલા .... જીવ તૂં.. ૬

સમકિતસે કર દૂર રાગાદિક, રહ જા આતમમેં અકેલા;
અજ્ઞાન મિટે નિજ શરણસે, (૨) જન્મ મરણકા ખેલા ....જીવ તૂં.. ૭

***

## (૧૨૨) વૈરાગ્ય ભાવના....

જગતકી ઝૂઠી સબ માયા, અરે નર ! ચેત વક્ત પાયા....

કંચન વરની કામની, જોબનમેં ભરપૂર;
અંતરદ્રષ્ટિ નિહારતે, મલમૂત્ર મશહૂર,
કુધી નર ઇનમેં લલચાયા....અરે નર !......(૧)

લક્ષ્મી તો ચંચલ બડી, બિજલીકે ઉનહાર;
યાકે ફંદેતૈં બચોજી, અપની કરો સમ્હાર,
વિવેકી માનુષ ભવ પાયા....અરે નર !......(૨)

સ્વચ્છ સુગંધ લગાયકે, કરકે સબ સિંગાર;
તિહં તનમેં તૂં રતિ કરૈજી, સો શરીર હૈ છાર,
વૃથા ક્યોં ઇનમેં લલચાયા....અરે નર !......(૩)

તન ધન મમતા છાંડિકૈ, રાગ દોષ નિરવાર;
શિવમારગ પગ ધારિયેજી, ધર્મ જિનેશ્વર સાર,
સુગુરુને ઐસે બતલાયા....અરે નર !......(૪)

***

## (૧૨૩) અમૂલ્ય અવસર....

ઐસો શ્રાવક કુલ તુમ પાય, વૃથા ક્યોં ખોવત હો ....

કઠિન કઠિનકર નરભવ પાઈ, તુમ લેખી આસાન;
ધર્મ વિસારિ વિષયમેં રાચો, માની ન ગુરુકી આન ....વૃથા......(૧)

ચક્રી એક મતંગજ પાયો, તાપર ઈંધન ઢોયો;
બિના વિવેક વિના મતિહીકો, પાય સુધા પગ ધોયો ....વૃથા......(૨)

કાહૂ શઠ ચિન્તામણિ પાયો, મરમ ન જાનો તાય;
બાયસ દેખિ ઉદધિમેં ફેક્યો, ફિર પીછે પછતાય ....વૃથા......(૩)

સાત વિસન આઠોં મદ ત્યાગી, કરુના ચિત્ત વિચારો;
તીન રતન હિરદૈમૈં ધારો, આવાગમન નિવારો ....વૃથા......(૪)

'ભૂધરદાસ' કહત ભવિજનસોં, ચેતન અબ તો સમ્હારો;
પ્રભુકો નામ તરન તારન જપિ, કર્મફંદ નિરવારો ....વૃથા......(૫)

***

## (૧૨૪) હે આત્મન્ ! આત્મસ્મરણ કર....

સુમર સદા મન આતમરામ.... (૨)

સ્વજન કુટુંબી જન તૂં પોષૈ, તિનકો હોય સદૈવ ગુલામ;
સો તૌ હૈ સ્વારથકે સાથી, અંતકાળ નહિં આવત કામ ....સુમર......(૧)

જિમિ મરીચિકામેં મૃગ ભટકૈ, પરત સો જબ ગ્રીષમ અતિધામ;
તૈસે તૂં ભવ ભવમાંહી ભટકૈ, ધરત ન ઇક છિનહૂ વિશ્રામ ....સુમર.......(૨)

કરત ન ગ્લાનિ અબ ભોગનમેં, ધરત ન વીતરાગ પરિણામ;
ફિર કિમિ નરકમાંહિ દુઃખ સહસી, જહાં સુખ લેશ ન આઠોં જામ ....સુમર.......(૩)

તાતૈ આકુલતા અબ તજિકે, થિર હ્વૈ બૈઠો અપને ધામ;
'ભાગચંદ' વસી જ્ઞાન નગરમેં, તજિ રાગાદિક ઠગ સબ ગ્રામ ....સુમર.......(૪)

***

## (૧૨૫) ભગવાન ! કેમ ભૂલ્યો ?....

ભગવંત ! ભજન ક્યોં ભૂલા રે, ...(૨)

યહ સંસાર રૈનકા સુપના, તન ધન વારિ-બબુલા રે ....ભગવંત !....(૧)

ઈસ જોબનકા કૌન ભરોસા, પાવકમેં તૃણપૂલા રે;
કાલ કુદાર લિયે સિર ઠાડા, ક્યા સમઝૈ મનફૂલા રે ....ભગવંત !....(૨)

સ્વારથ સાધૈ પાંચ પાપ તૂં, પરમારથકો ભૂલા રે;
કહું કૈસે સુખ પૈહૈ પ્રાણી, કામ કરે દુખમૂલા રે ....ભગવંત !....(૩)

મોહ પિશાચ છલ્યો મતિ મારૈ, નિજ કર કંધ બસૂલા રે;
ભજ *શ્રી રાજમતિવર 'ભૂધર', દો દુરમતિ સિર ધૂલા રે ....ભગવંત !....(૪)

***

*શ્રી નેમિનાથ ભગવાન

## (૧૨૬) વૈરાગ્ય ચિંતવન....
(પંડિત બુધજન રચિત છઢાળા, પ્રથમ ઢાળ....)

(સોરઠા)

સર્વ દ્રવ્યમેં સાર, આતમકો હિતકાર હૈ;
નમો તાહિ ચિત્તધાર, નિત્ય નિરંજન જાનકે....

(ચૌપાઈ)

આયુ ઘટે તેરી દિનરાત, હો નિશ્ચિન્ત રહો ક્યોં ભ્રાત;
યૌવન-તન-ધન-કિંકર-નારિ, હૈ સબ જલબુદબુદ ઉનહારિ ....(૧)....

પૂરણ આયુ બઢે ક્ષણ નાહિ, દિયેં કોટિ ધન તીરથ માંહિ
ઇન્દ્ર-ચક્રપતિ ભી ક્યા કરેં, આયુ અંત પર તે ભી મરેં ....(૨)....

યોં સંસાર અસાર મહાન, સાર આપમેં આપા જાન;
સુખસે દુ:ખ દુ:ખસે સુખ હોય, સમતા ચારોં ગતિ નહિ કોય ....(૩)....

અનંત કાલ ગતિ-ગતિ દુ:ખ લહ્યો, બાકી કાલ અનંતો કહ્યો;
સદા અકેલા ચેતન એક, તો માંહી ગુણ બસત અનેક ....(૪)....

તૂં ન કિસીકા તેરા ન કોઈ, તેરા દુ:ખ-સુખ તાકો હોઈ;
યાતે તુજકો તૂં ઉર ધાર, પરદ્રવ્યોંસે મોહ નિવાર ....(૫)....

હાડ-માંસ-તન લપટા ચામ, રુધિર મૂત્ર મલ પૂરિત ધામ;
સો ભી થિર ન રહે ક્ષય હોઈ, યાકો તજે મિલે શિવ લોઈ ....(૬)....

હિત-અનહિત તનકુલજનમાહિં, ખોટી બાનિ હરો ક્યોં નાહિં;
યાતે પુદ્‌ગલ કર્મન જોગ, પ્રણમેં દાયક સુખ દુ:ખ રોગ ....(૭)....

પાંચો ઇન્દ્રિનકે તજ ફૈલ, ચિત્ત નિરોધ લાગ શિવગૈલ;
તુજમેં તેરી તૂં કર સૈલ, રહો કહા હો કોલ્હૂબેલ ....(૮)....

તજ કષાય મનકી ચલ ચાલ, ધ્યાવો અપનો રૂપ રસાલ;
ઝડે કર્મબંધન દુ:ખદાન, બહુરિ પ્રકાશે કેવલજ્ઞાન ....(૯)....

તેરા જન્મ હુઆ નહીં જહાં, ઐસા ખેતર નાહીં કહાં;
યાહી જન્મભૂમિ કા રચો, ચલો નિકસી તો વિધિસે બચો ....(૧૦)....

સબ વ્યવહાર ક્રિયાકો જ્ઞાન, ભયો અનંતી બાર પ્રધાન;
નિપટ કઠિન અપની પહિચાન, તાકો પાવત હોય કલ્યાણ ....(૧૧)....

ધર્મ સ્વભાવ આપ શ્રદ્ધાન, ધર્મ ન શીલ ન ન્હૌન ન દાન;
'બુધજન' ગુરુકી શીખ વિચાર, ગહો ધામ આતમ સુખકાર ....(૧૨)

***

## (૧૨૭) સુપ્રભાત....

| | | |
|---|---|---|
| વિદેહી સીમંધરનાથ | કેવલજ્ઞાન | સુપ્રભાત.... |
| વ્હાલા વિદેહીનાથ | કેવલજ્ઞાન | સુપ્રભાત.... |
| વીસ તીર્થંકર | કેવલજ્ઞાન | સુપ્રભાત.... |
| વિચરંતા જિનરાજ | કેવલજ્ઞાન | સુપ્રભાત.... |
| ચોવીસો જિનદેવ | સિદ્ધમય | સુપ્રભાત.... |
| શાંતિનાથ જિનરાજ | સિદ્ધમય | સુપ્રભાત.... |
| મહાવીર જિનદેવ | સિદ્ધમય | સુપ્રભાત.... |
| સૂર્યકીર્તિ પ્રભુજી | સુપ્રભાત | સુપ્રભાત.... |
| જિનવાણી માત | સુપ્રભાત | સુપ્રભાત.... |
| બાહુબલી મુનિરાજ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| કુંદકુંદ આચાર્ય | સુપ્રભાત | સુપ્રભાત.... |
| સમ્યક્દર્શન રત્ન | સુપ્રભાત | સુપ્રભાત.... |
| સમ્યક્જ્ઞાન રત્ન | સુપ્રભાત | સુપ્રભાત.... |
| સમ્યક્ચારિત્ર રત્ન | સુપ્રભાત | સુપ્રભાત.... |
| પાવન મોક્ષમાર્ગ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| વીતરાગી દેવ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| વીતરાગી ભગવાન | સુપ્રભાત | સુપ્રભાત.... |
| વીતરાગી આગમ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| વીતરાગી મુનિરાજ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| કહાન ગુરુદેવ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| તારણહાર ગુરુદેવ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| કરુણાસાગર ગુરુદેવ | સુપ્રભાત | સુપ્રભાત.... |
| મંગલ સુપ્રભાત | ગુરુદેવ | ગુરુદેવ.... |
| ઉત્તમ સુપ્રભાત | ગુરુદેવ | ગુરુદેવ.... |
| પાવન સુપ્રભાત | ગુરુદેવ | ગુરુદેવ.... |
| ભગવતી માત | સુપ્રભાત | સુપ્રભાત.... |
| શાશ્વત સુપ્રભાત | આતમદેવ | આતમદેવ.... |

***

## (૧૨૮) સમ્યક્ સુપ્રભાત....

મંગલ સમ્યક્ સુપ્રભાત, ઊગ્યું જાગૃત કરવા આજ ...

અનાદિ કાળની મોહ નિદ્રા, સ્વરૂપ ન આવે યાદ;
ભેદજ્ઞાન બંસરી સાંભળી, (૨) તજીએ પ્રમાદ ભાવ ....મંગલ સમ્યક્....(૧)

નિજ જ્ઞાયકદેવ યથાર્થ છે, મંગલમય સુપ્રભાત;
દર્શન-જ્ઞાન-સ્થિરતા કરતાં, (૨) હો પૂર્ણ સુપ્રભાત ....મંગલ સમ્યક્....(૨)

અરિહંતાદિ પંચ પરમેષ્ઠી, છે મંગલ સુપ્રભાત;
સાધ્ય-સાધકપદમાં બિરાજો, (૨) વંદન વારંવાર ....મંગલ સમ્યક્....(૩)

ઉપકારી દેવ-શાસ્ત્ર-ગુરુ, અહો મંગલ સુપ્રભાત;
આશ્રય-શરણ કદી ન છૂટે, (૨) ભાવના અંતરમાંય ....મંગલ સમ્યક્....(૪)

વિદેહવાસી સીમંધરનાથ, મહા મંગલ સુપ્રભાત;
કૃપા કરી આંગણે પધાર્યાં, (૨) નમન હો દિનરાત ....મંગલ સમ્યક્....(૫)

ભરતભૂમિના ચોવીસ જિનરાજ, છે પાવન સુપ્રભાત;
ચરણકમળથી અવની પાવન, (૨) પરિણતિ મંગલ થાય ....મંગલ સમ્યક્....(૬)

નિત્યબોધિની જિનવાણી માતા, શરણભૂત સુપ્રભાત;
એકત્વ-વિભક્ત આતમ બતાવી, (૨) ઉતાર્યાં ભવથી પાર ....મંગલ સમ્યક્.... (૭)

પ્રચુર આનંદવેદી કુંદકુંદદેવા, આધારભૂત સુપ્રભાત ;
વીતરાગી વાણી વહાવી, (૨) કર્યો પરમ ઉપકાર ....મંગલ સમ્યક્....(૮)

સ્વાનુભૂતિ સંત કહાન ગુરુવર, સમ્યક્ મંગલ સુપ્રભાત;
ઊંઘતા જીવોને જાગૃત કર્યાં, (૨) શું કરીએ ગુણગાન ....મંગલ સમ્યક્.... (૯)

અનુપમ સાધક ભગવતી માતા, છો સમતા સુપ્રભાત;
અજ્ઞાન અંધકાર દૂર કરીને, (૨) ફેલાવ્યો જ્ઞાનપ્રકાશ ....મંગલ સમ્યક્....(૧૦)

ધન્ય અવસર આંગણે આવ્યો, થયું મંગલ સુપ્રભાત ;
**અથ** તત્ત્વ અભ્યાસ કરીને, (૨) થાયે સમ્યક્ સુપ્રભાત ....મંગલ સમ્યક્.... (૧૧)

***

## જિનવાણી....

(રાગ-એક અદ્દ્ભુત આત્મા....)
પ્રભુ વીરનાં જ્યાં વહેણ છે, કુંદકુંદપ્રભુનાં કહેણ છે;
મીઠાં અમૃત વેણ છે, શ્રી જિનાગમ જયવંત છે ....(૧)....

વિદેહીનાથની વાણી છે, એમાં ચૈતનરસની લાણી છે;
શ્રી કહાનગુરુએ જાણી છે, સૌ ભવ્યોને તે વ્હાલી છે ....(૨)....

***

## (૧૨૯) શાશ્વત પ્રતિમા... શાશ્વત મંદિર... શાશ્વત ધામ... શાશ્વત પર્વ...

(રાગ : તમે તો ભલે બિરાજોજી)

અહો ! આ ધન્ય નંદીશ્વર ધામ... (૨)
ચાલો સહુ ભક્તો મળીને, મહોત્સવ કરીએ આજ...

મધ્ય લોક અષ્ટમ દ્વીપ, છે નંદીશ્વર નામ;
પહોંચવાની શક્તિ નહીં ને, ભાવના રહે સદાય... અહો! આ...(૧)

અષ્ટાન્હિકા શાશ્વત પર્વ, આવ્યું છે આંગણ મોઝાર;
શાશ્વત જિનના દર્શન કરીને, પહોંચીએ શાશ્વત સ્થાન... અહો! આ...(૨)

શાશ્વત જિનબિંબ, શાશ્વત મંદિર, શાશ્વત પર્વ મહાન;
ભક્તિ ભાવથી પૂજન કરતાં, ઊછળે હર્ષ અપાર... અહો! આ...(૩)

એક અંજનગિર ચાર દધિગિરિ, સાથે રતિકર છે આઠ;
એક દિશામાં પર્વત ઉપર, તેર મંદિર પાવન... અહો ! આ ...(૪)

ચાર દિશામાં મંદિર બાવન, એકમાં પ્રતિમા સત્ આઠ;
છપ્પન સો સોળ જિનબિંબ, ભેંટતા આનંદ થાય... અહો ! આ ...(૫)

દેવ-દેવેન્દ્રો પૂજન-ભક્તિ કરે, કાર્તિક, ફાલ્ગુન, અષાઢ;
અમ ભક્તોના સદ્ભાગ્ય ઓછા, સ્થાપીએ ભાવ સાથ... અહો ! આ ...(૬)

સહજ રચના અણકરાયેલ, નથી કોઈ જગ રચનાર;
કર્તાબુદ્ધિ અજ્ઞાન મટીને, પ્રગટે જ્ઞાતા ભાવ... અહો ! આ ...(૭)

આત્મહિતકારી પાવન અવસર, કરીએ સ્વરૂપને યાદ;
દેવ-શાસ્ત્ર-ગુરુ સદા વસજો, મુજ હ્રદયમાંય... અહો ! આ ...(૮)

***

## (૧૩૦) મનુષ્યક્ષેત્ર મંગલ યાત્રા....

(રાગ : ચાલને ભાઈ ! એકવાર આત્મા...)

ચાલો સહુ યાત્રા કરવાને જઈએ, પંચ મેરુએ પહોંચીએ...

જંબૂ દ્વીપ સુદર્શન મેરુ, શાશ્વત જિનબિંબ બિરાજે;
ભૂ ઉપર ભદ્રશાલ વન, ચાર મંદિર ચાર દિશે... ચાલો સહુ...(૧)

ઉપર જતાં નંદન વન આવે, ચારણ મુનિ ધ્યાન ધરે;
ચાર મંદિર અનાદિ-અનંત, દેવો નાચે ભક્તિ ભાવે... ચાલો સહુ ...(૨)

ત્રીજા સોમનસ વનમાં મંદિર, જોતાં જ આનંદ ઊછળે;
એકસો આઠ બિંબ જિનાલયે, ચાર સુંદર શોભે... ચાલો સહુ ...(૩)

પાડુંક વન સૌથી ઉપર, જન્માભિષેક ત્યાં થાયે;
ચાર મંદિર અદ્ભુત ભારી, વંદન કરો સહુ આજે... ચાલો સહુ ...(૪)

એક લાખ યોજન ઉન્નત મેરુ, સોળ મંદિર રાજે;
સત્તર સો અઠ્યાવીસ જિનબિંબ, અણકરાયેલ સોહે... ચાલો સહુ ...(૫)

ધાતકી ખંડ પૂર્વ દિશા, વિજય મેરુ ત્યાં આવે;
ચોરાસી હજાર યોજન ઊંચો, રચના સુદર્શન સમાન... ચાલો સહુ ...(૬)

ધાતકી ખંડ પશ્ચિમ દિશા, અચલ મેરુ ત્યાં દિસે;
અનાદિના જિનબિંબ જિનમંદિર, સાક્ષાત્ જિનદેવ જાણે... ચાલો સહુ ...(૭)

પુષ્કર દ્વીપ પૂર્વ દિશા, મંદિર મેરુ જ્યાં દેખાયે;
કુદરત રચના જિન પ્રતિમા, આતમ દેવને બતાવે... ચાલો સહુ ...(૮)

પશ્ચિમ દિશા પુષ્કર દ્વીપ, વિદ્યુન્માલી મન મોહે;
સહજે પરમાણુ જિનબિંબરૂપે, દર્શન સ્વરૂપના કરાવે... ચાલો સહુ ...(૯)

ચાર મેરુ સમાન રચના, નમન ભાવથી કરીએ;
શાશ્વત પ્રતિમા ભક્તિ કરીને, શાશ્વત પદને પામીએ... ચાલો સહુ ....(૧૦)

અઢી દ્વીપ પંચ મેરુ, અસ્સી જિનાલય અનુપમ;
આઠ હજાર છસ્સો ચાલીસ, જિન પ્રતિમા અતિ સુંદર... ચાલો સહુ ...(૧૧)

મહા સદ્ભાગ્યે અવસર આવ્યો, સ્થાપના ભાવથી કરીએ;
દર્શન-પૂજન-ભક્તિ કરીને, ચૈતન્યબિંબ થઈએ... ચાલો સહુ ...(૧૨)

***

## (૧૩૧) ગુરુવિરહ વેદના....

ગુરુવર દર્શન દેવા પધારજો, પાવન વાણી વરસાવજો ...ગુરુવર...

સીમંધર દર્શન કરવા કાજે, વિહાર કર્યો છે આકરો;
તુજ ભક્તો હવે ક્યાં જઈ સુણે, (૨) ક્યાંય ન મળે આશરો ... ગુરુવર... (૧)

સાધક સંતોના સત્સંગ માટે, જઈ પહોંચ્યા વિદેહધામ;
અમ બાળકોને કોણ સંભાળશે, (૨) કેમ ન આવ્યો વિચાર ... ગુરુવર... (૨)

દિવ્યધ્વનિ પાન આપ કરોને, અમે રહ્યાં તરસ્યા બાળ;
તુજ સેવકની નિત્ય ઝંખના, (૨) ક્યારે મળે તારણહાર ... ગુરુવર... (૩)

સ્વરૂપસાધના માર્ગ બતાવી, કર્યો છે પરમ ઉપકાર;
અંતરમાં ચાલે એક જ રટના, (૨) સત્વર પામું એ રાહ ... ગુરુવર... (૪)

ઘણું ઘણું શું કહીએ ગુરુરાજ, જાણો છો મુજ ભાવ;
આવી પહોંચ્યું તુજ ચરણશરણમાં, (૨) એક જ છે અરદાસ ... ગુરુવર... (૫)

***

## (૧૩૨) ગુરુવરને પત્ર....

(રાગ : ભરથરી....)

પત્ર લખ્યો ગુરુદેવને, પહોંચે સ્વર્ગપુરીને દ્વાર;
કૃપા કરીને વાંચજો, ભક્તો વિનવે આજ ....પત્ર લખ્યો....

દિન પર દિન તો વીતી રહ્યાં, દર્શન માટે તડપી રહ્યાં;
એકવાર આવો સુવર્ણે, ધર્મવૃદ્ધિ આશિષ ધ્યો તાત ....પત્ર લખ્યો....(૧)

શું લખવું સૂઝ ના પડે, શોધું તો શબ્દો ના જડે;
લખ્યા વિના ન રહી શકું, અંતર ઊઠે પોકાર ....પત્ર લખ્યો....(૨)

શાસન તમારું સુનું થયું, આસન ખાલી પડ્યું;
મંત્રમુગ્ધ વાણી આપની, સુણવા હૃદયો તલપાય ....પત્ર લખ્યો....(૩)

વસ્તુ સ્વતંત્રતાનો શંખ ફૂંક્યો, નિશ્ચય વ્યવહાર સંધિ કરી;
ધ્રુવના ધામે દ્રષ્ટિ દીધી, બહિર્દ્રષ્ટિ થઈ વિદાય ....પત્ર લખ્યો....(૪)

કહાન નામ સાર્થક કર્યું, સમયસાર સૂર છૂટ્યા;
આત્મતત્ત્વની મોરલી સુણીને, ઘેલા બન્યા'તા ભક્તજન ....પત્ર લખ્યો....(૫)

ભેદજ્ઞાન દુંદુભિ વગાડી, ક્રિયાકાંડને કર્યો દૂર;
દેશ-વિદેશે જ્ઞાયકદેવના, મંત્ર સુણાવી કર્યો ઉદ્ધાર ....પત્ર લખ્યો....(૬)

શું લખવું શું ના લખવું, લખીને હૈયું ખાલી કરું;
સેવક સઘળા ઝંખી રહ્યા, આહીં પધારો હે ગુરુરાજ ....પત્ર લખ્યો....(૭)

ભક્તો સહુ વિનંતી કરે, અરે ! અમને એકલા મૂકીને;
આવો વિહાર ના શોભે ગુરુ, પાછા પધારો તારણહાર ....પત્ર લખ્યો....(૮)

***

## (૧૩૩) ભક્તો અનાથ થયા....

વીતે વીતે દિન પર દિન, અમોને એકલા મૂકીને ચાલ્યા રે ગુરુરાજ;
માન્યા માન્યા ગુરુ આપને નાથ, અનાથ અમને મૂકીને ચાલ્યા રે ગુરુરાજ ....૧

સીમંધરનાથે મોકલ્યા અમારી કાજ, અમોને શીદને છોડીને ચાલ્યા રે ગુરુરાજ;
સીમંધરનાથનો વિરહ તોડયો નાથ, અમોને વિરહમાં મૂકીને ચાલ્યા રે ગુરુરાજ ....૨

સુવર્ણપુરીની કણ કણ બોલે નાથ, અમોને રડતાં મૂકીને ચાલ્યા રે ગુરુરાજ;
લીધા લીધા શાશ્વત શરણા નાથ, ટળવળતાં અમને મૂકીને ચાલ્યા રે ગુરુરાજ ....૩

બ્રહ્મચારી ભડવીર ગુરુરાજ, તારા શરણે આવ્યા'તા અમે રે ગુરુરાજ;
નિ:શંક તુજ ચરણમાં નાથ, અશરણ મૂકીને ચાલ્યા રે ગુરુરાજ ....૪

સ્વાધ્યાયમંદિરના ખુલ્લા ખુલ્લા દ્વાર, સુવર્ણપુરી સુની સુની લાગે ગુરુરાજ;
પરમાગમમંદિરની સુની સુની પાટ, સુવર્ણપુરી સુની સુની લાગે ગુરુરાજ ....૫

આવશું આવશું તારે પગલે નાથ, વાણી આપની સફળ કરીશું ગુરુરાજ;
કર્યાં છે અનંત ઉપકાર, ભાવ સુમન ચઢાવું વ્હાલા ગુરુરાજ ....૬

***

## (૧૩૪) વિદાય વેદના...

સુવર્ણપુરીનાં સંત ઓ પ્રભુ, તુજ વિના હવે ક્યાં જવું પ્રભુ;
ભારત ભાનુ આ અસ્ત થઈ ગયાં, દરશ નાથનાં ક્યાંય ના રહ્યાં ....સુવર્ણપુરીનાં....૧

સુવર્ણપુરીના તેજ ક્યાં ગયાં, પ્રભુ વિના સૌ રખડતાં થયાં;
હિન્દનાં હીરા હાથથી ગયાં, જીવન આપણા શૂન્ય તો થયાં ....સુવર્ણપુરીનાં....૨

જ્ઞાયકદેવનાં મંત્ર આપીને, જીવન મુક્તિના પંથ સ્થાપીને;
લાખો ભક્તના મનમાં તું હતો, શાસન સ્થંભ તું એકલો હતો ....સુવુર્ણપુરીનાં....૩

ભવના અંતની વાત ક્યાં મળે, જીવન નાથ રે શરણું ક્યાં હવે;
ગુરુ ગુરુ રટી હૃદય તો રડે, અશ્રુધાર તો નયનમાં વહે ....સુવર્ણપુરીનાં....૪

ભક્ત ભાવના દિલ ધારજે, અમી ભરી કૃપા દ્રષ્ટિ રાખજે;
સુખદ વાણી છે જીવંત તાહરી, શરણ તે લઈ શાંતિ પામીએ ....સુવર્ણપુરીનાં....૫

કલ્પવૃક્ષની છાંય ક્યાં ગઈ, હદય તૃપ્તની શાંતિ ક્યાં ગઈ;
અનંતાનંત ઉપકારી છો, સ્મરણ તાહરા જીવનમાં રહો;
વિરહ તાપની કરી શ્રદ્ધાંજલિ, ચરણમાં ધરી દુઃખદ ભાવથી ....સુવર્ણપુરીનાં....૬

***

## (૧૩૫) મૈ હૂં સ્વયં ભગવાન....

મૈં હૂં સ્વયં ભગવાન બતાયા કહાનગુરુ (૨)....
હો કહાનગુરુ વે મહાનગુરુ (૨).... મૈં હૂં સ્વયં ભગવાન....

સ્વર્ણપુરીકી પુણ્યધરા પર, (૨)
સમયસારકા પુષ્પ ખીલાયા,
મૈં હૂં ભૂલા ભગવાન બતાયા કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૧)

જિનશાસનકી ગૌરવ ગાથા, (૨)
ઈસ ભૂતલ પરથી દોહરાઈ,
ઉપકાર તુમ્હારા ભૂલ ન પાયે કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૨)

સમયસાર પર આપ સમર્પિત, (૨)
સમયસારમય જીવન પાયા,
અધ્યાત્મવાદકે મહા પ્રણેતા કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૩)

પ્રભુ અરહંતકે તુમ લઘુનંદન, (૨)
નિર્ગ્રંથોકા પથ અપનાયા,
હો સિદ્ધપુરીકે મુક્તિદૂત તુમ કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૪)

હમ ભૂલે થે નિજ વૈભવકો, (૨)
કુંદકુંદસે હમે મિલાયા,
દિવ્યદેશનાકે ઉદ્દ્ઘોષક કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૫)

હૈ વૈરાગ્ય દિવસ ગુરુવરકા, (૨)
ભક્તજનોમેં વિરહ વેદના,
હૈ ઉપકારી વંદન કહાનગુરુ .... મૈં હૂં સ્વયં ભગવાન.... (૬)

***

## (૧૩૬) ઉપકારી ગુરુકહાન....

જૈનધર્મકા અનુપમ ઝંડા, ભારતમેં ફહરાયા હૈ;
નિશ્ચયનયકા તત્ત્વ સભીકો, પૂજ્યપાદ ! બતલાયા હૈ;
કૈસે ભૂલે યાદ આપકી, તુમને હમેં જગાયા હૈ ....જૈનધર્મકા....(૧)

વિષયભોગમેં મસ્ત પડે હમ, તુમને જ્ઞાન કરાયા હૈ;
કુંદકુંદકે સેવક બનકર, પાવન પંથ બતલાયા હૈ;
કૈસે ભૂલેં યાદ આપકી, તુમને હમેં જગાયા હૈ ....જૈનધર્મકા....(૨)

જૈનધર્મકે તત્ત્વોંકો, ખોજ ખોજ સમજાયા હૈ;
ભેદભાવ સે ઉપર ઊઠકર, સમતાભાવ સિખાયા હૈ;
કૈસે ભૂલેં યાદ આપકી, તુમને હમેં જગાયા હૈ ....જૈનધર્મકા....(૩)

આત્મધર્મકો ધારણ કરકે, સત્યરૂપ દિખલાયા હૈ;
મિથ્યાત્વકા નાશ કરકે, મોક્ષમહલ પહૂંચાયા હૈ;
કૈસે ભૂલેં યાદ આપકી, તુમને હમેં જગાયા હૈ ....જૈનધર્મકા....(૪)

***

ગુરુ ! સૂર્ય સમ તેજ જગાવી ગયા,
તમે પતઝડમાં અંકુર વાવી ગયા;
ડગની દિશા અમારી પલટાવી ગયા,
તમે અંતરમાં હલચલ કરાવી ગયા....

***

## (૧૩૭) આચાર્યપદ આરોહણ....

વીર શાસનના કુંદમુનિ સંત,
આચાર્યદેવ સોહે સોહામણા ...

સીમંધર દેવના સાક્ષાત્ દર્શનના,
ઊછળ્યા અંતર મુનિ કુંદકુંદદેવના;
વિદેહી જિન ભેટંતા પૂરાય કોડ ...આચાર્યદેવ ...(૧)

જ્ઞાનસાગર ભરી ભરતે પધારીયા,
દિવ્ય ધ્વનિના ધોધ વરસાવીયા;
દીધા જ્ઞાનદર્શનના અણમૂલા દાન ...આચાર્યદેવ ...(૨)

અમ ભક્તોના ભાગ્ય જાગ્યા આજે,
કુંદકુંદ દેવને વંદન કરીએ;
તમે શાસન શિરોમણિ સંત ...આચાર્યદેવ ...(૩)

અખંડ ધારા વહે સમય પ્રાભૃતની,
કુંદકુંદ વાણીની મીઠી વીરડી;
જય જય હો કુંદકુંદદેવ ...આચાર્યદેવ ...(૪)

***

## (૧૩૮) વિદેહયાત્રિક શ્રી કુંદકુંદાચાર્ય....

જુગ જુગ ચમકે સત્ ધર્મકા તારા, સત્ ધર્મ પ્રસારો જગત દુલારા;
સત્ ધર્મ પ્રસરો જગહિતકારા, કુંદકુંદ પ્રભુ આનંદકારા....(૧)
મુમુક્ષુઓંકો પાવનકારા....(૧)

પદ્મનંદી પ્રભુ વિદેહ જાકર, દિવ્યધ્વનિકા નાદ સુનકર;
સ્વાનુભવામૃત પાન કરનારા, આચાર્યપદ-દિન આજ મનોહારા....(૨)
આચાર્યપદ-દિન આજ મંગલકારા....(૨)

અષ્ટ દિન પ્રભુ પાસમેં રહકર, શ્રુતકેવળીઓંકો પ્રત્યક્ષ મિલકર;
અષ્ટ દિન પ્રભુ પાસમેં રહકર, સંત-મુનિઓંકો પ્રત્યક્ષ મિલકર;
વહાંસે ભારતમેં વાપિસ આયે, આચાર્યપદ-દિન આજ મનોહારા....(૩)

પરંપરા અનુભવ આગમ પાકર, નિશ્ચય-વ્યવહારકી સંધિ મિલાકર;
પરમાગમકી કીની રચના ઉદારા, આચાર્યપદ-દિન આજ મનોહારા....(૪)
સમયસાર તુમને મુખ્ય બનાયા, આચાર્યપદ-દિન આજ મંગળકારા....(૪)

કુંદકુંદ મુનિ બોધ ન દેતે, સત્યમાર્ગ ભવિ કૈસે પાતે ?
ભરતકો આપકા અમિત ઉપકારા, આચાર્યપદ-દિન આજ મનોહારા.... (૫)

તીર્થંકર દેવ સમ કારજ કીનો, સ્વરૂપમેં પ્રભુ અતિશય લીનો;
સ્વીકારો અંજલિ પરમ દયાલા, આચાર્યપદ-દિન આજ મનોહારા....(૬)

ભગવાન કુંદકુંદકી પહિચાન કરાયે, ઉનકી રસીલી બાત સુનાયે;
કહાનગુરુકો કોટી વંદન હમારા, આચાર્યપદ-દિન આજ મનોહારા....(૭)

પદ્મનંદી પ્રભુકી પહિચાન કરાયે, ઉનકે શાસ્ત્રોંકા મર્મ બતાયે;
સદ્ગુરુદેવકું કોટી વંદન હમારા, આચાર્યપદ-દિન આજ મનોહારા....(૮)
આચાર્યપદ-દિન આજ આનંદકારા....(૮)
આચાર્યપદ-દિન આજ મંગળકારા....(૮)

***

## (૧૩૯) શાસન શિરોમણિ....

આજે મંગળકારી મહા સૂર્યોદય ઊગિયો રે,
ભવ્યજનોનાં હૈયે હર્ષાનંદ અપાર;
શ્રી કુંદકુંદપ્રભુજી શાસન શિરોમણિ થયાં રે ....આજે....૧

(સાખી)

શ્રી મહાવીર જિણંદના, કેડાયત કુંદનાથ;
વીરશાસનનો તું થાંભલો, થંભાવ્યો મુક્તિનો રાહ.

જેને આચાર્યની પદવી આજે શોભતી રે,
જેની જળહળ જ્યોતિ ઝળકે દશ દિશિમાંય;
જેને જોવાને ઇંદ્રોના ટોળાં ઊતર્યા રે ....આજે....૨

(સાખી)

શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, વિચરંતાં ભગવાન;
સીમંધર જિનનાથના, સાક્ષાત્ દર્શન કરનાર.

જેઓ જિનેશ્વરનાં દર્શનથી પાવન થયાં રે,
જેની આત્મશક્તિની કરવી શું વાત;
તેનાં ચરણોમાં મસ્તક મારું ઝૂકી પડે રે ....આજે....૩

(સાખી)

વનવાસી ઓ મુનિવરા ! આત્મધ્યાને મગ્ન;
આતમ સાધન સાધતાં, અહો દિગંબર સંત.

જેનાં પાદચરણને પૂજે સહુ નર નારીઓ રે,
જેની વાણી સુણવા આવે ચારે તીર્થ;
એવાં સંતોનાં ચરણની ઇચ્છું સેવના રે ....આજે....૪

કુંદહૃદયને ઓળખાવનાર ગુરુ કહાન છે રે,
જેનાં મુખ કમળથી વરસે અમૃતમેહ;
સુણવા ભક્તજનોના ટોળાં સ્વર્ણે ઊતરે રે, ....આજે....૫
એવાં સદ્‌ગુરુદેવની સેવક ઇચ્છે સેવના રે ....આજે....૫

***

## (૧૪૦) મંગલ આરાધના પર્વ....

(રાગ : મૈત્રી ભાવનું પવિત્ર.....)

આરાધના પર્વ ભક્તો ઊજવે, પાર્લાપુરી મોઝાર;
મંગલ અવસર ગુરુજી પ્રતાપે, મળ્યા છે સાચા સુકાન...

મંગલ પર્વ આરાધનાનું, પાર્લાપુરીમાં આજ;
ભાગ્ય ખીલ્યા છે ભવ્ય તણા, તમે મળ્યાં બાહુબલી મહાન...
કુંદકુંદદેવની ભક્તિ કરતાં, ઊછળે આનંદ અપાર...

ઉત્તમ ક્ષમાધર્મના ધારી, અહો ! મહા મુનિરાજ;
ચૈતન્યરસમાં લીન ગુરુવર, રહિત માનકષાય... (૧)

ધન્ય ધન્ય હે મહામુનિરાયા ! આર્જવધર્મ ધરનાર;
સત્યધર્મમાં ઝૂલતાં મુનિવર, દર્શન દ્યો સુખકાર... (૨)

શૌચધર્મની પવિત્રતા થઈ, નિજ આતમમાંય;
શૌચધર્મનો ગુંજારવ, કર્યો છે આતમ મોઝાર;
સંયમ કેરી અખંડધારા, વર્તે અંતરમાંય... (૩)
સંયમ કેરી અખંડધારા, વર્તે નિત્ય સદાય... (૩)

ઇચ્છા રહિત તપના ધારક, છૂટ્યો છે સંસાર;
ઇચ્છા રહિત તપના ધારક, વંદન ક્રોડો આજ;
ત્યાગમૂર્તિ વીતરાગી સંત, રહીએ સદા તુજ પાસ... (૪)

પરિગ્રહ રહિત આકિંચન્ય છો, અનંત ગુણ ભંડાર;
ઉત્તમ બ્રહ્મચર્યથી શોભિત, સાચા તારણહાર... (૫)

વીતરાગી ધારા છે આપની, કદાપિ નહીં ફરનાર;
સુપાત્ર જીવને પ્રેરણા દેતી, ખોલે આતમ દ્વાર... (૬)

તુજ ચરણોમાં વંદન કરીએ, સહુ મળી વારંવાર;
જય જય હોજો શિવપદ આરાધક, મુનિવર સંત મહાન... (૭)

***

## (૧૪૧) મંગલ અવસર....

આજનો દિવસ છે આનંદકારી...
આનંદકારી ને મંગલકારી....
મંગલકારી ને કલ્યાણકારી....
કલ્યાણકારી ને ઉત્તમકારી...
ઉત્તમકારી ને આનંદકારી... ...આજનો...૧

પર્યુષણ પર્વમાં આરાધના કરી, આરાધના કરી ને ઉપાસના કરી;
ઉપાસના કરી ને સાધના કરી, વીતરાગી સંતની સેવા કરી ...આજનો...૨

ક્રોધ રહિત ક્ષમાભાવ સાધ્યો, માન રહિત માર્દવને સાધ્યો;
માયા રહિત આર્જવ આરાધ્યો, જૂઠ રહિત સત્યને આરાધ્યો;
લોભ રહિત શૌચને ઉપાસ્યો, પ્રમાદ રહિત સંયમ ઉપાસ્યો;
ઇચ્છા રહિત તપધર્મ સાધ્યો, મમતા રહિત ત્યાગધર્મ સાધ્યો;
પરિગ્રહ રહિત આકિંચન્ય આરાધ્યો, પાપ રહિત બ્રહ્મચર્ય આરાધ્યો ...આજનો...૩

વીતરાગી મુનિરાજનું સ્મરણ કર્યું, સ્મરણ કર્યું ને યાદ કર્યાં;
યાદ કર્યાં ને ભક્તિ કરી, ભક્તિ કરી ને સ્તુતિ કરી;
ભાવલીંગી સંતને નમન કર્યું, નમન કર્યું ને વંદન કર્યું ...આજનો...૪

પ્રમત્ત-અપ્રમત્તમાં મુનિરાજ ઝૂલતાં, હાલતાં-ચાલતાં સિદ્ધ દેખાતાં;
ત્રણ-કષાય અભાવ થયાં, મુક્તિસુંદરીને વરવા ચાલ્યાં;
વન-જંગલમાં સંતો વિચરતાં, સિદ્ધો સાથે વાતો કરતાં;
ઉપસર્ગોને સહેજે જીતતાં, સ્વરૂપમાંહી ડૂબકી મારતાં;
મોક્ષમાર્ગમાં કેલી કરતાં, પરિષહથી જરા ન ડરતાં ...આજનો...૫

હે મુનિરાજ ! અમ આંગણે પધારો, ભક્તો સહુ વાટ જુએ છે;
આપનાં દર્શન ક્યારે થશે ? આહારદાન ક્યારે આપશું ?
આપનાં પંથે ક્યારે વિચરશું ? આપનાં જેવા ક્યારે થઈશું ?
આપની વાણી ક્યારે સુણશું ? આપનાં શાસ્રો ક્યારે વાંચશું ?
મારે આપના જેવા થવું છે, અપૂર્વ અવસર ક્યારે આવશે ...આજનો...૬

કહાનગુરુએ સંતોને ઓળખાવ્યાં, સંતોની વાણીનાં રહસ્ય ખોલ્યાં;
ભાવલીંગી સંતનાં હૃદય દેખાડ્યાં, સંતવાણીનાં મર્મ ઉકેલ્યાં;
સંતોનાં દાસાનુદાસ છે, જેમનાં હૃદયમાં મુનિરાજ વસે છે;
સંતોને નિરંતર સ્મરે છે, ગુરુવરના મન મંદિરે વસે છે ...આજનો...૭

ગુરુપ્રતાપે હવે અભ્યાસ કરશું, અભ્યાસ કરશું ને સ્વાધ્યાય કરશું;
સ્વાધ્યાય કરશું ને શાસ્ત્ર શ્રવણ કરશું, શ્રવણ કરશું ને ચિંતવન કરશું;
ચિંતવન કરશું ને મનન કરશું, મનન કરશું ને મંથન કરશું ...આજનો...૮

આત્મસ્વરૂપની આરાધના કરીને, જ્ઞાયકદેવનું મંથન કરીને;
હવે અમે સૌ સમકિત પામશું, સમકિત પામશું ને અનુભવ કરશું;
અનુભવ કરશું ને આનંદ લેશું, રાગાદિથી ભેદજ્ઞાન કરશું ...આજનો...૯

સ્વભાવમાં ઉગ્ર સ્થિરતા કરીને, અમે સહુ ચારિત્ર લઈશું;
ચારિત્ર લઈશું ને મુનિ થઈશું, મુનિ થઈશું ને નિર્ગ્રંથ થઈશું;
નિર્ગ્રંથ થઈશું ને વનમાં વિચરશું, પ્રચુર આનંદનું વેદન કરશું;
આનંદ વેદશું ને શ્રેણી માંડશું, શ્રેણી માંડશું ને કેવળ લઈશું;
કેવળ લઈશું ને અયોગી થઈશું, અયોગી થઈશું ને સિદ્ધપદ પામશું;
સાદિ-અનંત સુખમાં રહીશું, ભવભ્રમણના દુ:ખથી છૂટશું;
જન્મ-મરણના કલંકથી છૂટશું, સંસારથી છૂટશું ને મોક્ષ પામશું ...આજનો...૧૦

આ બધો ઉપકાર કહાન ગુરુવરનો, સાથે અમારા ભગવતી માતનો;
જય-જય હોજો ત્રિકાળ જય હો, સદાય નમન ત્રિકાળ વંદન;
તન-મન-ધન અર્પણ કરું, તોયે કદિ ન થાય પૂરું;
મનમાં ગુરુગુણ સ્મરણ હોજો, તનથી અષ્ટાંગે વંદન હોજો;
વચનમાં ગુરુમહિમા હોજો, ચરણકમળની સેવના હોજો;
નિશદિન ગુરુનું શરણ હોજો, હૃદયમાં ગુરુગુણનું રટણ હોજો ...આજનો...૧૧

ગુરુવરને ક્યારેય ન ભૂલજો, તેમનો ઉપકાર કદિ ન વિસરજો;
તેમની આજ્ઞા શિરોમાન્ય કરજો, ગુરુવાણીને અંતરમાં ઉતારજો;
ભવભવ ગુરુનું સાન્નિધ્ય હોજો, પરમ ઉપકાર કહાન ગુરુનો;
કહાન ગુરુજી અહીંયાં પધારો, સાક્ષાત્ દર્શન અમને આપો;
તુજ દર્શનને નિત્ય ઝંખું, સેવા-ભક્તિ નિશદિન યાચું ...આજનો...૧૨

***

## (૧૪૨) દસ લક્ષણ પર્વ....

(રાગ : ધ્યાવો ધ્યાવો હે ભક્તજનો સૌ....)

આવ્યો....આવ્યો.... આ દશ લક્ષણ મંગલ પર્વ આજ ....

શાશ્વત પર્વ શાશ્વત પદ દે, મહિમા અપરંપાર;
આવો સહુ મળી મહોત્સવ કરીએ, (૨) આતમ પાવન થાય ....આવ્યો....(૧)

દેવ-શાસ્ત્ર-ગુરુ આંગણે બિરાજે, સાન્નિધ્ય હિતકાર;
વંદન, પૂજન, ભક્તિ સાથે, (૨) ગુરુવાણી સુણીએ સદાય ....આવ્યો....(૨)

સમકિત સહિત ઉત્તમ <u>ક્ષમા</u>, ક્રોધ નહીં કદી ક્યાંય;
માન રહિત <u>માર્દવ</u> ધર્મ, (૨) સંયોગના શા અભિમાન ....આવ્યો....(૩)

સહજ સરળ આતમ <u>આર્જવ</u>, માયા-કપટનું શું કામ ?
<u>સત્</u> સ્વરૂપની વિપરીત શ્રદ્ધા, (૨) મહા અસત્ય મિથ્યાત ....આવ્યો....(૪)

પૂર્ણ પવિત્ર <u>શૌચ</u> આતમ, લોભ-તૃષ્ણા મલિન ભાવ;
પરિણતિને <u>સંયમ</u>માં રાખવી, (૨) જરાય પ્રમાદ ન થાય ....આવ્યો....(૫)

અંતર બાહ્ય ઈચ્છા રહિત, <u>તપ</u> ધારક છે મુનિરાજ;
મમતા રહિત જ્ઞાન ભાવ છે, (૨) સાચો ઉત્તમ <u>ત્યાગ</u> ....આવ્યો....(૬)

સમસ્ત પરિગ્રહ રહિત મુનીશ્વર, <u>આકિંચન્ય</u> ધરનાર;
<u>બ્રહ્મસ્વરૂપ</u> આતમમાં રમવું, (૨) છોડી અશુદ્ધ વિભાવ ....આવ્યો....(૭)

ચારિત્ર ધર્મ દશ લક્ષણ, મુનિવર ઝૂલે નિજમાંય;
ક્યારે હું દર્શન પામું, (૨) અંતર કરે પોકાર ....આવ્યો....(૮)

<u>રત્નત્રય</u> આરાધના કરું, છૂટે સઘળો સંસાર;
દોષ-અપરાધ <u>ક્ષમા</u> કરજો, (૨) વિનવે બાળ તુજ પાસ ....આવ્યો....(૯)

***

## (૧૪૩) ક્ષમાપના....

ક્ષમા કરજો, ક્ષમા કરજો, ક્ષમા કરજો રે;
અપરાધ કંઈ પણ જે થયા, ક્ષમા કરજો રે...

વીતરાગી દેવનું શરણ ને, જિનવાણીનું શ્રવણ;
મુનિરાજનું હો સ્મરણ, તો કેમ થાય ભવભ્રમણ... ક્ષમા કરજો... (૧)

આતમજ્ઞાન દાતા ગુરુવર, અમારા કહાન;
સમયસાર સમજાવી, ઉતાર્યાં ભવથી પાર... ક્ષમા કરજો... (૨)

અનુપમ ભાગ્યે મળ્યા, આ કાળે ભગવતી માત;
વૈરાગ્ય ગુણ ગંભીરા, ક્ષમા તણા ભંડાર... ક્ષમા કરજો... (૩)

સ્વરૂપ સાધક ધર્માત્મા, કદી ન જીવનમાં ભૂલાય;
નિશ્રા સદાય અમને હો, એ માગુ તુજ પાસ... ક્ષમા કરજો... (૪)

આતમ આરાધના ને, સ્વભાવની સાધના;
ઉલ્લસિત ભાવે કરીને, પહોંચીએ મોક્ષ દ્વાર... ક્ષમા કરજો... (૫)

શ્રદ્ધામાં હો દ્રઢતા ને, જ્ઞાનમાં હો વિવેક;
ચારિત્રમાં સ્થિરતા લાવીને, રચીએ નિર્મળ ભાવ... ક્ષમા કરજો... (૬)

સાધર્મી સહુ આત્માર્થી, ધરજો ક્ષમા ભાવ;
જાણ્યે-અજાણ્યે દોષની, દેજો ક્ષમા આજ... ક્ષમા કરજો... (૭)

***

## (૧૪૪) ગુરુવાણી....

(રાગ : ચારણી છંદ)

ચૈતન્યમધુરમ્, જ્ઞાનમધુરમ્, શ્રદ્ધા મધુરમ્ વદનારમ્,
ચારિત્રમધુરમ્, વીર્યમધુરમ્, ભાવમધુરમ્ સુખકારમ્;
શક્તિ અપારમ્, વ્યક્તિ અપારમ્, ભક્તિ અપારમ્ જગમાંહી,
ગુરુ કહાનવાણી, જાઉં બલિહારી, પ્રભુ વસો અંતરમાંહી ....૧

સદા નિશંકમ્, કાંક્ષા રહિતમ્, નિર્વિચિકિત્સમ્ નિરમૂઢમ્,
ઉપબૃહણમ્, સ્થિતિકરણમ્, વાત્સલ્યયુક્તમ્ પ્રભાવકરણમ્;
અષ્ટગુણધારમ્, સમ્યક્ શ્રદ્ધાનમ્, જ્ઞાયકભાવમ્ દૃગમાંહી,
ગુરુ કહાનવાણી, જાઉં બલિહારી, પ્રભુ વસો અંતરમાંહી ....૨

શ્રુતજ્ઞાન સરસે, શ્રોતા તરસે, અમીરસ વરસે અંદરસે,
ન્યાય વિસ્તરશે, મહિમા ઉલ્લસે, અંતર સ્પર્શે કુંદનસે;
ગુણગાન ગાશે, રોજ સમરસે, પ્રભુજી મળશે ક્ષણમાહીં,
ગુરુ કહાનવાણી, જાઉં બલિહારી, પ્રભુ વસો અંતરમાંહી ....૩

પર્યુષણ ઉજવ્યા, પર્વ આ મળીયા, કારજ સરિયા ભવ ફળ્યાં,
અવસર આવ્યા, ધર્મ આરાધ્યા, વૈરાગ્ય વધ્યા, ભવિ તરીયા;
ક્ષમા હું યાચું, ક્રોધ ન વાંછું, ભક્તિમાં રાચું મનમાંહી,
ગુરુ કહાનવાણી, જાઉં બલિહારી, પ્રભુ વસો અંતરમાંહી ....૪

***

## (૧૪૫) ઉપકારી ધર્માત્મા.... (ક્ષમાપના....)

ઉપકારી ધર્માત્મા જય હોજો, આપની કરુણાનો નહીં પાર... ઉપકારી ...(૧)

અમ આંગણે અહો ! બિરાજીયા રે, અમને પાવન કર્યાં છે આજ... ઉપકારી ...(૨)

ભેદજ્ઞાન ધારાએ શોભતા રે, સ્વરૂપ સાધના દિન ને રાત... ઉપકારી ...(૩)

તુજ વાણી અમૃતની ધારા રે, ભવ્યોને બતાવે મોક્ષ રાહ... ઉપકારી ...(૪)

અનંત ગુણ સાગર અપાર છો રે, તે કેમ કરીને ગવાય... ઉપકારી ...(૫)

તુજ પગલે પગલે સહુ ચાલીએ રે, અલ્પ કાળે પહોંચીએ તુજ પાસ... ઉપકારી ...(૬)

મીઠાં અંતરના આશિષ આપજો રે, ભક્તો મળીને કરે કલ્યાણ... ઉપકારી ...(૭)

દોષ અપરાધ કંઈપણ જે થયા રે, કરજો ક્ષમા જાણી અલ્પ બાળ... ઉપકારી ...(૮)

***

## (૧૪૬) વીર જન્મકલ્યાણક ગુરુ પરિવર્તન....

(રાગ : સુરપતિ લે અપને શીશ....)

રાજા સિદ્ધાર્થ ઘર, કુંડલ નગર;
જન્મે "મહાવીરા", વે તો ધીર-વીર-ગંભીરા .... (ટેક)

ઇન્દ્ર દેવ વહાં જા કરકે, બાલકકો મેરુ લા કરકે;
ક્ષીરોદધિ જલસે અભિષેક કીના, વે તો આતમરસમેં ભીના .... રાજા ...(૧)

સુરપતિને ભક્તિસે સ્તુતિ કીના, પ્રભુ નિજ ધ્યાનમેં રહે લીના;
સુરેશને તાંડવ નૃત્ય ફિર હૈ કિના, "સન્મતિ" ધારણ કરે "વીરા" .... રાજા ...(૨)

સુનો ગાથા ચૈત્ર સુદ તેરસકી, જિસ દિન જન્મે પ્રભુ "વીર અતિ";
ઉસ દિન ગુરુવરને પરિવર્તન હૈ કીના, ઔર ભાવ જન્મ હે લીના .... રાજા ...(૩)

શુદ્ધાતમ દિખલાનેવાલે, સમયસાર ધરનેવાલે;
સ્ટાર ઓફ ઇન્ડિયામેં પરિવર્તન હૈ કીના, ધન ધન મેરે ગુરુદેવા .... રાજા ...(૪)

ચિત્રપટ થા પારસ પ્રભુકા, જો સાક્ષી હૈ પરિવર્તનકા;
હે ગુરુ ! હમકો રખના તેરે ચરણા, હમે મોક્ષપુરી પહુંચાના ....
હે માત ! હમકો રખના તેરે શરણા, હમે મોક્ષપુરી પહુંચાના .... રાજા ...(૫)

જય જય મેરે "વર્ધમાના", જય જય મેરે ગુરુદેવા ....
જય જય મેરે "વર્ધમાના", જય જય મેરે ગુરુદેવા ....

***

## (૧૪૭) ભરતભૂમિમાં પધરામણી....

(રાગ : મારા મંદિરિયામાં ત્રિશલાનંદ...)

આજે ભરતભૂમિમાં સોનાસૂરજ ઊગિયો રે ...
મારા અંતરિયે આનંદ અહો ! ઊભરાય,
શાસન-ઉદ્ધારક ગુરુ જન્મદિવસ છે આજનો રે ...
ગુરુવર ગુણમહિમાને ગગને દેવો ગાય,
વિધવિધ રત્નોથી વધાવું હું ગુરુરાજને રે ... આજે... (૧)

[સાખી]

ઉમરાળામાં જનમીયા, ઉજમબાકૂખનંદ;
કહાન તારું નામ છે, જગ-ઉપકારી સંત.

માત-પિતા-કુળ-જાત સુધન્ય અહો ! ગુરુરાજનાં રે ...
જેને આંગણ જન્મ્યા પરમ પ્રતાપી કહાન,
જેને પારણિયેથી લગની નિજકલ્યાણની રે ... આજે... (૨)

[સાખી]

શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ;
જાગ્યા આતમશક્તિના, ભણકારા સ્વયમેવ.

પરમ પ્રતાપી ગુરુએ અપૂર્વ સત્‌ને શોધિયું રે ...
ભગવત્ કુંદ ઋષીશ્વર ચરણ-ઉપાસક સંત,
અદ્‌ભુત ધર્મધુરંધર ધોરી ભરતે જાગિયા રે ... આજે... (૩)

[સાખી]

વૈરાગી ધીર વીર ને, અંતરમાંહી ઉદાસ;
ત્યાગ ગ્રહ્યો નિર્વેદથી, તજી તનડાની આશ.

વંદું સત્યગવેષક ગુણવંતા ગુરુરાજને રે ...
જેને અંતર ઉલસ્યાં આત્મ તણાં નિધાન,
અનુપમ જ્ઞાન તણાં અવતાર પધાર્યાં આંગણે રે ... આજે... (૪)

[સાખી]

જ્ઞાનભાનુ પ્રકાશિયો, ઝળક્યો ભરત મોઝાર;
સાગર અનુભવ જ્ઞાનનો, રેલાવ્યો ગુરુરાજ.

મહિમા તુજ ગુણનો હું શું કહું મુખથી સાહિબા રે ...
દુષમ કાળે વરસ્યો અમૃતનો વરસાદ,
જયજયકાર જગતમાં કહાનગુરુનો ગાજતો રે ... આજે... (૫)

[સાખી]

અધ્યાતમના રાજવી, તારણતરણ જહાજ;
શિવમારગને સાધીને, કીધાં આતમ કાજ.

તારા જન્મે તો હલાવ્યું આખા હિન્દને રે ...
પંચમકાળે તારો અજોડ છે અવતાર,
સારા ભરતે મહિમા અખંડ તુજ વ્યાપી રહ્યો રે ... આજે... (૬)

[સાખી]

સદ્દ્રષ્ટિ, સ્વાનુભૂતિ, પરિણતિ મંગલકાર;
સત્યપંથ પ્રકાશતાં, વાણી અમીરસધાર.

ગુરુવર-વદનકમળથી ચૈતન્યરસ વરસી રહ્યાં રે ...
જેમાં છાંઈ રહ્યાં છે મુક્તિ કેરા માર્ગ,
એવી દિવ્ય વિભૂતિ ગુરુજી અહો ! અમ આંગણે રે ... આજે... (૭)

[સાખી]

શાસનનાયક વીરનાં, નંદન રૂડાં કહાન;
ઊછળ્યા સાગર શ્રુતના, ગુરુ આતમ મોઝાર.

પૂર્વે સીમંધર જિન-ભક્ત સુમંગલ રાજવી રે ...
ભરતે જ્ઞાની અલૌકિક ગુણધારી ભડવીર,
શાસન સંતશિરોમણિ સ્વર્ણપુરે બિરાજતા રે ... આજે... (૮)

[સાખી]

સેવા પદપંકજ તણી, નિત્ય ચહું ગુરુરાજ !
તારી શીતળ છાંયમાં, કરીયે આતમકાજ.

તારા જન્મે ગગને દેવદુંદુભિ વાગિયા રે ...
તારા ગુણગણનો મહિમા છે અપરંપાર,
ગુરુજી રત્નચિંતામણિ શિવસુખના દાતાર છો રે ... આજે... (૯)
તારાં પુનિત ચરણથી અવની આજે શોભતી રે .... આજે... (૯)

***

## (૧૪૮) ભક્તભાવના....

આજનો દિવસ છે આનંદકારી....
આનંદકારી ને મંગલકારી....
મંગલકારી ને ઉત્તમકારી....
ઉત્તમકારી ને કલ્યાણકારી.... આજનો...(૧)

કહાન ગુરુદેવ આજે જન્મ્યાં,
પાવન પગલાં ભરતમાં થયાં,
વિદેહધામથી ભરતે પધાર્યાં,
અજોડ રત્ન ગુરુદેવ આવ્યાં,
સીમંધર પ્રભુની વાણી લાવ્યાં ...આજનો...(૨)

ધન્ય ધન્ય ઉજમબા માતને,
ધન્ય ધન્ય મોતીચંદ તાતને,
ધન્ય ધન્ય ઉમરાળા ગામને,
અમ ભક્તોના ભાગ્ય ખીલ્યા છે,
અમ આંગણીયે કલ્પવૃક્ષ ખીલ્યા ...આજનો...(૩)

અમૃતવાણીનાં ધોધ વહાવ્યાં,
સમયસારનાં રહસ્ય ખોલ્યાં,
જિનવાણીનાં મર્મ ઉકેલ્યાં,
આચાર્યોનાં હ્રદય બતાવ્યાં,
ખોબે ખોબે અમીરસ પીરસ્યાં ...આજનો...(૪)

ગુરુવાણીને અમે સુણશું,
ગુરુવાણીનું શ્રવણ કરશું,
ગુરુવાણીનું મનન કરશું,
મનન કરીને ચિંતવન કરશું,
અનુભવ લઈશું ને સમકિત પામશું ...આજનો...(૫)

સમકિત પામશું ને ચારિત્ર લઈશું,
ચારિત્ર લઈશું ને શ્રેણી માંડશું,
શ્રેણી માંડશું ને કેવળ લઈશું,
કેવળ લઈશું ને સિદ્ધ થઈશું,
સિદ્ધ થઈને પૂર્ણાનંદમાં રમશું ...આજનો...(૬)

***

## (૧૪૯) જ્ઞાનવાજાં....

વાગે છે જ્ઞાનવાજાં, ગુરુરાજનાં મંદિરીયે
ગુરુરાજનાં મંદિરીયે, સ્વાધ્યાય સુમંદિરીયે ... વાગે છે જ્ઞાનવાજાં...૧

પ્રભુ સુવર્ણપુરીમાંહી, અચિંત્ય જ્ઞાન ખીલવી ;
સૂક્ષ્મ ન્યાયો પ્રકાશી, જ્ઞાનજ્યોતિને જગાવી ...વાગે છે જ્ઞાનવાજાં...૨

મુખથી છૂટે છે ધ્વનિ, અમૃત સમી એ વાણી ;
સુણતાં આનંદ થાયે, હૃદય વિકસિત થાયે ... વાગે છે જ્ઞાનવાજાં...૩

દિવ્યધ્વનિનો નાદ છૂટ્યો, ચારે દિશાએ પ્રસર્યો ;
મહિમા કરું શી તેરી ? અલ્પ મતિ છે મેરી ... વાગે છે જ્ઞાનવાજાં...૪

શ્રી તીર્થધામ માંહી, જયકાર નાદ ગાજે ;
અનુભવ પ્રકાશી આજે, સત્ વસ્તુને બતાવે ... વાગે છે જ્ઞાનવાજાં...૫

શુદ્ધજ્ઞાન જ્ઞાતા માંહી, શ્રદ્ધા પ્રતીત કરાવે ;
અકર્તાપણું છે તારું, એ વાતને મલાવે ... વાગે છે જ્ઞાનવાજાં...૬

ભગવાન કુંદકુંદનું, શાસન વર્તે છે જયવંત ;
તુજ કુળને દિપાવ્યું, ગુરુ કહાનદેવ વિજયવંત ... વાગે છે જ્ઞાનવાજાં...૭

જગતશિરોમણિ છો, જગપૂજ્ય વંદનીક છો ;
વીતરાગદેવ વીરનાં, ગુરુ આપ લઘુનંદન છો ... વાગે છે જ્ઞાનવાજાં...૮

ઈન્દ્રો અને નરેન્દ્રો, માંહો માંહે વાત કરતા ;
આ ભરતક્ષેત્ર માંહી, એ વીર કોણ જાગ્યો ? ... વાગે છે જ્ઞાનવાજાં...૯

ચાલો સહુ મળીને, સુવર્ણપુરી જઈએ ;
જ્ઞાયકસ્વરૂપ સુણીને, જીવન કૃતાર્થ કરીએ ... વાગે છે જ્ઞાનવાજાં...૧૦

ભક્તિ કરવાને તારી, શરણે આવ્યો હું વારી ;
દીનહાથ ગ્રહો કૃપાળુ, મુજ રંકને ઉગારી ... વાગે છે જ્ઞાનવાજાં...૧૧

***

## (૧૫૦) ધરસેન આચાર્ય....

(રાગ : દેદી હમેં આઝાદી....)

જય હો જય, ધરસેન આચાર્ય ....
જય હો જય, પુષ્પદંત આચાર્ય ....
જય હો જય, ભૂતબલી આચાર્ય ....

આચાર્ય ધરસેનને દેખા નિજ આયુ થોડી,
દૂસરેકો ન દિયા તો જ્ઞાન રહેગા નહિ;
આચાર્યદેવકો બચાના થા અંગ જ્ઞાન,
જિસ અંગ જ્ઞાનસે હો ભવ્યોંકા કલ્યાણ .... જય હો જય...(૧)

દક્ષિણકે મુનિસંઘકો દિયા એક સંદેશ,
મુનિસંઘને ભેજ દિયે દો મુનિ વિશેષ;
ધરસેનસ્વામીકે સપનેમેં આયે દો બેલ,
જાના કિ દો સમર્થ ઋષિઓકા હોગા મેલ .... જય હો જય...(૨)

દો મુનિવર આયે ગિરનાર એક સંગ,
પરીક્ષા હેતુ આચાર્યને દિયા ઈક મંત્ર;
માત્રા એકમેંથી અધિક દુજેમેં કમ,
કહા, કરો સાધના ઇસ મંત્રકી અબ ....જય હો જય.... (૩)

દેવીયાં પ્રગટી દો, એકકે થે બડે દંત,
દૂસરી દેવીકે નેત્રમેં થા કલંક;
મંત્રકો સહી કિયા ઉન્હોંને અપને આપ,
દેવીયાં પ્રગટી નિષ્કલંક ઉસકે બાદ ....જય હો જય.... (૪)

પાત્ર જાનકે દિયા અંગ જ્ઞાન દાન,
અહો ! ધરસેનસ્વામીકા હૈ પરમ ઉપકાર;
પુષ્પદંત ભૂતબલી દેવને લિખા આગમ,
અંકલેશ્વરમેં પૂર્ણ હુઆ ષટ્ખંડાગમ ....જય હો જય.... (૫)

દિન થા જેષ્ઠ શુક્લ પંચમી સુખકાર,
જિસ દિન પ્રથમ શ્રુતસ્કંધ હુઆ થા સમાપ્ત;
દેવ-મનુષ્ય મિલકર મનાયા મહોત્સવ,
પુષ્પદંત ભૂતબલી ! કરતે હૈ વંદન ....જય હો જય.... (૬)

***

## (૧૫૧) ઉપસર્ગ વિજેતા ઉત્કૃષ્ટ સાધક....

(રાગ : ઐસે મુનિવર દેખે વનમેં)

ઐસે અકંપન દેખે ગજપુરમેં,
સપ્ત સેંકડા મુનિ ગજપુરમેં,
જાકે રાગ-દ્વેષ નહીં તનમેં... ઐસે...(૧)
જાકે રાગ-દ્વેષ નહીં મનમેં... ઐસે...(૧)
જાકે ખેદ-દ્વેષ નહીં ઉપસર્ગમેં... ઐસે...(૧)

બલિ રાજાને ઉપસર્ગ રચાયા,
ચારોં ઔર ધુંઆ હી છાયા,
વે તો મગન રહે ધ્યાનનમેં... ઐસે...(૨)

ચારોં ઔર ફૈલી અગ્નિ મહા,
મેરૂ સમાન સ્થિર સ્વરૂપમેં,
કિંચિત્ ભય નહીં પરિણતિમેં... ઐસે...(૩)

ચાહે સ્તુતિ હો ચાહે નિંદા,
ચાહે સન્માન યા ઉપસર્ગ,
ચાહે સાતા-અસાતા ઉદય,
ક્ષણ-ક્ષણમેં સ્વરૂપ સ્થિરતા... ઐસે...(૪)
વે તો રહે જ્ઞાતા-દ્રષ્ટા... ઐસે...(૪)

ખબર પહુંચી વિષ્ણુ મહા મુનિવર,
વાત્સલ્ય જાગા અંતર હૃદય,
આયે બલિ પાસ બ્રાહ્મણ બનકર,
તીન ડગ ભૂમિ માંગી પૃથ્વી પર,
બલિને દે દી ભૂમિ તીન ડગ... ઐસે...(૫)

વિક્રિયા કર સબ ભૂમિ લીની,
બલિને સ્વીકારી અપની ભૂલી,
ઉસને ક્ષમા તબ માંગી... ઐસે...(૬)

તત્કાલ દૂર હુઆ ઉપસર્ગ,
હુઈ રક્ષા મુનિવરકી અપૂર્વ,
જય જયકાર ધ્વનિ ગજપુરમેં... ઐસે...(૭)
ધન્ય ધન્ય મુનિ રક્ષા દિન... ઐસે...(૭)

આહારદાન દિયા મુનિવરકો,
ધન્ય બને શ્રાવક ગજપુરકે... ઐસે...(૮)

ધન્ય ધન્ય અકંપન આચાર્ય,
ધન્ય સપ્ત સેંકડા મુનિવર,
ધન્ય વિષ્ણુકુમાર મુનિરાજ,
ધન્ય ધન્ય મુનિરક્ષા દિન... ઐસે...(૯)

ઐસે ઉપસર્ગ વિજેતા અકંપનજી,
ધીર-વીર સપ્ત સેંકડા મુનિવરજી,
વાત્સલ્ય મૂર્તિ વિષ્ણુકુમારજી,
દેત ઢોક સદા ચરણનમેં... ઐસે...(૧૦)
અખંડ સાધના હો મેરે જીવનમેં... ઐસે...(૧૦)

***

## (૧૫૨) મહાવીર પ્રભુના સૌ સંતાન....

૧ મહાવીર પ્રભુના સૌ સંતાન, છે તૈયાર.... છે તૈયાર....
૨ જિનશાસનની સેવા કરવા, છે તૈયાર.... છે તૈયાર....
૩ સિદ્ધપદનું સ્વરાજ લેવા, છે તૈયાર.... છે તૈયાર....
૪ અરિહંત પ્રભુની સેવા કરવા, છે તૈયાર.... છે તૈયાર....
૫ જૈનધરમના શાસ્ત્રો ભણવા, છે તૈયાર.... છે તૈયાર....
૬ જ્ઞાયકનો પુરુષાર્થ કરવા, છે તૈયાર.... છે તૈયાર....
૭ સમ્યક્દર્શન પ્રાપ્ત કરવા, છે તૈયાર.... છે તૈયાર....
૮ સમ્યક્જ્ઞાન જ્યોત જગાવવા, છે તૈયાર.... છે તૈયાર....
૯ સમ્યક્ચારિત્ર પ્રાપ્ત કરવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૦ આત્મધ્યાનની ધૂન લગાવવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૧ મોહશત્રુને જીતી લેવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૨ વીતરાગી નિર્મોહી થાવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૩ વીરના માર્ગે દોડી જાવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૪ મોક્ષના દરવાજા ખોલવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૫ સંસારસાગર પાર ઉતરવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૬ સિદ્ધપ્રભુની સાથે રહેવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૭ જ્ઞાની ગુરુની સેવા કરવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૮ તીર્થધામની યાત્રા કરવા, છે તૈયાર.... છે તૈયાર....
૧૯ શાસન માટે જીવન દેવા, છે તૈયાર.... છે તૈયાર....

***

## (૧૫૩) મહાવીર સિદ્ધ ભગવાન... (વીરનિર્વાણ-ભક્તિ)

આજે મારા વીર પ્રભુ... આજે મહાવીર પ્રભુ ...
સિદ્ધપદ પામ્યા પ્રભુ... મોક્ષપદ પામ્યા પ્રભુ ...(૨)

તમે ત્રિશલાના નંદ, તોડ્યા ભવ કેરા ફંદ;
પામી આનંદકંદ, પામ્યા પરમાનંદ ...(૨)... આજે...(૧)

કારતક વદ અમાસ, હતો જગમાં અંધકાર;
પામ્યા પદ નિર્વાણ, કર્યો આતમ પ્રકાશ ...(૨)... આજે...(૨)

હતા ત્રિલોકી નાથ, આજે સિદ્ધ ભગવાન;
પહોંચ્યા લોકાગ્રે, થયા નિકલ ભગવાન ...(૨)... આજે...(૩)
પહોંચ્યા લોકાગ્રે, થઈ અશરીરી મહાન ...(૨)... આજે...(૩)

ખિરતી દિવ્યધ્વનિ, થતાં મંગલ વિહાર;
અમને છોડી, ચાલ્યા ગયા મોક્ષદ્વાર ...(૨)... આજે...(૪)

ભક્તો સાદ કરે, મંદિરે યાદ કરે;
પાવાપુરે સાદ કરે, ભક્તો યાદ કરે;
વંદન પૂજન કરે, ભક્તિભાવ કરે;
શું કહીએ ! પ્રભુ મૂકીને ચાલ્યા ગયા ...(૨)... આજે...(૫)

હે વીર ! વિરહા પડ્યા, ભવ્યો વિહ્‌વળ બન્યા;
જાગ્યા અનુપમ સંત, શાસન ઉજ્જ્વળ કર્યાં ...(૨)... આજે...(૬)
જાગ્યા અનુપમ સંત, શાસન શોભાવ્યા ...(૨)... આજે...(૬)

નાથ ! વિરહા પડ્યા, પ્રભુ મુક્તિ પહોંચ્યા;
હું આવી રહ્યો છું, વીર ! તુજ પાસ ...(૨)... આજે... (૭)

મારા આતમ આધાર, છો તારણહાર;
તારો જગમાં ગાજે છે, જયજયકાર ...(૨)... આજે...(૮)

ગૌતમ કેવળી થયા, બન્યા આજે ભગવાન;
વીતરાગ વાણી વહાવી, આત્મ હિતકાર ...(૨)... આજે...(૯)
વીતરાગ વાણી વહાવી, કર્યાં કલ્યાણ ...(૨)... આજે...(૯)

કુંદામૃત કહાન પાક્યા, જીવો સહુ જાગ્યા;
કર્યો અનંત ઉપકાર, વંદન વારંવાર ...(૨)... આજે...(૧૦)

સદા જય જય થજો, મહાવીર પ્રભુ;
સદા જય જય થજો, અતિવીર પ્રભુ;
સદા જય જય થજો, વ્હાલા વીર પ્રભુ;
સદા જય જય થજો, સન્મતિ પ્રભુ;
સદા જય જય થજો, વર્ધમાન પ્રભુ;
તુજ શાસનમાં પામીએ, આતમજ્ઞાન ...(૨)... આજે...(૧૧)

***

## (૧૫૪) વીર નિર્વાણ ભક્તિ....

(રાગ : આવો આવો હે આદિ જિનેશ્વર....)

વીર પ્રભુજી ! નિર્વાણપદને પામ્યાં છે આજ ....

સિદ્ધાર્થ પિતા ત્રિશલા માતા, જન્મ કુંડલપુર ધામ;
ત્રીસ વર્ષ કુમાર વય, (૨) બન્યા ધન્ય મુનિરાજ ....વીર પ્રભુજી....૧

બાર વર્ષની ઉત્તમ સાધના, કર્યો ઘાતિનો ઘાત;
ભરતભૂમિમાં મંગલ વિહાર, (૨) વરસી વાણી અપાર ....વીર પ્રભુજી....૨

પાવાપુરીમાં પ્રભુજી બિરાજ્યાં, થયો યોગ નિરોધ;
સમશ્રેણીએ લોકાગ્રે પહોંચ્યાં, (૨) અશરીરી ભગવાન ....વીર પ્રભુજી....૩

કાર્તિક કૃષ્ણા ચતુર્દશી, જગમાં રાત્રિ અંધકાર;
આત્મપ્રદેશે સિદ્ધપ્રકાશ, (૨) ભક્તો ઊજવે દીપમાળ ....વીર પ્રભુજી....૪

કેવળી પ્રભુના વિરહા પડ્યા, દર્શન મળે ન ક્યાંય;
ભવ્ય જીવોના સદ્‌ભાગ્ય હતા, (૨) ગૌતમ કેવળજ્ઞાન ....વીર પ્રભુજી....૫

હે વીર ! તુજ શાસનમાં થયા, કેવળી શ્રુતવંત સંત;
માર્ગની ધારા અખંડ વહી, (૨) અહો ! તુજ પ્રભાવ ....વીર પ્રભુજી.... ૬

આત્માનુભવી ધર્માત્મા જાગ્યા, કરી જ્ઞાનની લ્હાણ;
અજ્ઞાન પડળ દૂર થઈ, (૨) ઝળહળે શાસન પ્રતાપ ....વીર પ્રભુજી....૭

નિર્વાણ મહોત્સવ આજે આવ્યો, હૈયા ઊછળી જાય;
જયવંત વર્તો સન્મતિદેવા, (૨) કરીએ તુજને યાદ ....વીર પ્રભુજી.... ૮

અનંત સુખમાં આપ બિરાજો, અમને ભવ સંસાર;
મહાવીરજીને અંતરમાં સ્થાપું, (૨) પરિણતિ હો વર્ધમાન ....વીર પ્રભુજી.... ૯

***

## (૧૫૫) સુવર્ણપુરી આગમન....

(રાગ : વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યાં રે...

આજે સોનેરી મંગળ દિન ઊગ્યો રે,
આવો રે સૌ ભક્તો ગુરુગુણ ગાવો રે. ...
આજે ગુરુજી મારા સ્વર્ણે પધાર્યાં રે,
સુવર્ણપુરીમાં આજે આનંદ છવાયા રે. ...આજે... (૧)

યાત્રા કરીને આજે ગુરુજી પધાર્યાં;
સુવર્ણપુરીના સંત સ્વર્ણે બિરાજ્યા (પધાર્યાં);
સુવર્ણપુરીમાં આજે ફૂલડાં પધરાવો રે ...આજે... (૨)
અંતરમાં આનંદના દીવડા પ્રગટાવો રે ...આજે... (૨)
ઘર ઘરમાં આજે દીવડા પ્રગટાવો રે ...આજે... (૨)

આવો પધારો ગુરુજી અમ આંગણિયે;
આવો બિરાજો ગુરુજી અમ મંદિરિયે;
માણેક-મોતીના સાથિયા પુરાવું રે ...આજે... (૩)
વિધવિધ રત્નોથી ગુરુને વધાવું રે ...આજે... (૩)

ભારત ભૂમિમાં ગુરુજી પધાર્યાં;
નગર નગરમાં ગુરુજી પધાર્યાં;
તારણહારી વાણીથી હિન્દ આખું ડોલે રે ...આજે... (૪)
ગુરુજીનો મહિમા ભારતમાં ગાજે રે ...આજે... (૪)
ભવ્ય જીવોનો આતમ જાગે રે ...આજે... (૪)

સમ્મેદ શિખરની યાત્રા કરીને;
શાશ્વત ધામની વંદના કરીને;
ભારતમાં ધર્મધ્વજ લહેરાવ્યા રે, ...આજે... (૫)
પગલે પગલે તુજ આનંદ વરસ્યા રે ...આજે... (૫)

સીમંધર સભાના રાજપુત્ર વિદેહે;
સત્ધર્મ પ્રવર્તક સંત ભરતે;
પરમ પ્રતાપવંતા ગુરુજી પધાર્યાં રે ...આજે... (૬)
ભવ ભવના પ્રતાપશાળી ગુરુજી પધાર્યાં રે ...આજે... (૬)
ચૈતન્યધર્મના આંબા અહો ! રોપ્યા રે ...આજે... (૬)
નગર નગરમાં ફાલ રૂડા ફાલ્યા રે ...આજે... (૬)

નગરે નગરે જિનમંદિર સ્થપાયાં;
ગુરુજી પ્રતાપે કલ્યાણક ઊજવાયાં;
અનુપમ વાણીનાં અમૃત વરસ્યા રે ...આજે... (૭)
ભવ્ય જીવોનાં અંતર ઉજાળ્યાં રે ...આજે... (૭)
સત્ય ધરમના પંથ પ્રકાશ્યાં રે ...આજે... (૭)

નભમંડળમાંથી પુષ્પોની વર્ષા;
આકાશે ગંધર્વો ગુરુગુણ ગાતા;
અનુપમ (અગણિત) ગુણવંતા ગુરુજી અમારા રે ...આજે... (૮)
સાતિશય શ્રુતધારી તારણહારા રે ...આજે... (૮)
ચૈતન્ય-ચિંતામણિ ચિંતિત-દાતારા રે ...આજે... (૮)

સૂરો મધુરા ગુરુવાણીના ગાજે;
સુવર્ણપુરે નિત્ય ચિદ્રસ વરસે;
જ્ઞાયકદેવનો પંથ પ્રકાશે રે ...આજે... (૯)
શાસ્ત્રોના ઊંડા રહસ્યો ઉકેલે રે ...આજે... (૯)

મંગલમૂરતિ ગુરુજી પધાર્યાં;
અમ આંગણિયે ગુરુજી બિરાજ્યા;
મહાભાગ્યે મળિયા ભવહરનારા રે ...આજે... (૧૦)
અહોભાગ્યે મળિયા આનંદદાતારા રે ...આજે... (૧૦)
પંચમકાળે પધાર્યાં ગુરુદેવા રે ...આજે... (૧૦)
નિત્યે હોજો ગુરુચરણોની સેવા રે ...આજે... (૧૦)

***

## (૧૫૬) સ્વાગત... અજોડ ગુરુરાજ....

સોનેરી સૂર્ય સ્વર્ણપુરમાં રે લાલ,
પધાર્યાં કહાન ગુરુદેવ જો ...
ગુરુજીની જોડ જગે નહિ જડે રે લાલ ...(૧)

ગુણો ગહન ગુરુદેવનાં રે લાલ,
અદ્વિતીય અવતાર જો ... ગુરુજીની...(૨)

દિવ્ય મહિમા ગુરુદેવની રે લાલ,
દિવ્યતા ભરેલી ગુરુવાણ જો ... ગુરુજીની...(૩)

દર્શનથી આત્મરુચિ જાગતી રે લાલ,
વાણીથી આતમ પલટાય જો ... ગુરુજીની...(૪)

ગુરુજીની મહિમા હું શું કથું રે લાલ,
અપૂર્વ શ્રુત-અવતાર જો ... ગુરુજીની...(૫)

ભારતખંડમાં વિચર્યાં રે લાલ,
યાત્રા કરી અદ્‌ભુત જો ... ગુરુજીની...(૬)

પાવન યાત્રાએ ગુરુ સંચર્યાં રે લાલ,
પાવન થયો હિન્દ દેશ જો ... ગુરુજીની...(૭)

પુર પુર ગુરુજી પધારિયા રે લાલ,
વાણીમાં ચિત્ ચમત્કાર જો ... ગુરુજીની...(૮)
વાણી ચૈતન્યરસધાર જો ... ગુરુજીની...(૮)

ભવ્યવૃંદ ગુરુને વધાવતાં રે લાલ,
પગલે પગલે પુષ્પમેઘ જો ... ગુરુજીની...(૯)

સસંઘ ગુરુજી સંચર્યાં રે લાલ,
દાસને દેખાડ્યા તીર્થધામ જો ... ગુરુજીની...(૧૦)

શાશ્વતધામનાં દર્શન કર્યાં રે લાલ,
સમ્મેદશિખરનાં દર્શન કર્યાં રે લાલ,
ભાવે પધાર્યાં તીર્થધામ જો ... ગુરુજીની...(૧૧)

સિદ્ધપ્રભુનાં દર્શન કર્યાં રે લાલ,
પામવાને સિદ્ધ સ્વરૂપ જો ... ગુરુજીની...(૧૨)

તીર્થંકરદેવનાં દર્શન કર્યાં રે લાલ,
ત્રણ ભુવનના નાથ જો ... ગુરુજીની...(૧૩)
સાક્ષાત્ ભેટ્યા ભગવાન જો ... ગુરુજીની...(૧૩)

રાજગૃહી સમોસરણ સોહતા રે લાલ,
વીરધ્વનિનાં છૂટ્યા નાદ જો ... ગુરુજીની...(૧૪)

પાવાપુરી રળિયામણી રે લાલ,
વીર પ્રભુનાં સિદ્ધિધામ જો ... ગુરુજીની...(૧૫)

બહુ બહુ તીરથ દર્શન કર્યાં રે લાલ,
નગરે નગરે વધાઈ જો ... ગુરુજીની...(૧૬)

જ્ઞાયકદેવ સમજાવીયા રે લાલ,
ખોલ્યા અપૂર્વ શિવપંથ જો ... ગુરુજીની...(૧૭)

આંબા રોપ્યા સત્ ધર્મના રે લાલ,
ફાલ્યા ભારતમાં ફાલ જો ... ગુરુજીની...(૧૮)

જય વિજય ગુરુદેવનો રે લાલ,
જીવોના જૂથ ઊભરાય જો ... ગુરુજીની...(૧૯)

યાત્રા અપૂર્વ ગુરુ સાથમાં રે લાલ,
મંગલ પ્રતિષ્ઠા અનેક જો ... ગુરુજીની...(૨૦)

આદર્શ કાર્ય ગુરુદેવનાં રે લાલ,
પરમ પ્રતાપી ગુરુદેવ જો ... ગુરુજીની...(૨૧)

ગુરુજી પધાર્યાં આજ સ્વર્ણમાં રે લાલ,
પાવન કર્યું સ્વર્ણધામ જો ... ગુરુજીની...(૨૨)

વિધવિધ સ્વાગત ગુરુદેવનાં રે લાલ,
રત્ને વધાવું ગુરુરાજ જો ... ગુરુજીની...(૨૩)
હૈડે આનંદ ઊભરાય જો ... ગુરુજીની...(૨૩)

મીઠાં સ્મરણો યાત્રા તણા રે લાલ,
મીઠાં જીવનના પ્રસંગ જો ... ગુરુજીની...(૨૪)

નિત્યે ગુરુની ચરણસેવના રે લાલ,
નિત્યે હોજો ગુરુજીનો સાથ જો ... ગુરુજીની...(૨૫)

ધન્ય મંગળ દિન ઊગિયો રે લાલ,
સ્વર્ણે પધાર્યાં ગુરુદેવ જો ... ગુરુજીની...(૨૬)

***

## (૧૫૭) મંગલમયી જિનશાસન ધ્વજ....

શ્રી જિનવરકી દિવ્ય દેશના ફૈલા રહા જહાનમેં,
મંગલમયી જિનશાસન ધ્વજ યે લહરાતા હૈ શાનસે....
લહરાતા હૈ લહરાયેગા લહરા રહા જહાનમેં,
મંગલમયી જિનશાસન ધ્વજ યે લહરાતા હૈ શાનસે ....(૧)

અનેકાંતકી વસ્તુ વ્યવસ્થાકા દ્યોતક જગમેં ન્યારા,
સ્યાદ્વાદ ચિન્હોંસે અંકિત કેસરીયા ધ્વજ અતિ પ્યારા;
મુક્તિ માર્ગકા દિગ્દર્શક યે ભવ્ય કહેં બહુમાનસે,
લહરાતા હૈ લહરાયેગા લહરા રહા જહાનમેં....(૨)

રત્નત્રયકે પાવન નભ પર ફહરાતા હૈ મન ભાવન,
સિદ્ધાલયકી ઔર બઢે જો ઉનકી પરિણતિ હો પાવન;
પાયે ભવિજન ભવકા કિનારા મિલા મુક્તિ સોપાન હૈ,
લહરાતા હૈં લહરાયેગા લહરા રહા જહાનમેં....(૩)

જિનશાસનકી ગૌરવ ગાથાકા યહ બોધ કરાતા હૈ,
નિર્ગ્રંથોંકા અનુગામી હી મહા મોક્ષ પદ પાતા હૈ;
મૈં સ્વભાવસે સિદ્ધ સ્વરૂપી જાગા નિજ સમ્માન રે,
લહરાતા હૈં લહરાયેગા લહરા રહા જહાનમેં....(૪)

સીમંધર સંદેશ સુનાને કુંદકુંદ મુનિવર આયે,
ધન્ય ધન્ય ગુરુવર કહાન નિજ જ્ઞાયક પરિચય કરવાયે;
અધ્યાત્મ ભવન કે જ્ઞાન શિખર પર ફહરા રહા હૈ શાનસે,
લહરાતા હૈં લહરાયેગા લહરા રહા જહાનમેં....(૫)

***

(દસ વર્ષના આત્માર્થીની ભાવના ભરી ભક્તિઓ...)

## (૧૫૮) જ્ઞાયક ભક્તિ....

જ્ઞાયકધારા.... જ્ઞાયકધારા.... જ્ઞાયકમેં બહ જાના... જ્ઞાયકધારા....
જ્ઞાયકધારા.... જ્ઞાયકધારા.... જ્ઞાયકમેં બહ જાના... જ્ઞાયકધારા....

જ્ઞાયકમેં બહ-બહકર તુમ મુક્તિમેં મિલ જાના... જ્ઞાયકધારા....
જ્ઞાયકમેં બહ-બહકર તુમ મુક્તિમેં મિલ જાના... જ્ઞાયકધારા...

મુક્તિપુરીમેં, સિદ્ધપુરીમેં અનંત સુખકો પાના... જ્ઞાયકધારા....
મુક્તિપુરીમેં, સિદ્ધપુરીમેં અનંત સુખકો પાના... જ્ઞાયકધારા....

***

## (૧૫૯) મારો પ્યારો આત્મા....

આત્મા મારો... આત્મા મારો... આત્મા મારો રે,
પ્યારો... પ્યારો... લાગે મને આત્મા મારો રે,

શુદ્ધ છું... બુદ્ધ છું... ચેતન છું હું,
આનંદ... આનંદ... આનંદ... સુખધામ છું હું,

આત્મા મારો... આત્મા મારો... આત્મા મારો રે,
પ્યારો... પ્યારો... લાગે મને આત્મા મારો રે,

***

## (૧૬૦) કહાન વંદન....

ઉજમબાનો વહાલો છે, વૈરાગી એ ન્યારો છે;
આતમ એક પ્યારો છે, એ કહાન તારણહારો છે ... એ કહાન... (૨)

બાળકોને ગમતો છે, ચમકતો એ તારો છે;
ૐ ધ્વનિને લાવ્યો છે, તીર્થંકર થનારો છે ... તીર્થંકર... (૨)

સીમંધર સુભક્ત છે, વીરપ્રભુ સુપુત્ર છે;
કુંદામૃત વારસ છે, વંદન વારંવાર છે ... વંદન... (૨)

***

## (૧૬૧) ભાવના....

મોક્ષપુરીના પથિક એવા, મુમુક્ષુ વહેલા આવજો ....(૧)....

દેવ-ગુરુનાં દર્શન કરીને, જૈનધરમ શોભાવજો ....(૨)....

શાસ્ત્રનો સ્વાધ્યાય કરીને, ગુરુનું નામ શોભાવજો ....(૩)....

મનમંદિરમાંથી કચરો કાઢીને, ગુરુદેવ નામ દીપાવજો ....(૪)....

મિથ્યાત્વભાવનો નાશ કરીને, સમકિત પદને પામજો ....(૫)....

સ્વપરનું ભેદજ્ઞાન કરીને, આત્મકલ્યાણ કરજો ....(૬)....

ચૈતન્યરસમાં રંગાઈ જઈને, આતમ ભાવના જગાવજો ....(૭)....

આતમ ભાવના ભાવતાં ભાવતાં, સ્વભાવમાં સ્થિર થાજો ....(૮)....

રાગ-દ્વેષનો ત્યાગ કરીને, સમતા ભાવ સોહાવજો ....(૯)....

મોહમહાતમ નાશ કરીને, આતમદેવ અજવાળજો ....(૧૦)....

આનંદરસનું પાન કરીને, ભવથી પાર ઊતરજો ....(૧૧)....

જય જિનેન્દ્ર, જય જિનેન્દ્ર, કાલે વહેલા આવજો ....(૧૨)....

અમારા સહુને જય જિનેન્દ્ર, કાલે વહેલા આવજો ....(૧૩)....

***

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી દિગંબર જૈન

પૂર્ણ નિર્મળતા

જ્ઞાન

દર્શન

ચારિત્ર

દિવાળી યાત્રા ગ્રુપ